શ્રુતમાળા તૃતીય પુષ્પ.

સ્વર્ગસ્થ માતા " કુશલિની " ના સ્મરણાર્થ.

# पुत्रधर्म.

શ્રીયુત સુજ્ઞ શેઠ અમરચંદ માધવજીની અનુમતિ

તથા સહાયતાથી લખનાર;


વૈદ્યકવિ દુર્લભ વિ. શ્યામ ધ્રુવસુત

જીવન.


## मातृदेवो भव । पितृदेवो भव ।


પ્રકાશક,

વૈદ્યકવિ દુર્લભ વિ. શ્યામ ધ્રુવ એન્ડ સન્સ.

ખ્રિસ્તાબ્દ ૧૯૦૮—વિક્રમાબ્દ ૧૯૬૪

જગદીશ્વર પ્રેસમાં મુદ્રાંકિત કર્યું.

મૂલ્ય:—આના દશ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર્વ હક્ક પ્રકટકર્તાએ સ્વાધીન રાખ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## અર્પણપત્રિકા.

શ્રીયુત સુજ્ઞ શેઠ,

જીવનદાસ પીતાંબર.

આપની માતૃપિતૃભક્તિ, સત્યપરાયણતા, સુજનતા, વિવેકવિચાર શક્તિ, અને જનહિતપર વૃત્તિ મારા આપની સાથના દીર્ઘકાળના પરિચયદ્વારા આનંદસહ અવલોકી, આપનું નામ આ **પુત્રધર્મ** પુસ્તક જોડે સંયોજીત કરવા કેટલોક વખત થયાં મને સહજ સ્ફુરણા થઇ હતી અને આજે તેની સફળતા થવાથી હું મને ધન્ય માનું છું.

અક્ષય તૃતીયા<br>૧૯૬૫.<br>કોટ, મુંબઇ.

ભવદીય<br>પ્રકટકર્તા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



શેઠ જીવનદાસ પીતાંબર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આ પુસ્તકને માટે કેટલાક વિદ્વાનોના મળેલા અભિપ્રાયો.

આપનું બનાવેલું પુત્રધર્મ નામક પુસ્તક મેં વાંચ્યું છે. જે ઉદ્દેશથી લખાયલું છે તે યથાસ્થિત પાર પડેલો છે. ધર્મ, ધરા અને ધેનુ પ્રત્યે પૂજ્યભાવ ને ભકિત ઉત્પન્ન થશે ત્યારેજ આપણો ઉદય થશે; તેમાં જેટલી શિથિળતા થઇ છે તેટલું દુઃખ પ્રતીત થાય છે. આપે લીધેલો શ્રમ સફળ થયો છે. આધારો અંગ્રેજી તથા સંસ્કૃત સાહિત્યમાંથી શોધી ઉત્તમ રૂપમાં મૂકેલા છે. સર્વ શાસ્ત્રોનો સિદ્ધાન્ત માતૃપિતૃભકિત રાખવાનો છે. આપનું પુસ્તક દરેક વર્ણના સ્ત્રી, પુરૂષ, બાળ, યુવાન, તથા વૃદ્ધને વાંચવા લાયક છે. ભાષા સરળ છે. સ્થળે સ્થળે તમારો માતાપિતા પ્રતિનો પૂજ્યભાવ પ્રકટ દેખાય છે. પરમાત્મા તમારો પ્રયત્ન સફળ કરો અને સદા તમને વિજય આપો એજ ઇચ્છું છું.

મોરબી આર્ય સુબોધ નાટક મંડળી.<br>મુંબઇ, કોરોનેશન થીએટર.<br>તા૦ ૨૨–૧૨–૧૯૦૭

શુભેચ્છક,<br>હરિશંકર માધવજી ભટ્ટ;<br>(ભકતરાજ અંબરીષ નાટકના પ્રયોજક.

---

"તમારો આ પ્રયાસ ઘણોજ સ્તુત્ય છે. ગુર્જર ભાષામાં જે પુસ્તકની ખરેખર ખોટ હતી તે આ ' પુત્રધર્મ ' પુસ્તકે પૂરી પાડી છે. સામ્પ્રત સમયમાં કુળ, વર્ણ આશ્રમ, પતિ, પત્ની, રાજા, પ્રજા, સેવ્ય, સેવક તથા પુત્રાદિના ધર્મોની પ્રણાલિકા કેવળ ત્રુટી ગઇ છે. હાલકાળ અત્યુપકારક માતાપિતા પ્રત્યે પુત્રો અપકારી નીવડે છે એ કાંઈ જેવો તેવો શોચ નથી. જો સુજ્ઞ શ્રીમાનો આ પુસ્તકની વિશેષ પ્રતો ખરિદ કરી યુવકોમાં લ્હાણી કરે તો કેટલીક લૌકિક તથા પારલૌકિક દુઃસ્થિતિ થતી અટકે, એવો મારો સ્વતંત્ર અભિપ્રાય છે.

પુસ્તક સારી શૈલીથી લખાયું છે તથા તમારા અંતઃકરણમાંથી નીકળેલા ઉદ્દગારો દ્રષ્ટાંત સિદ્ધાન્તથી પરિપૂરીત છે. એક ઉછરતા યુવકને આવા સમયમાં આવું ઉપયોગી પુસ્તક લખવાની સૂજ પડે એ પૂર્વના પરમ સંસ્કારનુંજ ફળ કહેવાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છેવટે મારે જણાવવું જોઇએ કે તમારા પિતાનો વારસો તમારામાં ઉતરેલો જોઈ હું વળી વધારે સંતોષ પામ્યો છઉં; અને ઇચ્છું છું કે તમે તમારા આવા યત્નમાં સદા સફળતા મેળવો."

મુંબઇ, તા૦ ૭-૧-૧૯૦૮. શાસ્ત્રી જીવરામ લલ્લુભાઈ.

(રાયકવાલ)

---

"એક માસિક પત્રમાં કટકે કટકે પ્રસિદ્ધ થયેલો આ લેખ તેના ચંચળ યુવાન ઉછરતા લેખક તરફથી જોવા મળ્યો હતો. લેખનો વિષય એવો વિશાળ છે કે તેનાપર ઘણુંએક લખી શકાય. એનાપર નજર કરતાં જણાય છે કે આ લેખ તૈયાર કરવામાં લેખકે ઘણી મહેનત લીધેલી હોવી જોઇએ. અંગ્રેજી અને સંસ્કૃત ગ્રંથોમાંથી જે અવતરણ ટાંકેલાં છે તે કાળજીથી પસંદ કરેલાં છે. માબાપ અને સંતતિ વચ્ચે જુદા જુદા સંયોગોમાં કેવું વર્તન થવું જોઇએ તે વિષે સારો બોધ આપેલો છે. હિંદુ કુટુંબમેલાની મોટી ખામી એ છે કે કુટુંબના પ્રત્યેક અંગના જુદા સ્વાર્થ હોઇ તેઓ વચ્ચે કલહ પેદા થાય છે; અને માબાપ અને પુત્રોનાં મન ઘણીવાર એક બીજાથી ઉંચાં થાય છે. આ પ્રમાણે બનવાથી તેમનો સંસાર દુઃખરૂપ નીવડે છે. આ ન્હાના લેખમાં બતાવ્યા મુજબ માતા, પિતા, પુત્ર, પુત્રવધૂ સર્વે પોતપોતાનું કર્તવ્ય અને ફરજો વિચારી વર્તે તો કુંટુંબમેળા સામે જે વાંધો લેવામાં આવે છે તે કમી થાય.

ભાષા શુદ્ધ અને આડંબર વિનાની છે. વિષયનું સમર્થન કરવાને જે ન્હાની વાર્તાઓ મુકી છે તે દ્રષ્ટાંતરૂપકમાં હોવાથી ઉપદેશક થઇ પડશે.

અમને આશા છે કે આ તરૂણ વિદ્વાન સાહિત્યના સાગરમાં ભવિષ્યમાં આથી વધારે લાંબી સફરો કરશે.

વિશ્વનાથ પ્ર૦ વૈદ્ય;

૯-૧-૧૯૦૮ બી. એ. એમ. આર. એ. એસ.

બારીસ્ટર એટલો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"માતાપિતાની પોતાના બાળકોને ઉછેરવા, પોષવા તથા સંતોષવા માટેની શરીરસેવા તથા અંતઃકરણની કાળજીનું એવું સારૂં વર્ણન કરવામાં આવ્યું છે તથા તેમના આત્મ-સમર્પણયુક્ત અલૌકિક 'વહાલ'નું એવું સચોટ તથા રસીલું ચિત્ર આપવામાં આવ્યું છે કે કઠોર હૈયાના પુત્રનું હૃદય પણ આ પુસ્તક વાંચીને આર્દ્ર થયા વિના અને તેનામાં કૃતજ્ઞતાની લાગણી ઉદ્ભવ્યા વિના અને જાગૃત થયા વિના રહે નહિ એમ મારૂ માનવું છે. વળી સંસ્કૃત શ્લોકોના પદ લાલિત્યથી તેમજ અંગ્રેજ કવિયોના ભાવનાસૌંદર્યથી એ પુસ્તકને અલંકૃત કરવામાં આવ્યું છે; તેથી તેમજ વૈદ્યકવિ દુર્લભ શ્યામ ધ્રુવની મનોહર પદ્ય વાણીથી તે વધારે ચિત્તાકર્ષક થયું છે; તથા તેની ઉપયોગિતામાં વધારો થયો છે. ઉછરતી પ્રજામાં જાણ્યે અજાણ્યે પણ પ્રાશ્ચાત્ય વિચારોના સંસ્કાર પડવાનો સંભવ છે; તેઓ આ ગ્રંથનું મનન કરશે તો આપણા પ્રાચીન અને પૂજ્ય ઋષિ મુનિયોની દેવ-વાણી તથા દિવ્ય ભાવનાથી તેઓનાં હૃદય પવિત્ર થશે તથા રંગાશે તથા કુટુંબમાં અધિક આર્યત્વ અને અવિભક્તપણું સ્થપાશે; અને જેટલે અંશે એ પ્રમાણે થશે તેટલે અંશે ઉક્ત લેખ સફળ થયેલો ગણાશે.

હવે અહિંથી આગળ વધી સૂચના કરવાની રજા લઉં છું કે સઘળી કોમો સમજી શકે એવી સાદી અને સરળ ભાષામાં કુટુંબ વાત્સલ્ય તથા દેશ વાત્સલ્ય ઉપર કર્તા એક આટલાજ કદનો નિબંધ રચશે તો હાલના સમય માટે તે અધિક ફળપ્રદ નીવડશે એવી આશા બંધાય છે."

સુરત ૫-૨-૧૯૦૮ ગણપતરામ અનુપરામ ત્રવાડી.

---

'પુત્રધર્મ' એ વિષયપર રચાયેલું ગદ્યાત્મક પુસ્તક મેં સઘળું વાંચી જોયું છે; કર્તાની ઉમ્મર તરફ લક્ષ દેતાં આનંદ થાય છે. એ પુસ્તકની ભાષા સંસ્કાર પામેલી, શુદ્ધ અને સરળ છે. વિષયની શૈલી ઊંચા પ્રકારની અને શનૈઃ શનૈઃ વાચકવર્ગને ઊંચા ધોરણ ઉપર લેઇ જાય એવી છે. દૃષ્ટાંતો અનુભવયુક્ત તથા કસાયેલી કલમથી લખાયલા હોય તેમ લાગે છે.

આ પુસ્તક ગુર્જર ભાષામાં લખાતાં પુસ્તકોમાં એક સારી જગ્યા રોકે છે; અને નીતિ રીતિ સંબંધી સદુપદેશ કરે છે. આવાં પુસ્તકોના વાચનથી આર્યમહિલા તથા આર્યબંધુઓને અનેક રીતિયે જ્ઞાનનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાગ્ય મળી શકે તેમ છે. આવાં પુસ્તકોને સુજ્ઞો તરફથી ઉત્તેજન મળવું જોઈએ.

માધવબાગ; મુંબઇ. સદ્ધર્મ ભાસ્કર માણેકલાલ અમૃતલાલ દવે,
સી. પી. ટેંકરોડ ૧૮-૨-૦૮

---

'પુત્ર ધર્મ'નું આપનું પુસ્તક વાંચી ઘણો આનંદ થયો છે. આપે આપના હૃદયના સદ્દ્ગારોને જે સ્વરૂપ આપી પુત્ર ધર્મરૂપ કુંડમાં રેડયા છે તેનો આસ્વાદ દેશોદ્ધારની જીજ્ઞાસુ આપણી હિંદની પ્રજાને અવશ્ય અમૃત તુલ્ય થશેજ. આપની ભાષા શૈલી અને તેમાં વચ્ચે વચ્ચે આપના સુપિતાના કાવ્યો જાણે સુવર્ણતારમાં મુકતાફળ શોભતાં હોય તેવાં લાગે છે. હું તો માનું છું કે આ પુસ્તકનું એક વખતનું પણ વાંચન હૃદયના ઊંડા ભાગમાં પહોંચી સદ્દવૃત્તિને જાગૃત કર્યા વગર રહે તેમ નથી. આપનો પ્રયાસ સફળ હો એમ અંતઃકરણપુર્વક ઈચ્છું છું. મને લાગે છે કે આપના પિતા તરફ ધર્મ બજાવતા પુત્રધર્મેજ આ ઉત્તમ પુસ્તક આપની પાસે લખાવ્યું હોય.

શુભચિંતક

૧૪૭, ગુલાલવાડી, પંડિત લાલન;

મુંબઇ. બાબુ પન્નાલાલ પુનમચંદ હાઈસ્કુલના

તા. ૨૩-૨-૧૯૦૮. ધર્માધ્યાપક.

---

'પુત્ર ધર્મના' પ્રુફ મેં વાંચી જોયાં. નિબંધની ઉપયુકતતાવિષે બે મત હોઈ શકે એમ છેજ નહિ. લેખકના માતપિતા તરફના ઉચ્ચ ભાવનાના સંસ્કારો ઠામ ઠામ પ્રતીત થતા જણાય છે. જે અધિકારીને ઉદ્દેશીને નિબંધ લખ્યો છે તેમના ઉપર માબાપ પ્રતિ ભકિતભાવની છાપ પાડવાનો યત્ન ઘણો સારો થયો છે. જો દ્વિતીયાવૃત્તિમાં આથી પણ ભાષા વધારે સરલ કરવામાં આવે તો લખનારનો હેતુ અધિક યશસ્કર નીવડશે એમ હું માનું છું.

શુભચિંતક,

હરિકૃષ્ણ લાલશંકર દવે,

(ગોંડલના નામદાર ઠાકોર સાહેબ સર ભગવતસિંહજીના

માજી પ્રાઈવેટ સેક્રેટરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'પુત્રધર્મ' પુસ્તક વાંચીને અત્યાનંદ થયો છે. કુપુત્રોનાં કુચરિત્રોનું નિદર્શન એમાં મનોહારક રીત્યા કરાવવામાં આવ્યું છે. ગૃહસ્થાશ્રમમાં પ્રથમ પગલું ભરતાંજ દરેક તરૂણે આ પુસ્તકનો ખાસ અભ્યાસ કરવો ઘટે છે અને એમાં દર્શાવ્યા પ્રમાણે પુત્રધર્મનું પાલન કરવું ઘટે છે. કારણ કે ઇહલોકમાં માબાપ એ દરેક પુત્રના પરમોપકારક સજીવ દેવો છે.

પુસ્તકની ભાષા વિશિષ્ટ પ્રકારની છે. દરેક વિષયવસ્તુમાં ઊંડા ઉતરીને માર્મિક દ્દષ્ટીથી વિવેચન કરવામાં આવ્યું છે. કયાંક કયાંક જે ચિન્તવેધક દ્દષ્ટાંતો અપાયલાં છે તે અતિશય ઉપયોગી છે. પુત્રધર્મ જેવા અગાધ વિષયમાં તમે તમારા જે વિચારો દર્શાવ્યા છે તે સર્વ તાત્વિક તથા ધાર્મિક સિદ્ધાન્તોને અનુરૂપ છે. કિં બહુના? માબાપ અને પુત્રનો દિવ્ય સંબંધ, માબાપની સેવામાં પ્રતિરોધક તથા અનુમોદક કારણો, ઇત્યાદિપરની ચર્ચા મનનીય છે. આ પુસ્તક પ્રત્યેક ગૃહની પુસ્તકશાળામાં હોવું જોઇએ અને શ્રીમદ્વર્ગે અયુકત વ્યયથી અટકી, આવાં પુસ્તકોનો પ્રચાર જનસમાજમાં કરવો જોઇએ કે જે કાર્ય પણ પુણ્યપ્રદ અને ધર્મ્ય છે.

શિવમ્,

| | |
|---|---|
| પીકેટરોડ—કાલબાદેવી<br>ભાટિયા મહાજનવાડી<br>તા૦—૫—૩—૧૯૦૮. | શાસ્ત્રી નરહરિશર્મા વિષ્ણુ ગોડસે.<br>શ્રીમદ્ભગવદ્ગીતા પાઠશાળાના અધ્યાપક |

---

મુંબઈ તા૦—૯—૩—૧૯૦૮.

તમારૂં લખેલું પુસ્તક હું વાંચી ગયો છું. તમારા જેવા નાની ઉમરના લેખકની કૃતિ જોતાં, તમે બહુ ઉત્તમ રીતે લેખ લખેલો છે અને દરેક રીતે ઉત્તેજનને પાત્ર છો.

લિ૦ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. એમ. એ. એલ. એલ. બી.

(મુંબઈની સ્મૉલકૉઝ કોર્ટના જજ.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શાન્તિસુધાકર ઐાષધાલય.

અમારા તરફથી લોકોની સગવડને માટે નીચે લખેલે ઠેકાણે એક દવાખાનું ખોલવામાં આવ્યું છે ત્યાં દરદની ખરી પરીક્ષા કરી યોગ્ય દવા તથા સલાહ આપવામાં આવે છે એટલુંજ નહિ પણ શાસ્ત્રવિધિથી તૈયાર કરેલાં કિમ્મતી ઐાષધો કે જે જીંદગીને વધારનારાં તથા જડ ઘાલી બેઠેલા રોગને મટાડનારાં અનુભવથી સિદ્ધ થઇ ચુકેલાં છે તે પણ વાજબી કિમ્મતે વેચાતાં મળે છે. ટુંકામાં અમે એટલુંજ જણાવવાની રજા લઇએ છીએ કે હાં આ વખત સુધી કંટાળીને નિરાશ થયલા દરદીયે ફકત એકજ વખત રૂબરૂમાં અમને મળી જઈ અગર તેમ ન બની શકે તો ઘેર બોલાવીને પણ અમારી સલાહ લેવી.

ઠેઃ—કોટ, હોળીચકલો, જીવરાજ બાલુનો માળો.

રતિલાલ ડી. ધ્રુવ.

## ☞ ઉપર લખેલે ઠેકાણે તૈયાર મળતાં ઐાષધોની થોડીક યાદી.

જીવન—બાળકો, સ્ત્રીઓ તથા વૃદ્ધોને એક સરખું ઉપયોગી આ એક સ્વાદુ ચાટણ છે. આપણી સ્વદેશી વનસ્પતિયોમાંથી તે બનાવવામાં આવે છે અને નામ પ્રમાણે ગુણ ધરાવનાર જો કોઈ પણ ઐાષધ હોય તો તે એક આજ અનુભવસિદ્ધ ચાટણ છે. દુર્બળતા, રકતનાશ, પાંડુ, વીર્યશ્રાવ, પિત્તવૃદ્ધિ, ગત સ્મરણશકિત, પ્રદર, બંધકોશ, શ્લેષ્મપિંડના વ્યાધિયો, સંગ્રહણી આદિ અનેક રોગોને માટે કદિ પણ નિષ્ફળ ન જનાર ઉત્તમ ઉપાય છે. ટુંકામાં અશકિતને માટે તથા જે દરદીને કાંઈ પણ ખોરાક માફક ન આવતો હોય ત્યારે આ ઐાષધ આશીર્વાદ સમાન છે; અર્થાત્ તે એક ઉત્તમ ખોરાક (Food) ની ગરજ સારે છે.

**કિમ્મત અર્ધા રતલનો રૂપયો એક—એક રતલના પોણા બે.**

દ્રાક્ષારસ—પાચન શકિતને મદદ કરનાર, લોહીને સુધારનાર, છાતી (સીના) ને મજબુતી આપનાર, નબળાઇ તથા સુસ્તીને દૂર રાખનાર અને સ્વપ્ન વગરની ઊંઘ લાવનાર આ એક નિર્દોષ પ્રવાહી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. એના સેવનથી કબજીયત, દમ, શરદી તથા ખાંસી બિલકુલ મટી જાય છે અને ચડતો થાક પણ ઉતરી જાય છે. જેના શરીર પર અશક્તિને લીધે શીત ઢળે છે તેના અંગમાં પૂર્વવત્ પુનઃ સ્ફુર્તિ લાવે છે, દારૂના વ્યસનથી કંટાળેલ માટે આ આસવ ખાસ ઉપયોગી છે.

## કિમ્મત બાટલી એકનો રૂપિયો દોઢ.

મકરધ્વજ ગુટિકા—( સોનેરી ગોળીયો ) આમાં કસ્તુરી, સોનાનાં પાનાં, ચન્દ્રોદયાદિ ઉત્તમ અને કિમ્મતી ઔષધો આવે છે. આ એક શાસ્ત્રોકત વાજીકરણ ઔષધ છે. એથી ષંઢત્વનો નાશ થાય છે અને ગુમ થયેલી સર્વ પ્રકારની શક્તિયો ફરી પ્રાપ્ત થાય છે.

## પાંચ રૂપિયાની ગોળી પચાસ.

બળવર્ધક પાક—ધાતુક્ષીણતા, મંદાગ્નિ, અરૂચિ, વાયુ, અંગકંપ, અશક્તિ તથા જીર્ણ જ્વરથી આવેલી નિર્બળતાને મટાડે છે શિયાળા તથા ચોમાસાની ઋતુ માટે વૈદકશાસ્ત્રથી નિર્મિત છે.

## રતલ એકના રૂપિયા બે.

પાચન—આ સ્વાદિષ્ટ ચૂર્ણ લેવાથી મોંમા આવતી મોળ, હમેશની બાદી તથા અરૂચિ તરત મટે છે. મુસાફરી તથા ઘર આંગળ એક સાદી દવા તરીકે તેની હાજરી બેશક કિમ્મતી છે.

## બાટલીના આના આઠ.

સુદર્શન—જુના તથા નવા તાવને માટે આ એક નિર્ભય અને પ્રસિદ્ધ ઉપાય છે. દરેક ગૃહસ્થે પોતાના ઘરમાં અવશ્ય રાખવું જોઇએ. સતત જો આનો ઉકાળો પીવાય તો મરકીનું ભય રહેતું નથી એવી ખાત્રીઓ મળેલી છે.

## રતલ પાનો રૂપિયો એક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## અમારા તરફથી પ્રકટ થયલાં પુસ્તકો.

**શિક્ષક:**— ( બીજી આવૃત્તિ હવે પછી ) ૨-૦-૦
**દુર્લભ દ્રવ્ય:**—( છપાય છે. ) ૨-૦-૦
**પ્રેમકોર:**— કન્યા વિક્રય નિષેધ દર્શક તથા વિવિધ વિષયોનું જ્ઞાન આપનાર અસર ઉપજાવનારૂં નાટક. સાક્ષરોના અભિપ્રાયો મળેલા છે. ૧-૦-૦
**આચાર દર્શન:**-પ્રાચીન અર્વાચીન આચાર વિચારોનું તાદૃશ ભાન કરાવનાર નાટક. ( છપાય છે. ) ૧-૦-૦
**પ્રભુપ્રાર્થના**— બીજી આવૃત્તિ ( છપાય છે. ) ૦-૬-૦

બ્રહ્મચર્ય મહિમા.
ભારત શતક.
હિંદની હાલત.
અનાર્ય સ્ત્રીનાં લક્ષણ.
અનાર્ય પુરૂષનાં લક્ષણ.
સન્માર્ગ મહિમા.
કેફ નિષેધક.
સ્વદેશ શતક.

ધર્મ તથા સ્વદેશાનુરાગી શ્રીમાન ગૃહસ્થોએ જથ્થાબંધ ખરીદી મફત વહેંચવા લાયક લોકોપયોગી.
દરેક સો પ્રતના માત્ર ચાર રૂપીયા

## ऋषिविद्या मासिक पत्र.

પ્રત્યેક માસે પ્રકટ થાય છે. વર્ષ વૈશાખથી બેસે છે. ધર્મ, નીતિ, આચાર, વિચાર, વ્યવહાર, પરમાર્થ તથા સ્વદેશોદય સંબંધી અનેક લેખો, નિબંધો, કાવ્યો, નાટકો, તથા કથાઓ લખાય છે.

વાર્ષિક લવાજમ ટપાલ સુદ્ધાં માત્ર સવા રૂપિયો.

વિદ્યાર્થિ, સ્ત્રી, લાઈબ્રેરી, શિક્ષક તથા ગરીબ પાસેથી માત્ર બાર આના.

પત્ર વ્યવહાર નીચેને શિરનામે કરવો.
વૈદ્યકવિ દુર્લભ વિ. શ્યામ ધ્રુવ;
બજારગેટ, કોટ; મુંબઇ.

“ જૈન વિજય પ્રેસ ”

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# पुत्रधर्म.

## मंगलाचरण.

### કલ્યાણ.

પ્રથમ નમન કરૂં વિશ્વંભરને,—  ધ્રુવ.
દ્વિતીય નમન પિતુમાત પ્રવરને—  પ્રથમ.
તૃતીય નમન શારદ માતાને, ચતુર્થ ગુરૂ સુખકરને;
પંચમ વંદન કરૂં પ્રેમથી, પ્રેમલ પંડિતપરને—પ્રથમ.
ષષ્ઠ નમન ગુણના જ્ઞાતાને, સપ્તમ સદ્‌ગુણિ ધરને,
દુર્લભ અષ્ટમ નમન કરે છે, દેશહિતૈષી નરને—પ્રથમ.

### પદ.

નમન કરૂં હું નયનાયકને;
સંકટના સાચા સ્હાયકને-  નમન.
નાના ગુપ્ત પ્રકારો યોજી,
સુખ પ્રાપક શુભમતિદાયકને-  નમન.
આત્મસૃજિત આ સૃષ્ટિના સૌ,
જીવોના હિતના ધ્યાયકને-  નમન.
દંડ કરે છે દુર્જનને જે,
શોભન આવે જે લાયકને-  નમન.
સુજન સમીક્ષક સ્નેહ સુધાસર,
આત્મભક્તના ગુણ ગાયકને-  નમન.
સકળ જીવના જીવનરૂપી,
અમરાત્માના આધ્યાયકને-  નમન.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ઉદ્દેશ.

સાંપ્રત સમય કેવો આવવા લાગ્યો છે? યુવકો પોતાનું કર્તવ્ય કેટલેઅંશે ભૂલી ગયા છે અને કેવા અયોગ્ય પ્રકારને વશ થઇ વર્તે છે એનું દિગ્દર્શન આવા વખતમાં અતિ અવશ્યનું તથા ઉચિત છે. ધર્મના સુખપ્રદ માર્ગથી લોકોને આ મોહમય જમાનામાં સરી પડવાને જરા પણ સમય લાગતો નથી. વિદ્યાની ગતિ અનેક પ્રકારે અનિષ્ટ દિશામાં વહન કરે છે. विद्याददाति विनयम् । વિદ્યા વિનયને આપનારી છે; તો તેનો વિનય આજ ક્યાં છે? આજે વિદ્યાની વ્યાખ્યા કોણ સમજીને પાળે છે? આજે વિદ્યા મેળવીને કોણ ગર્વિષ્ટ નથી થતો? વિદ્યા સંપાદન કરવાનું ફળ શું? વિનય. આ વિનયનું અસ્તિત્વ લુપ્તજ થયું છે. હાલકાળમાં વિનયનું શુદ્ધ સ્વરૂપ શું ભૂલાઇ ગયું નથી? કદાચ કોઇ વિદ્યાવાળો પુરૂષ વિનય રાખે છે તો તે શું વિનય અંતઃકરણમાંથી ઉભરાતો વિનય છે? અને જો તેમ નથી તો માત્ર દેખાડવાનો વિનય પણ કેવા પ્રકારનો, કેટલો અને શા કારણથી તે રાખે છે? આ પ્રશ્નો ભણી સૂક્ષ્મદૃષ્ટિથી ધ્યાન આપવાની જરૂર છે. આવાં પ્રશ્નો ઉઠતાં, તેનું નિરાકરણ કરવાના હેતુથી જે વિચાર આરંભાયો તેનું ફળ પ્રસ્તુત પુસ્તક છે.

સુશિક્ષિત અથવા તો અશિક્ષિત પણ પ્રત્યેક પુત્ર પોતાના માબાપની યોગ્ય આજ્ઞા પાળવાને તથા તેની સેવા કરવા ધર્મથી, નીતિથી તથા સૃષ્ટિના સામાન્ય અને વિશેષ નિયમથી બંધાયલો છે. આ બંધન પ્રાચીન પરંપરાનું છે અને શાસ્ત્રકારોએ એ કર્તવ્યને મુખ્ય અગત્ય આપી છે. આપણી અનાથ અવસ્થામાં આપણી બહુ સંભાળ લઇ માબાપો આપણને ઉછેરે છે; અને તેજ માબાપોને પાછળથી ભૂલી જવા એ અધમમાં અધમ અનુપકારિત્વ છે. આપણે કમાવા જેવી સ્થિતિમાં પ્રવેશ કરીએ ત્યારે માબાપોના પરિશ્રમનો બદલો વાળવાનું આરંભવું જોઇએ. બાલ્યાવસ્થામાંથીજ એઓ પ્રતિ અનન્ય ભક્તિભાવ રાખવાની વાંચ્છના રાખવી અને મોટપણે શત્રુતા આદિથી ન વર્તવું. માને ઘરનું કાર્ય કરવામાં અશક્ત થયેલી જોઇ અને બાપને દ્રવ્યોત્પાદક ઉદ્યોગથી વિરામ પામેલો જોઇ જે પુત્ર તેઓની અવગણના કરે છે તે માબાપનો સંપૂર્ણ શત્રુ છે. એ માબાપોએ આપણે માટે શું શું કર્યું છે તે ધ્યાનમાં લેતાં આપણી મીંચાઇ ગયેલી આંખ ઉઘડે છે. પ્રથમ તો અપત્યનો જન્મ થાય છે ત્યારેજ માબાપ આનંદની પરમ કોટિ પામે છે; ઘરમાં વિવિધ ઉત્સવો કરે છે, સ્નેહિ વર્ગ તથા પરિજન વર્ગ તરફથી 'વધામણા'ના શબ્દો સાંભળી પોતાની અત્યંત પ્રસન્નતા પ્રદર્શિત કરે છે, નિકટના વાસિયોમાં ગોળધાણાં વહેંચાવે છે; પછી યોગ્ય ઉમ્મરે વિદ્યાભ્યાસમાં યોજે છે અને વિદ્યાભ્યાસ પૂર્ણ થયે વ્યાવહારિક નીતિમાં કુશળ કરી ગૃહસ્થાશ્રમ મંડાવે છે. આ બધા ઉપકારોનું સ્મરણ સત્પુત્રે કર્યાજ કરવું. આ વસ્તુ તેના હૃદયમાં વધારે ને વધારે માબાપ પ્રત્યે ભક્તિ ઉત્પન્ન કરશે. જગતમાં સર્વગુણસંપન્ન કોઇ મનુષ્ય પ્રાણી નથી. તે ગુણ માત્ર વિશ્વનિયામકમાંજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપસ્થિત છે. ઉક્ત નિયમને લીધે માબાપોમાં પણ કેટલાક દોષ હોય; તદપિ તે પ્રત્યે સત્પુત્રે બિલકુલ લક્ષ ન આપવું; એટલુંજ નહિ પણ "મારા માબાપનું વર્તન કેવું છે"? એવો ભાવ પણ મનસ્માં આવવા ન દેવો. માત્ર સુચરિતોને સ્મરવાં અને તે પ્રમાણે વર્તવું એ સત્પુત્રને ઘટે છે. ઘણીવાર પૂજ્ય પુરૂષોના દોષો પારકાને મ્હોડેથી સાંભળવાથી આપણું તે પૂજ્ય પુરૂષો માટે હલકું મત બંધાય છે; આવું બનવા ન પામે તે માટે ડાહ્યા પુરુષો, જ્યાં પોતાના પૂજ્યોના ચેષ્ટિતપર વાત થતી હોય ત્યાં ગમન પણ નથી કરતા અને તત્સંબંધી સાંભળતા પણ નથી; કારણ કે:—

न केवलं यो महतोऽभाषयते शृणोति तस्मादपि यः स पापभाक् ।

મોટા પુરૂષની નિંદા કરનારજ માત્ર પાપી થતો નથી પણ તેની પાસેથી સાંભળનારને પણ પાપ લાગે છે.

હમેશાં મનુષ્યોએ પોતાનું લક્ષ્યસ્થાન શ્રેયો વસ્તુ તરીકે રાખવાનું છે કે જે આત્માની ઉન્નતિકર્તા થઇ પડે છે. માબાપની પ્રવૃત્તિઓ અનેકધા પોતાના બાલકોને સુખી કરવા માટે હોય છે અને પુત્રોએ શ્રેયસ્સંપાદનાર્થે પોતાની પણ સર્વ પ્રવૃત્તિઓ માબાપને સુખી કરવા યોજવી જોઇએ. એક નિબંધકાર લખે છે કે;—

" All their aims, all their hopes and all their efforts are centred in us. Would it not be the basest ingratitude on our part not to make some return for these favours and benefits ?...........Gratitude is the first step towards moral progress........—ingratitude is one of the blackest crimes that we can be guilty of. "

તેઓની સઘળી લિપ્સાઓ, તેઓની સઘળી આશાઓ અને તેઓના સઘળા પ્રયત્નો આપણા માટે હોય છે. આ લાભો અને ઉપકારોનો જરા પણ બદલો ન વાળવો તે શું અધમમાં અધમ અનુપકારીપણું નથી? નૈતિક ઉત્કર્ષ કરવા માટે ઉપકારવૃત્તિ એ પ્રથમ પગલું છે. કોઇનો ઉપકાર ભૂલી જવો તે અતિ નિંદ્ય અપરાધ છે.

દુનિયાની દરેક પ્રજામાં માતાપિતા માટે બહુ માન છે. અધુના ભારતવર્ષમાં લોકો માતાપિતાનું ગૌરવ વિસ્મરવા લાગ્યા છે. પાશ્ચિમાત્ય અપૂર્ણ વિદ્યા લઇને તૈયાર થયેલા તરૂણો સામાન્ય અંશે માબાપોને મજુરવર્ગ કરતાં વિશેષ ઉચ્ચ ગણતા હોય એમ દૃષ્ટિગોચર નથી થતું. તેઓ સુધરેલી પ્રજાનું જોકે અનુકરણ કરવાની હિમ્મત ધરે છે તો પણ તે તેઓનું અનુકરણ એકતરફી છે. તેઓના હૃદય અને સ્વભાવ ક્ષુલ્લક હોય છે. ચાળણીની પેઠે તેઓનાં ચિત્ત સારી સારી વસ્તુઓ પોતામાંથી કાઢી નાખે છે અને ચૂલું, ફોતરાં પોતે લઇ લે છે. આમ આર્વેને ન છાજે તેવા પાશ્ચિમાત્ય પ્રકારોનું અનુકરણ આ દેશમાં દાખલ થયું છે, જયારે તે પ્રજાના સારા અને વિશિષ્ટ ગુણોનું અનુકરણ આપણે જરાપણ કરતા નથી. એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેવું હાસ્યાસ્પદ, શોકાસ્પદ છે ? યુરોપીય સુધારાનો કચરો તે આ દેશના સુધારાનું શિખર ! અને યુરોપીય સુધારાનું સત્ત્વ તે આ દેશના સુધારાની તળેટી ! શું એ સુધારો આપણને નિરૂદ્યોગ થવા નિર્દેશે છે ? શું એ સુધારો આપણને માબાપની સેવા ન કરવા ઉપદેશે છે ? આ રહ્યા ત્યાંના સાક્ષરોના શબ્દો. તેનું નિરુપણ કરવાથી સંશય દૂર થશે.

What is a Mothers Love ?
To gaze upon that dearest sight,
And feel herself new-born;
In its existence lose her own,
And live and breathe in it alone;-
This is a Mother's Love.

માતાનો વાત્સલ્ય પ્રેમ એટલે શું ? તે સૌથી વ્હાલા બચ્ચાને એકટસે જોવું અને જાણે પોતે નવી જન્મી હોય તેમ અનુભવવું. પોતાના બાળકના જીવનમાં પોતાનું જીવન ભૂલી જવું અને તન્મય થઇ તેને માટેજ માત્ર શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવી. આ માતાનો પ્રેમ !

Then while it slumbers, watch its breath,
As if to guard from instant death;—
To smile and listen while it talks,
And lend a finger when it walks;—
This is a Mother's Love.

આગળ ચાલતાં, તે બાળક જ્યારે નિદ્રાગત થાય છે ત્યારે કેમ જાણે તે હમણાંજ મૃત્યુવશ થતું હોય અને જાણે કેમ તે તેની રક્ષા કરતી હોય તેમ તે માતા એ બાળકનો શ્વાસ ધ્યાનમાં રાખે છે..............જ્યારે તે બાળક આલાપ કરે છે ત્યારે માતા સ્મિત લાવીને સાંભળે છે અને જ્યારે તે હાલે ચાલે છે ત્યારે માતા તેને પોતાની આંગળીએ વળગાડે છે, આ તે માતાનો પ્રેમ. 'કિંગ્ઝલી' નામે એક અંગ્રેજ આ પ્રમાણે લખે છે કેઃ—

"This dark world looks bright, this diseased world looks wholesome, when we reflect that this world is full of mothers."

જ્યારે આપણે એમ વિચારિયે છિયે કે આ જગત્ માતાઓથી ભરપૂર છે ત્યારે આ અંધકારમય ભાસતું જગત્ પ્રકાશિત લાગે છે અને ત્યારે આ દુઃખિત જગત્ સુખી જણાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ વચનોપર દૃષ્ટિપાત કરવાથી પ્રત્યક્ષ થશે કે એ લોકોમાં પણ આ વિષય સંબંધે આર્યશાસ્ત્ર સાથે ઐકમત્ય છે. માતાનું ગૌરવ સિદ્ધ કરવા શિખરિણીનું માત્ર એકજ ચરણ આપણા ગ્રંથોમાંથી લેવું બસ છે અને તેમાં ઉક્ત આંગ્લ વાક્યોનો નિષ્કર્ષ-સાર સુવ્યક્ત થશે.

**कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति ।**

છોરૂ કછોરૂ થાય પણ માતા ક્યારેય પણ કુમાતા થતી નથી.

બાપના ઉપકારોથી તો અવધિજ છે! જે પિતૃભક્તિનું વર્ણન કરવા આખું રામાયણ આદિકવિ વાલ્મીકિએ રચ્યું તે પિતૃભક્તિવિષે આ લઘુમતિવાળો લેખક વિશેષ શું લખે?-તોપણ **नमः सर्वकार्यप्रतिपत्तिहेतवे कर्तव्यधर्माय ।** એ ઉત્તેજક ધ્વનિને શરણ આપતાં હાથમાં લીધેલું કાર્ય-લીધેલો વેષ પાર ઉતારવો એવી ઇચ્છા તે રાખે છે.

ઉદ્દેશ દર્શાવ્યો છે. તેને સિદ્ધ કરવામાં લેખક કેટલેઅંશે સફળતા પામ્યો છે તે વાચકોની પ્રિયતા અને સંતોષપર અવલંબે છે. સામ્પ્રત પુત્રોના વિસ્મરણમાં પડતી એક અગત્યની વાર્તા તેમના સ્મૃતિપથમાં લાવવા આ ક્ષુદ્ર પ્રયત્ન છે. જે સદ્‌ભાગ્યવાળો દોષદૃષ્ટિ મુકી દઇ આ પુસ્તકમાં પ્રદર્શિત કરેલા વિચારો પ્રમાણે વર્તશે તે પરમ કૃતાર્થતાને પામશે એ આ લેખકનો આશીર્વાદ અને અભિલાષ છે. જે બાલક નિર્દોષ છે, જે પુત્ર માતૃપિતૃ ભક્ત છે તેજ જગત્‌માં અમર નામ કાઢી જનાર એક મહાપુરૂષ કે મહાત્મા થાય છે. A good son makes a good husband and a good man. સારો પુત્ર સારો પતિ થાય છે. સારો પતિ સારો માણસ છે.

હવે આ પુસ્તકનું ઉત્પત્તિ કારણ દર્શાવીએ. શરીર પ્રકૃતિ સુધારવા માટે મંગલપુર ગયેલા મારા પિતાશ્રીએ કેટલાક કુપુત્રોનાં ચરિતો જોયાં. તે પૂર્વે પણ એ વિષે સમાપત્તિગત મારા પિતાશ્રીએ ઘણું જોયું હતું; પરંતુ મંગલપુરમાં તેમની અનુભવરસિકતા ઉદ્‌ભવવાને લીધેઃ—

**માતાપિતાની સેવા ત્યાગી, તેથી દશા થયો દુર્ભાગી.**

એ કાવ્યધ્વનિ કવિ હૃદય હેલાવાથી નીકળ્યો. કાર્ય કારણતઃ એજ કાવ્ય આ વિષયનું બીજભૂત બન્યું. કિંબહુના! જો મહાકવિ કાલિદાસના શબ્દોમાં કહું તો

**मणौ वज्रसमुत्कीर्णे सूत्रस्येवास्ति मे गतिः ।**

વજ્રથી વિંધાયલા મણિમાં જેમ દોરો પ્રવેશ કરી શકે છે તેમ મત્પિતૃવિરચિત ઉક્ત કાવ્યરૂપી ભેદ થવાથી પુત્રધર્મ એ વિષયરૂપી રત્નવિષે આ લેખકરૂપી સૂત્રની ગતિ થવા પામી છે. જો ખરૂં કહું તો આમજ છે. મારૂં સ્વતઃ આમાં કાંઇ નથી. મારા ઉદાર ચરિત પિતાતરફથી અનેક તત્ત્વપૂર્ણ વિચારો મને વારંવાર મળતા આવ્યા છે અને તેનું ગ્રથન માત્રજ મત્તઃ વિસ્તરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેમ વડના ટેટામાં અનેક બીજો છે અને તે માંહેલું એક બીજ એ સમગ્ર વડના ઝાડનું કારણભૂત છે તેમ ઉક્ત કાવ્ય એજ આ આખા પુસ્તકનું સત્ત્વ અને તત્ત્વ છે. જેમ બીજ અને વડ વચ્ચે અભિન્નત્વ છે તેમ કાવ્ય અને પુસ્તક વચ્ચે પણ અનન્યત્વ રહેલું છે.

કપાળે કપાળે જૂદી મતિ છે. **बहुरत्ना वसुंधरा**। આ પુસ્તકમાં વર્ણિત વિચારો કોઇની રૂચિને અનુકૂળ પડે, કોઈની રૂચિને પ્રતિકૂળ પડે; પ્રસ્તુત વિષય સંબંધી જેટલા વિચાર ઉદ્ભવ્યા તે સમગ્રની ગણના આમાં કરીને સ્થાન આપ્યું છે. ઘણી કલ્પનાઓ રહી ગઇ હશે તેનું સમાજ તરફથી સૂચન થયે ભાવિની આવૃત્તિઓમાં યોજન થવાનું. વિચારોનું સાહચર્ય અને કલ્પનાઓનો અનુબંધ ક્યાંક ક્યાંક જેમ પામેલો જોવામાં આવશે; કિન્તુ કહેવું જોઇએ કે મારા અભ્યાસને લીધે ક્યાંક ક્યાંક એવી શીઘ્રતા કરવી પડી છે. સુધારા વધારાની જગ્યા અત્ર તત્ર લક્ષિત થશે જે સર્વેને માટે લેખક વાચકવૃંદની અંતમાં ક્ષમા ઇચ્છે છે.

પરિશિષ્ટ પ્રકરણનો પૂર્વભાગ માબાપોએ ખાસ વાચવાનો છે. જેમ કોઇ હિતેચ્છુ કોઇને ખૂણામાં લઇ જઇ હિતોપદેશ કરે તેમજ એ ભાગમાં લખાયલાં વાક્યો માબાપો માટે તેમના હિતને સારૂજ સમજવાં.

કર્તા.

આ પુસ્તકનો કેટલોક ભાગ ધર્માભિલાષી તથા વિદ્યાવિલાસી માંગરોળના સુપ્રસિદ્ધ **શેઠ અમરચંદ તલકચંદ** પાસે વાચી સંભળાવ્યો હતો. તે તેને પસંદ પડવાથી તેમણે એકદમજ સારી પ્રતો ભરી આપી; અને તેની કિમ્મતના નાણાં પુસ્તક તૈયાર થયા પહેલાં મોકલાવી આપ્યાં.

વધારે ખુશી થવા જેવું તો એ છે કે જેઓએ સંસ્કૃતનો સારો અભ્યાસ કરી તે ગીર્વાણ ભાષાની વૃદ્ધિ અર્થે પરમ પ્રયાસ આદર્યો છે, જેઓ એક ઉત્તમ વ્યાપારી, ધનાઢ્ય તથા ઉદારચરિત પુરૂષ તરીકે સારે પ્રકારે પ્રસિદ્ધ છે તે પોરબંદરના વતની અને અધુના મુંબાપુરીમાં વાસ કરી રહેલા, સુજનતાના સમુદ્રરૂપ શ્રીયુત **શેઠ દેવકરણ મ્હાનજીએ** આ પુસ્તક સવિસ્તર વંચાવી સાભળ્યું છે અને એને વિષે પોતાનું અત્યુચ્ચ મત પ્રદર્શિત કરીને આ પુસ્તક થોડા ફેરફાર સાથે ખાસ કરીને શાળામાં ભણતા બાળકોના હાથમાં પહેલી તકે મૂકવું જોઇએ એવી ઇચ્છા જણાવી છે; એટલુંજ નહિ, પણ આ પુસ્તક મુદ્રાંકિત થયા પછી તેનો પ્રચાર કરવાના ઉદ્ગારો એમણે કાઢયા છે જેને માટે કર્તા ઉપકૃત છે.

આ પુસ્તક જ્યારે મુદ્રાલયમાં હતું ત્યારે તેના કેટલાક ફરમા અમારી જ્ઞાતિના ભૂષણરૂપ **શેઠ અમરચંદ માધવજીને** બતાવવામાં આવ્યા હતા. તેઓએ પણ આ પુસ્તકનો વિસ્તૃત પ્રચાર ઇચ્છયો છે અને તદનુસાર સારૂં અનુમોદન આપેલું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# सुवर्णमय शब्दो.

हे पुत्र! आ संसार जे दुर्लभ छे ते पण सुलभ थइ जाय छे. गत स्त्री, गत द्रव्य, गत्त मित्र, गत वस्तु के जे एक वखते तने प्रिय हतां, तेथी प्रियतर पण पुनः प्राप्त थाय छे; परंतु खरा माता पिता एकवार जो गत थया तो फरी कोटि उपाये तने तेना दर्शन थनार नथी माटे तेमनी हैयातीमां तेमना प्रत्ये तारी द्वेषबुद्धि मा थाओ.

हे आत्महित इच्छनारा तरुण! तुं हैयात हइश तो तीर्थनां स्थळो कांई एकदम नाश पामवानां नथी. शिरनुं छत्र एक भांगशे तो बीजुं मळशे. आपणा जन्मदाताने माटे तीर्थस्वरुप अने शिरछत्रनी जे उपमा आपीए छीये ते मने तो न्यून लागे छे! तुं देवना दर्शन करवा जाय छे; परन्तु ते देव प्रत्यक्ष वात करता नथी; छतां तारी अंतःश्रद्धा परमेश्वर सर्व व्यापक होवाथी ते द्वारा पण जुए छे; तो पछी आ साक्षात् लौकिक देवप्रतिनी तारी श्रद्धा शुं ते नहि जोई शके?

हे तात! तारो पुत्र तारो अनादर करे, तने घरमांथी बहार काढी मूके, तने खावा न दे, तारी सामे द्वेषदृष्टीथी जुए, ते तने केवुं लागे? एवुं शुं तारा मातापिताने तारा अनुचित वर्तनथी नहि लागवुं होय?

हे संसारयात्रा सफळ इच्छनारा बालक! तारे आ संसारमां तारा सुखनो मार्ग सरल करवो छे? तने सुसंतति जोईये छे? तने पारलौकिक शान्तिने पुष्टि आपनार कोई उत्तम तत्त्व आ जगत्मां मूकी जवानी इच्छा थाय छे? तारामां आ अमूल्य अने उत्तम मनुष्य देह धरी तेने अधोगामी न करवानी भावनानुं प्रकटीकरण थाय छे? जो ए बधुं तने इष्ट न होय तोज तुं तारा माता पितानी सेवा नहि करतो!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

रे बाप ! आयुष्य, धन, धान्य, पुत्र, पत्नी परिवार, यशः अने ईश्वर-कृपा ए जन्मदातानी सेवाथी प्राप्त करी शकाय छे एम आप्त पुरुषो कही गया छे; अने एवुं आचरण राम, परशुराम, श्रवणादि आचरी पोतानां नामो आ जगत्पीठपर अमर करी गया छे. ए बधी वात तुं सारी पेठे जाणे छे; छतां तारा दुर्भाग्यने लीधे, तने एमांनुं थोडुं पण सारुं सूझतुं नथी ए तारी मति आ संसारना स्वार्थिक दुर्गंधथी केवी दूषित थयेली छे तेनो तुं विचार कर. तुं पशुपक्षीओना जीवित भणी जो. वे अल्पसमय जेटलुंज माबापतरफनुं रक्षण मेळवी शके छे. मने एम भासे छे के एवा जन्मनुं कारण तेमणे पूर्वे माबापनी सेवा नहि करी होय ते छे. तुं पण आ तक जो चूक्यो तो जरुर ते योनिमां पडवानो.

हे मायावश जीव ! तुं तारा स्वार्थने माटे केवडो मोटो प्रयास करे छे? मोडो व्हेलो आवी टाढूं शीळूं केवो खाई ले छे ? स्वार्थ साधवानी घडतर घडवा माटे रात्रिये केवा प्रकारना उजागरा करे छे? बैरीनो एक बदामनी किम्मतनो बोल साचववा केटली बधी उथलपाथल करी नांखे छे? तुं पुत्र पुत्रीने रीझववा केटलुंबधुं साहस खेडे छे? त्यारे मातापिताने थोडी पण विश्रान्ति आपवा सारु, तने जरा पण समय नथी मळतो? आते कलियुगनी बलिहारी छे के तारा पोताना भाग्यनी ? सारुं, नरछुं जोवा जाणवानी शक्ति तने इश्वरे आपी छे तेनो उपयोग तुं जेटलो नरसा काममां करे छे तेटलो सारा काममां नथी करतो ए तारे माटे मने घणुं आश्चर्य उपजे छे!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## देश दुर्भागी केम थयो?

રાગ—માલકોશ.

માતપિતાની સેવા ત્યાગી;
તેથી દેશ થયો દુર્ભાગી—માતપિતાની—ટેક.
માત પિતાનું વદન ગમે નહિ, દારાના અનુરાગી;
નારીનો ઉશ્કેર્યો દોડે, નિજકર લઇ અસિ નાગી-માતપિતાની.
કર્યો ઉછેરી મોટો તેના, ગુણની ધૂન ન જાગી;
આર્યભૂમિમાં કયા પાપની, ગોળી આતે વાગી?- માતપિતાની.
વહુ નાચી કે વરજી નાચ્યા, એકજ લગ્નિ લાગી;
દુર્લભ વગર વિચારે લે છે, લોકો મૃત્યુ માગી- માતપિતાની.

આધુનિક કેળવણીનો પ્રવાહ નૂતન પ્રજાપર કેવા પ્રકારની અસર કરી રહ્યો છે એ જોવા જવું પડે તેવું નથી. વૃદ્ધો તરફથી સાંભળતાં જણાય છે કે સામ્પ્રત સમયમાં બનતા બનાવો કૌતુક સમાનજ છે. જુની આંખે નવા કૌતુક જોવા પડે, પ્રાચીન અર્વાચીન સ્થિતિમાં મોટો ભેદ માલૂમ પડે, જનસ્વભાવ વિમાર્ગમાં દોરાય એ બધું વૈચિત્ર્યજ! મનુષ્યના સ્વભાવો વયથી કરીને બદલતા રહે એમાં વિસ્મય પામવા જેવું નથી; પરંતુ આ સ્વભાવવિપર્યય એવો હોવો ન જોઇએ કે જેથી ધર્મની સીમા ઉલ્લંઘિત થાય. આજકાલ આપણને આ સંકટ પ્રત્યક્ષ પ્રાદુર્ભૂત થાય છે અને એનું વર્જન કરવાને સત્વર ઉપાય લેવાય તે ઇષ્ટજ છે. પ્રથમ તો આર્યબાળમાંથી ઉપકારવૃત્તિજ નષ્ટ થઈ ગઇ! ઉપકારી પ્રત્યે ઉપકાર કરવો તેના માટેજ માત્ર નહિ. પરંતુ અનુપકારી પ્રત્યે અત્યુપકારી થવું અને તેમ કરી તેને વશ્ય કરવો એને માટે આ ભરતભૂમિ એક વખત માનગર્વિતા શું ન હતી? હતીજ. એ અધ્યયન અને અધ્યાપનથીજ આર્યબાળકો, આર્યસુભટો, આર્યતત્ત્વવિદ્, આર્યયોગીઓ અને છેવટ આર્યપુત્રો સુદુર્લભ ઉપનામને યોગ્ય થયા હતા; એજ અધ્યયન તથા અધ્યાપનની અપ્રતિમ સહાયતાથી તેઓએ ઇશ્વર સેવા, સ્વદેશ સેવા, જ્ઞાતિ સેવા, સન્મિત્ર સેવા તથા અંતતઃ પિતરૌ સેવાના અવિછિન્ન બીજનું આરોપણ સ્વહૃદયમાં કરેલું હતું, પરંતુ તે અધ્યયન અને તે અધ્યાપનનો એક સહસ્રાંશ ગુરૂભાવ અને શિષ્યભાવ આજ દૃષ્ટિગોચર કાં નથી થતો? આગલા આચાર્ય કે વિદ્યાર્થીનું ઉદાહરણ આજનો કોઈપણ શિક્ષક કે વિદ્યાર્થી આપી શકવા શું સમર્થ હશે? આમ થયું છે શાથી અને થાય છે શાથી? જો મૂળ પરીક્ષા કરીએ છીએ તો સાંજ સડો દેખાય છે; એટલે જ્યાં બુંદથી બગડી ગઇ ત્યાં હોજનો શું ઉપાય છે?—આ નિરાશા આવીને ઉભી રહે છે. એક બાળકના પુત્રરૂપે શા શા ધર્મો છે, તેણે એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પતિ તરીકે, કોઇવાર મિત્ર તરીકે, કોઇવાર માતા તરીકે, કોઇવાર પિતા તરીકે શા શા યુક્ત કર્મોની અનુસરણી પર વહન કરવું, એવું અધ્યાપન આજે લુપ્ત શું નથી થયું ? માતૃ, પિતૃ, ગુરૂ આદિની પૂજનીયતાની છાપ વિદ્યાર્થીના હૃદયમાં સચોટ પડે એવા શિક્ષણની પ્રણાલિકા અધુના શું અસ્તિત્વ ભોગવે છે ? આજે રાજસ અને તામસ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા વિચારો, લેખો, કાવ્યો શું એક આર્યતનુજને તેના ધર્મપથથી વેગળે લઇ જનારા નથી બનતા ? આજે કેવળ વિકાસક્રમને વશ થયેલા એક બાળકપર તેને રૂંધન કરવાના પ્રયોગો શું નથી યોજાતા ? આજે મનઃશક્તિ કે જે સ્વભાવતઃ પ્રફુલ્લ થવી જોઇએ તેનાપર અયોગ્ય અને અકાલ છેદનના ઘા નથી પડતા ? આ બધા પ્રશ્નોનું ઉત્તર કોઇ પણ વિજ્ઞ સત્વર આપી દે કિન્તુ તેની સાથે જો તે આત્માવાળો હોય તો વળી ચાલતી સ્થિતિને માટે પોતાનો શોક પણ પ્રદર્શિત કરે.

આપણે જો સામાન્ય નિયમ તરફ વળીને જોશું તો મનુજનો જન્મ પ્રાહ ધર્માચરણ કરવાનો છે. તેને બદલે જો તે વિરૂદ્ધ વર્તન કરે તો તે કર્તવ્યવિમુખ થયેલો કહેવાય. હવે તો આપણે પ્રત્યક્ષ નિહાળીએ છીએ કે આ પરિપાટીપર તો બિલકુલ લક્ષ અપાતું નથી. નવી પ્રજા કોઇ ભાષાથી વાકેફ થઇ એટલે પરમ સંતોષ. કોઇ કળા, કોઈ હુન્નર આવડયો એટલે વધુ તૃપ્તિ. સાયન્સનું જ્ઞાન મેળવ્યું એટલે તો પરમ પંડિતતા પ્રાપ્ત કર્યાનું અભિમાન ! આવી જ્યાં શિક્ષણની પદ્ધતિ પડી ગઇ છે ત્યાં એક બાલકને પછી ધર્મ શું છે—અરે ધર્મ કે જે પંચ મૂળતત્ત્વ ( પૃથ્વી, જલ, વાયુ, આકાશ અને તેજ ) નો આધાર તેનું કેવડું માહાત્મ્ય છે એનો વિચાર કયાંથી આવે ? અને ત્યારે **धर्मेण हीनाः पशुभिस्समानाः ॥**

'ધર્મરહિત એ પશુતુલ્ય' થાયજ. પશુઓમાં માતાપિતા, બચ્ચાંને આત્મજીવન ઉપાર્જન કરવા શક્તિવાળા થયેલાં જોઇ તેઓની કયાં સંભાળ રાખે છે ? અને આ સમય પણ કેટલો ટુંકો હોય છે ? પશુ પક્ષીઓ ઇન્દ્રિય સુખ જે સ્થળેથી મળે તે તરફ ધાવવા શું યત્ન નથી કરતા ? અને તેથી તેઓ માતા પિતાના ઉપકારનો બદલો વાળવાની કદિ પણ અપેક્ષા રાખતા નથી. પુખ્ત ઉંમરે આવ્યા પછી તેઓ પતિપત્નીની ગાંઠ અન્યોન્ય બાંધે છે અને ત્યારે 'મને કયાંથી સુખ મળ્યું, મારા જન્મદાતા કોણ, મારા ઉપકારકો કોણ' એ વગેરેનો પ્રજ્ઞાવાદ શું તેઓને યત્કિંચિત હૃદયમાં ઉદ્‌ભવે છે ? નહિ. ત્યારે શું આજ પશુઓની વર્તણુક માનવજાતિએ ધારણ કરી લેવી ઉચિત છે ? જન્મદાતા ! મનુષ્ય જન્મ કે જે જન્મમાં પ્રવેશ કરવો અતિ મુશ્કેલ છે તેવા જન્મના નિમિત્ત જે માતાપિતા એ કેટલા વંદ્ય છે ? શું વિશેષ જ્ઞાનથી કે વિશેષ ચતુરાઇથી કોઇ પણ મનુષ્ય પોતાના માતાપિતાને પુનઃ મેળવી શકે છે ? કોઇ પ્રિય વસ્તુ એક વખત હસ્તથી ગઇ તો પ્રયત્નતઃ બીજીવાર મળવા સંભવ છે પરંતુ માતાપિતા એ મહાદુર્લભ. આવા ઉત્તમ લાભનો આદર કરવા મનુષ્ય સયત્ન નથી થતો એ તેનું કેટલું મોટું અભાગ્ય છે ? પરમધન માતાપિતા, પરમતીર્થ માતાપિતા, જેના દર્શનથી અનેક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચિંતા અને આતુરતાનો સપદેવ વિનાશ થઇ જાય છે એવા જે માતાપિતા તેના ઉપકારોની સંખ્યા અગણ્ય છે. એક બાળક અવતરે છે ત્યારે જે પ્રસવની વેદના માતાને થાય છે તેની કલ્પના અન્યના મનમાં આવવી પણ અશકય છે. પોતાના તમામ સુખોપર લાત મારી, પોતાની તમામ વાંચ્છનાઓનો સમૂહ પોતાના એક જન્મેલા બાળકપર નિહિત કરીને એક માતા પોતાના બચ્ચાંને કેટલી સંભાળથી ઉછેરે છે? ચ્હાય તો સુવર્ણનો હિમાલય પર્વત આપો પરંતુ માતા જેટલા પ્રેમથી ઉછેરનાર એક બાળકને માતા વિના બીજું કોણ મળી શકે? આવો જે મહા ગૌરવવાળો માતૃપ્રેમ તેનો બદલો કોટી જન્મે પણ વળી શકતો નથી. **लोके गरीयसी माता।**

ભાઇ! આ લોકમાં મોટું કોણ? માતા. માતા જેટલું ગૌરવ ત્રણ ભુવનમાં બીજી કઇ વસ્તુમાં રહ્યું છે? માતાનો પ્રેમ બીજે કયે ઠેકાણે નિવાસ કરે છે? કેવળ નિસ્સ્વાર્થ અને સ્નિગ્ધ સંબંધ માતા કરતાં મનુષ્યને બીજો કયો હોઇ શકે?

માતાના અમૂલ્ય સ્નેહની કિમ્મત કરવા જેટલી જેનામાં બુદ્ધિ નથી તેઓ અત્ર પ્રશ્ન કરશે કે એક સતી પત્નીનો પ્રેમ માતા કરતાં કયાં ઉતરતો હોય છે? પરંતુ માતાનો સ્નેહ સ્વભાવજન્ય છે અને કલત્રનો સ્વભાવજન્ય નથી. આ લોકમાં પ્રવેશ કરવાનો પ્રથમ માર્ગ માતા છે અને તેથી કેમ જાણે સૃષ્ટિ ચાલકે અગ્રતઃ માતા અને પુત્રનો અપૂર્વ સંબંધ નિયુક્ત કરી દીધો હોય તેમ લાગે છે! આથીજ સિદ્ધ થાય છે કે પ્રથમ માતા છે. વળી એક પ્રાણીનું અસ્તિત્વ એ માતા વગર થઈ શકતું નથી; કિન્તુ ભાર્યા વગર થઇ શકે છે. આથી ભાર્યાનો સંબંધ માતાના સંબંધ કરતાં ક્ષુદ્રતર છે એ પ્રત્યક્ષ જણાય છે. વળી ભાર્યાનો પ્રેમ સ્વાર્થમય અને અનેક લાલચોથી સંયુકત હોય છે. પ્રથમ પતિ અને પત્નીનો સંબંધજ સાબીત કરે છે કે તે પ્રથમ જુદા હતા પણ પછીજ એક દંપતીના રૂપમાં જોડાયા છે; ઇંદ્રિય વિલાસ એ પતિ પત્નીના સંબંધનું મુખ્ય કારણ– ત્યારે મનસ્વી પુરૂષો કહે છે કે ના ના ઇશ્વરનો હેતુ સૃષ્ટિ વધારવાનો છે અને તેથી મનુષ્યોમાં વિવાહ પ્રકરણ ઉભું થયું છે અને દંપતીઓ પુત્રાદિકની પ્રાપ્તિને સારૂં લગ્ન કરે છે. અત્ર પળવાર સ્તંભી ઘડીભર એમ માની લઇએ કે પુત્રપ્રાપ્તિ માટે પત્નીનો આદર કરાય છે; તોપણ એ પુત્રપ્રાપ્તિ પણ એક પ્રકારનો સ્વાર્થ નહિ તો શું? સ્વાર્થી અને તે શું વળી નાનો સુનો? એક પ્રાણ ધારીને આ પૃથ્વીની સપાટીપર અસ્તિત્વમાં આણી મૂકવું એ કાંઇ જેવો તેવો સ્વાર્થ? માટે ઠરે છે કે પતિ પત્નીનો પ્રેમ સ્વાર્થાધારે છે. વળી કોઇ પ્રશ્ન કરનાર મળશે કે ત્યારે શું એક માતા પોતાના પુત્ર તરફથી પોતાને સુખ મળે તેવી ઇચ્છા નથી કરતી?

ઉત્તર–કરે છે. દરેક જીવ બીજા જીવ પાસેથી આત્મસુખની આકાંક્ષા રાખે એ સ્વાભાવિક છે. આ સ્વાર્થ નથી. માતાનો સ્વાર્થ ત્યારે કહેવાય કે જ્યારે એક માતા 'આ બાળક મને સુખ આપશે તેથીજ મારે એનું પોષણ કરવું ઉપયુક્ત છે' આવો વિચાર–આવી ધારણા, આવો સંકલ્પ હૃદયમાં અહર્નિશ રાખીને પોતાનાં બચ્ચાંનું પાલન કરતી હોય ત્યારે; નહિ કે અન્યથા; પણ આપણે જોઇએ છીએ કે જ્યારે એક મા પોતાના એક બાળકને અતિ ભાવનાથી પોષે છે ત્યારે તેના હૃદયમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવો વિચાર તો શું પણ ખ્યાલ પણ આવતો નથી. એક મા જાણે કે બચ્ચાંને ધવડાવતી બેઠી છે ત્યારે બીજો કોઇ તેને કહે કે 'હે સ્ત્રી તું વૃથા આયાસ વ્હોરે છે, એ બાળક તને કંઇ પણ સુખનું કારણ નથી થવાનું પરંતુ દુઃખ પેદા કરનાર છે' આવે વખતે તે માતા શું બાળકનું પોષણ કરતી બંધ પડે છે કે તેના પાલનપ્રતિ અવજ્ઞા કરે છે? નહિ કદિ નહિ! ઉલટી તે તેવું કહેનારને ધમકી આપશે કે "ખબરદાર, મમ સંમુખ આવું વેણ ઉચ્ચાર્યું છે તો!"

હજી આ દલીલ નબળી લાગતી હોય તો આપણે બીજી તપાસીએ. માતાના અર્થ ત્રણ થાય છે. પૃથ્વી, ગાય, અને જન્મદાત્રી. માતા શબ્દજ એ એમ બતાવે છે કે નિઃસ્વાર્થ પ્રેમની મૂર્તિ.

પ્રશ્ન–સિદ્ધ કરી બતાવો.

ઉત્તર–જમાનો એવો આવ્યો છે કે સિદ્ધ કરી બતાવ્યા વગર ચાલે તેમજ નથી. તમે કહો કે ન કહો તદપિ મારે સિદ્ધ કર્યા વગર છુટકો નથી એમ હું પ્રથમથીજ જાણું છું. આમાં તમારો વાંક નથી. કાળજ એવો આવ્યો છે કે કોઇ વાત દલીલ વગર ગ્રાહ્ય થવા દેતોજ નથી. નહિ તો માતાની મહત્તા એ સ્થાપિત કરવા કલમ અને સાહીના સંયોગની જરૂર પણ શું હોય? પણ નહિ. બુદ્ધિવાદના જમાનામાં એ પણ અકર્તવ્ય છે એમ નહિ!!

માતા એટલે પૃથ્વી તો સ્વભાવતઃ ઉદાર છે. એક ગણું આપીએ અને સહસ્રગણું લઇએ. વળી તે પંચ મૂળતત્ત્વોમાંનું એક તત્ત્વ છે. જે પ્રાણી તેના તલપર નિવાસ કરે છે તે બધાં તે માતાના છોકરાં! સઘળી વનસ્પતિની ઉત્પાદક એ છે. આપણો વેષ–આપણું ભોજન, આપણી હાલચાલ, આપણી સ્થિરતા એ સર્વ એ મોટી માતાપર આધાર રાખે છે એ અસંશય છે અને વળી આપણી પોતાની ક્રૂર વર્તણુક પ્રત્યે આપણે જરા દૃષ્ટિ કરી જોઇએ. આપણે તેને દાબીએ, તેનાપર પાદપ્રહાર કરીએ, આપણે તેને મોટા મોટા ઉંડા જખમ કરીએ, (વાવ, કુવા જે ખોદાય છે તે, અને ઝવેરાત મેળવવા, ધાતુઓ, કોલસા ઇત્યાદિ પ્રાપ્ત કરવા ખાણ ખોદીએ તે) અને આવાજ બીજા અનેક પ્રયોગો કે જે પ્રયોગો નિષ્ઠુરતા મિશ્રિત હોય છે, તે બધા આપણે તે ગરીબ પૃથ્વી માતાપર કરીએ છતાં તેજ માતા સર્વ પ્રાણીનું ખાન, પાન, વસ્ત્રો અને ઉપયોગની વસ્તુઓ આદિ ઉત્પન્ન કરનાર છે, આવી તે સ્વાર્થ રહિત પૃથ્વી માતા!

બીજી માતા આપણી ગાય. એની નિઃસ્વાર્થ બુદ્ધિપણ શું તમે ઓછી લેખો છો? જેના માતૃત્વની શાસ્ત્રપણ સાક્ષી પુરે તે ગાય મનુષ્યપર કેટલા બધા ઉપકારોનો વરસાદ વરસાવે છે? માત્ર તૃણ ખાઇનેજ જે સુધાસમાન દુગ્ધ દાન કરે છે તે માતા ગાયના પણ ઉપકારો અકથનીય છે. આપણે તેનું દુગ્ધ તેના પુત્ર પુત્રીને ન આપતાં આપણા ઉપયોગમાં લઇએ તોપણ તે નિરૂપાય ગોમાતા આપણને પરાકાષ્ઠાએ દુગ્ધ દોહવા દે છે. દુગ્ધમાં બુદ્ધિ, ધન, શકિત અને પ્રાણ સંસ્થિતિનો વાસો છે. વળી જન્મ દેનારી માતા તો માત્ર થોડાજ વર્ષ દુગ્ધપાન કરાવે છે પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ તો આપણને આપણી પ્રજાને અને એવી રીત્યા વંશપરંપરા દુઃખ આપે છે. તે શિવાય, છાણ મૂત્ર આદિ પવિત્ર વસ્તુઓનું પ્રદાન તે કરતી રહે છે કે જે મનુષ્યની અશુદ્ધિ દૂર કરવા અનેક પ્રકારે ઉપયોગી થઇ પડે છે. અરે એટલુંજ નહિ પણ જ્યારે તે મરી જાય છે ત્યારે પણ પોતાની પાછળ ચર્મ છોડી જાય છે! ખરે પ્રાણોત્ક્રમણપર્યંત પણ જે ગૌ મનુષ્યપર ઉપકાર કરવા કસર રાખતી નથી તે એક માતાજ તુલ્ય છે એ નિર્વિવાદજ.

તૃતીય માતા પ્રસ્તુત ઉલ્લેખનોજ વિષય છે અને એ ઉપકારથી આ નિષ્કર્ષ સારપર આવી પહોંચાય છે કે **માતાનો પ્રેમ સર્વથા** સ્વાર્થ રહિતજ છે.

માતાનું મન સદોદિત પુત્રહિતમાંજ રટણ કરતું હોય છે. આપણે બનતા બનાવો લઇએ અને જોઇએ કે માતા અને પત્નીનો સંબંધ એક બીજાથી કેટલે અંશે ભિન્ન પડે છે અને પછી તાત્પર્યપર આવીએ કે કોણ શ્રેયસ્કર છે ? !

માનો પ્રેમ સર્વદા સમાન છે, જ્યારે પત્ની–પ્રેમ ભિન્ન ભિન્ન સ્થિતિ,વિચારાદિને લઇ અસમ છે. પત્ની અને પતિ જ્યારે યૌવન દશામાં હોય છે ત્યારે કેટલાક ચોક્કસ કારણોને લીધે સ્ત્રી પુરૂષપર વધારે આસક્ત અને વધારે પ્રેમ દર્શાવનારી હોય છે; પણ આ પ્રેમ કામજન્ય છે અને જ્યાં કામ–પ્રભવે છે ત્યાં કામના અનસ્તિત્વે તે પ્રેમનો પણ સંલોપ સાથેજ થાય છે. કારણ કે જેમ જેમ જાયાપતિનું વય વધતું જાય છે, કામ મંદ પડતો જાય છે તેમ તેમ તેઓનું જે વિસ્તૃત પ્રેમસર, યૌવનમાં અતિશય પ્રભાવવાળું હતું તેનું પાણી ઉનાળાની પેઠે હવે શુષ્ક થતું જાય છે અને પૂર્ણ જરાવસ્થા પ્રાપ્ત થયે ત્યાં નીરસતા છવાઇ રહે છે. આ કથનની અન્ય પ્રતીતિ આપવી ઘટતી નથી; કારણ કે તે મનુષ્યની દૃષ્ટિમાં સામાન્ય છે. માતૃનો પરમ સ્નેહ ત્રણે સ્થિતિમાં સમાનજ રહે છે અને રહેવાનો છે કે જેની વિશેષ વ્યાખ્યા અત્ર કરવી અનુચિત છે.

માતા સદા એકજ સ્વભાવની હોય છે જ્યારે પત્નીના વિચાર ચપળ હોય છે અને ચિરસ્થાયી નથી હોતા.

**गुणाश्रयं कीर्तियुतं च कान्तं पतिं रतिज्ञं सधनं युवानम् ॥**
**विहाय शीघ्रं वनिता व्रजन्ति नरान्तरं शीलगुणादिहीनम् ॥**

ગુણવાન, કીર્તિમાન્, રતિક્રિયા જાણવાવાળો, ધનવાન્ અને યુવા પતિ આસક્તિ રાખનારો છતાં વનિતાઓ તેને છોડીને શીલ અને ગુણથી રહિત એવા પરપુરૂષને જાય છે.

અનેક જો કે સતી સ્ત્રીઓ આ રત્ન પ્રસવ કરનારી વસુધા વિષે મળી આવશે પણ કહેવાની મતલબ એ કે માતાનો પ્રેમ સર્વ પ્રકારે પત્ની પ્રેમ કરતાં ચડીયાતો છે. ઘણીવાર આપણે સાંભળીએ છીએ કે અમૂક સ્ત્રીએ અમૂક પોતાના ભર્તાનું ખુન કર્યું; આમ એક ભાર્યા પતિ સાથે કપટથી વર્તી ( proved faithless ) પરન્તુ માતા કદિ પણ પોતાના પુત્રનું અહિત નહિ કરે; અને તેથી માતાની પરીક્ષા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે કસોટી પણ કોઇ કાળે નિર્મીત થઇ શકતી નથી. અમૂક પોતાના મિત્રની પરીક્ષા તે કેટલામાં છે એ જોવા કરે; સ્ત્રીને કસે, ભાઇની કસોટી કરે પણ માતાની પુત્ર પ્રત્યેના પ્રેમમાટેની કસોટી કોઇ પુત્ર કરવા ગયો નથી ને કદિ ગયો હોય તો તે મૂર્ખજ ગયો હશે! એક વિદ્વાન્ કહે છે કેઃ—

**બિપદ બરાબર સુખ નહિ, જો થોરે દિન હોય;**
**ઇષ્ટ મિત્ર બંધુ ત્રિયા, જાન પરત સબ કોય.**

આમાં કવિયે માતા કેમ ન લખી? શું માતાને લખવી ભૂલી ગયો? ના. ત્યારે શું! માતા કસોટીને લાયકજ નથી. શુદ્ધ સુવર્ણની કસોટી કરનારો મફતનોજ પરિશ્રમ કરે છે!

**माता मित्रं पिता चेति स्वभावात्त्रितयं हितम् ।**
**कार्यकारणतश्चान्ये भवन्ति हितबुद्धयः ॥**

મા, મિત્ર અને પિતા એ ત્રિપુટિજ સ્વભાવતઃ હિતકર છે. બાકી બીજા કંઇ કાર્ય કે કારણના ભાવને લીધે હિતબુદ્ધિવાળા થાય છે.

આમાં પણ પત્નીની ગણના કયાં કરવામાં આવી છે? પરંતુ આજે વૃદ્ધ માતા થઇ અને યૌવન સંપૂર્ણ સ્ત્રી આવી એટલે પત્નીને અગ્રસ્થાન આપવામાં આવે છે અને તે અનુપમ ઉપકારની મૂર્તિમતી માતા, પુત્રને માટે સર્વસ્વ પર ઉદાર થયલી માતા આજે પુત્રવડે જાણે એક કોડી સરખી કિમ્મતની ગણાય છે. 'ડોકરી' એ શબ્દથી લઇને જે જે અછાજતાં વચનો પુત્ર માતા પ્રત્યે આક્ષિપ્ત કરે છે તેથી આજે દરેક ઘરમાં શોક અને ત્રાસની પરિસીમા આવી રહી છે. પત્નીના દરેક સત્યાસત્ય શબ્દોનું શ્રવણ કરીને મોહમૂઢ મૂર્ખ માતા પ્રતિ જે જે કઠોર આચરણ કરે છે તે અવર્ણ્ય છે. અરે! જે વૃદ્ધ માતા હવે આ સંસારનો અનુભવ મેળવી અતિશય ગૌરવવાળી બની છે, જેની આશિસ્થી દંપતીનું ભયાવિષ્ટ પદ જાળવી શકાય છે, તે માતાને આ વખતે અસુખ, અશાન્તિ અને ઉદ્વેગ?

હજી માતા પ્રત્યે આટલીજ વિપત્તિ ઉપજાવી એક પાપી પુત્ર અટકતો નથી કિન્તુ બહુધા દૃષ્ટિગોચર થાય છે કે માતા અને પિતાને તેઓની વૃદ્ધાવસ્થામાં પરણ્યા પછી ત્યજી દેવાય છે. લોકલજ્જા, જ્ઞાતિની શરમ આદિ કેટલાક વ્યાઘાતો (!) ને લઇને તે પુત્ર જોકે આમ કરી નથી શકતો! પણ અદ્ય કોઇકજ એવો સુપુત્ર હશે કે જે પોતાના માતપિતાને સપ્રેમ પૂજીને તેનું યથાયોગ્ય પાલન કરતો હોય! આજે એક ભાઇ માતાપિતાને બીજા ભાઇને ઘેર ધકેલવા ઉત્સુક રહે છે અને બીજો ત્રીજાને ઘેર! આ વર્તન શું અપાર લજ્જાનું આસ્પદ નથી? આ ભરતભૂમિના પ્રાચીન પુત્રો માબાપને પોતાને ઘેર રાખવાને એકમેકને ઘેરથી બલાત્કારે તેડી લાવતા; જ્યારે આજે તેથી કેવળ વિરૂદ્ધ વર્તન દેખાય છે! આમાં વાંક કોનો કાઢવો? મને લાગે છે કે સદ્વિદ્યાનો નાશ ત્યાં દુઃખ અને અધર્મનો અભિભવ!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મનુષ્યની વૃત્તિ મોહ અને સ્વાર્થથી ભરપૂર છે. યદ્યપિ નિર્મલ વૃત્તિ રાખીને વવેક વિચાર કરવાનું સામર્થ્ય કોક ધરાવતો હશે તથાપિ આવી સદ્‌વૃત્તિ વિરલમાંજ જિન્મ લે છે. જ્યાં સુધી પુત્ર એમ ધારે છે કે માતા મમ પ્રત્યે અપ્રતિમ પ્રેમ ધરાવે છે ત્યાં સુધી તેનામાં માતૃપૂજ્યતા–અને પ્રીતિ નિવાસ કરી શકે છે અને આવી સ્થિતિ તેની અવિવાહિત જીંદગી સુધીજ ટકે છે; કારણ કે જ્યારે તે એમ સમજવા માંડે છે કે મારી પત્ની મારી માતા કરતાં વધારે પ્રેમવતી છે ત્યારે તેન અંતરમાં માતૃમૂલ્ય ન્યૂન થતું ચાલે છે અને ત્યાં ઉપકાર વિસ્મરણ અને નિષ્ઠુરતા આવે છે. અધુરામાં પૂરૂં પોતાની પ્રેમમૂર્તિરૂપ પત્ની તરફથી જ્યારે માતાસંબંધી સાચા ખોટાં વાકયો સાંભળતો થાય છે ત્યારે તેની વૃત્તિ તિરસ્કારને ઉપગમન કરે છે અને આમ માતૃભકિત ક્ષીણ થતાં માતૃસેવાનું સ્વરૂપ ભૂંસાઇ જાય છે અને હૃદય દર્પણપર મોહોપઘાત થવાથી આર્યત્વ અને પાતક તથા દોષ શું છે એનું તેને ભાન રહેતું નથી. આવી સ્થિતિ અર્વાચીન, મારી મતિ પ્રમાણે પ્રત્યેક પુત્રમ ઉપજન્મ લે છે અને તેનું કારણ આપણા અગાધ જ્ઞાનપૂર્ણ ઋષિઓ એમ દર્શાવી ગયા છે કે " *જ્યાં સુધી એક પુત્ર પત્નીના વચનો એકાંતમાં સાંભળતો નથી ત્યાં સુધીજ તે પૂજ્ય પ્રત્યે ભકિતવાળો અને પ્રસન્નમુખ રહી શકે છે " આજ મહાવાણી નાસિકા સામે ધરીને જો પુત્રો સદાચારી અને ધર્મલીન રહે તો દેશનું દુર્ભાગ્ય કે જે આ તરફ પોતાના ભિન્ન ભિન્ન અંગવ્યસને ફેલાવતો જાય છે તેપર એક સબળ અંકુશ પડે એ અસંશય છે.

એક ગૃહસ્થ ગૃહભંગ થયો અર્થાત્ તેના ગૃહની ભૂષણરૂપ પત્ની મૃત્યુને પ્રાપ્ત થઇ. તે બચરવાળ હતો. જરાવસ્થાથી ગ્રસ્ત થતો જતો હતો, એટલે અન્ય વધુ પરણવાની ઇચ્છા ન કરી; પણ માતાની ખોટ તે નાનાં નાનાં બચ્ચાંઓને કળાય નહિ તે માટે તેણે એક ઉપાય લબ્ધ કર્યો. મૃત પત્નીના અર્ધા હસ્તનું છેદન કરી તે કોહી ન જાય તે સારૂં વિધવિધ મસાલાથી તેને યુકત કરીને ઘરની મંજુષા સાચવી રાખ્યો. નિત્ય પ્રભાતકાળે બાલકોને તે ભોજન આપતો હતો ત્યારે તેઓની પીઠે આ હસ્ત તે ફેરવતો હતો. એ માતૃહસ્તના પ્રભાવ વડે તે છોકરાંઓ બળવત્તર થતાં ગયાં. આથી પાડોશીઓને નવાઈ લાગી કે માતાના મરણ છતાં આ બાળકો જરા પણ નિર્બળ થતાં નથી અને જાણે તેઓની માતા જીવન્તી હોય તેમ તેઓ દિવસોદિવસ નૂતન વિકાસ પ્રાપ્ત કરી રહ્યાં છે!

સજ્જનો! આ માતાનો એક અવયવ, હસ્ત કે જે તે પણ શા ચમકારનારા આશીર્વાદનું અમૂલ્ય સ્થાનૂંછે? લોકો શું મૂર્ખ નથી કે તેઓ માતપિતારૂપી અતીવ પાવન અને સજીવ મૂર્તિઓનો ત્યાગ કરી જડવસ્તુઓની પાવનતા સાધ્ય કરવા વિચરે છે? જે હજી સજીવાત્માનું તત્ત્વ સમાલોચિત કરવાનું વિજ્ઞાન નથી ધરાવતો તે જડાત્માના

---

* तावत्स्यात्सुप्रसन्नास्यस्तावद्‌गुरुजने रतः ।
पुरुषो योषितां यावन्न शृणोति वचो रहः ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગૂઢ પદાર્થોને ઓળખવાને અશક્તજ છે ! જીવતા દેવને છોડીને અધમ પુત્રો પાપપંકમાં પતિત થાય છે ! અને—

**સાસુ તીરથ સસરો તીરથ, અરધું તીરથ સાળી;**
**માબાપ તો આટા લૂણમાં, સૌ તીરથ ઘરવાળી.**

આવા આવા તીર્થો વૃદ્ધિમાં આવતાં જાય છે.

અનેક પુત્રો એવા જોયા છે કે જેઓ માતાપિતાને વૃદ્ધવયમાં ત્યાગી દે છે; પરન્તુ શું અવસ્થાના વિપરિણામને લીધે કોઇ પણ મનુષ્યનું મૂલ્ય ઓછું વા વધતું થઇ શકે છે ? માનવ–મહત્વ જો લિંગ અને વયથીજ પ્રમાણભૂત ગણાતું હોય તો પછી સદાચાર, દુરાચાર, નીતિ, અનીતિ, સત્ય, અસત્ય, સદ્ગુણ, દુર્ગુણ એ સર્વની પ્રતિષ્ઠાજ લુપ્ત થઇ જવા સંભવ છે. જો યાવન અને રૂપજ આદર અથવા પૂજ્યતાના કારણ રૂપે હોય તો કાદવમાં પડેલાં રત્નનો ગ્રાહક કોણ થશે ? જો કેવળ સુખાવહ સાધનોજ સંપાદન કરવાનું મનુષ્ય કર્મ હોય તો પછી ઇન્દ્રિયદમન તથા બ્રહ્મનિષ્ઠા મેળવી દુઃખ ભોક્તા કોણ થશે ? અને તેથી વધારે, 'સુખ' એ શાસ્ત્રીય દૃષ્ટિથી જોતાં કેવળ ભિન્ન વસ્તુ છે. જેને લોકોના સમૂહો સુખ માને છે તેને તત્ત્વવિત્ પુરૂષો દુઃખ ગણે છે, અને જે લોકકલ્પના શક્તિથી અપર વસ્તુ છે, જે અચિન્ત્યત્વથી વ્યાપક છે, જે દુરન્ત છે તેવા એક પરમાવધિના સત્વને તેઓ સુખ-સ્વરૂપે ઓળખે છે ! તે સુખ પંચેન્દ્રિયદ્વારા ઉપભુક્ત થઇ શકતું નથી; કિન્તુ યોગા-રોહણ કરનારાથી અનુભૂત થઇ શકે છે; માટે માનવ જે સુખનો અનુરાગી છે તે અંતે દુઃખજ છે અને તે દુઃખ માત્ર અધર્મ અનાચાર અને પૂજ્યાપૂજ્યતાનું ફળ છે. સુસ્થિતિ કે સુદર્શન કંઇ સેવા કે પ્રણામને પાત્ર નથી કિન્તુ તેની સાથે ગુણ એજ એક એવો પદાર્થ છે કે જે કોઇ પણ મનુષ્ય કે જડપિંડને આદરણીય બનાવી શકે છે; અને ગુણની મુખ્યતા પછી તેમાં લિંગત્વ અને અવસ્થાના ભેદથી કરીને યશોવૃદ્ધિ થાય છે. માતાપિતાના ગુણની ગણના કરવા જતાંજ મતિ વિરમે છે તેમાં વળી તેનો મહા સાંસારિક ગંભીર અનુભવ અને તેની મૂળ પૂજ્યતા એ આદિથી એક પુત્ર બધી દિશાએ માબાપની સેવા કરવાને બંધાયલો છે, અને માતાપિતાનું વૃદ્ધવય એ પુત્રનું શાન્તિસર છે. તે સરોવરમાં પુત્રકલ્યાણના તરંગો અહોરાત્ર ઉછળ્યાં કરે છે કે જે એક અધમાધમ પુત્રને પણ નિર્ભય માર્ગદર્શક જેવા અવશ્ય થઇ પડે છે.

**अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।**
**चत्वारि तस्य वर्धन्ते आयुर्विद्या यशो बलम् ॥**

જેનો સ્વભાવ હમ્મેશ વૃદ્ધની સેવા અને નમન કરવાનો છે તેના આ ચાર આયુ, વિદ્યા, કીર્તિ અને બળ વધે છે, આ તો સામાન્ય આદેશ છે તો પછી પોતાના માબાપ પ્રત્યે આજ્ઞાનુસાર વર્તન, પ્રણામ અને સેવા એ કેટલાં બધાં જરૂરના છે એ આ પરથી સમજી શકાય તેવું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક પાશ્ચિમાત્ય કવિ માના તરફ સૌમ્યતાનો ઉપદેશ કરતાં કવે છે કે,

Be kind to thy mother for, lo! on her brow,
May traces of sorrow be seen;—
Oh, well may'st thou cherish and comfort her now,
For loving and kind hath shee been.

તવ માતૃપ્રતિ તું સૌમ્ય રહેજે. તું જોકે તેની ભ્રકુટીપર પણ દુઃખના ચિન્હો પ્રતીત થાય છે. અરે હવે તો તેને તું સુખ આપ અને રૂડી રીતે તેનું પાલન કર. તે તારા પ્રત્યે કેવી માયાળુ અને પ્રેમાળ છે!

તે પુનઃ કવે છે કે—

Remember thy mother: for thee she will pray,
As long as God giveth her breath.

તારી માને વિસ્મરતો ના. જ્યાંસુધી તેની છાતીમાં શ્વાસ છે ત્યાં સુધી તે તારા કલ્યાણાર્થે ઇશ્વર પાસે યાચશે.

પૂર્વકાળ અને આધુનિક કાળ એટલો બધો ફેરવાઇ ગયો છે કે સર્વત્ર વિષમતાજ અનુભવાય છે. પાંડવોની માત્રનુસારિણી બુદ્ધિ અને આજે માતૃ તિરસ્કાર વૃત્તિની તુલના કરીએ છીએ ત્યારે હૃદય સભય થયા વગર રહેતું નથી. કેટલાક યુવકોને તો માતાપિતાનું મુખ પણ જોવું ગમતું નથી! શ્રવણ સમાન ભક્ત પુત્રો આજે કોઇજ આર્યગૃહ દીપાવતા હશે. હમણા ઘણે સ્થળે પુત્રો પરિણીત થયા પછી માબાપોને જાણે ઓળખતાજ નથી વા તેઓનાં સાથે તેમને કોઇ વખતે સંબંધજ નહિ હતો એવો આચાર ચલાવે છે. ખરેખર એક પ્રાચીન વિદ્વાન્‌ની આ વાણી સત્ય છે કે—

**कृतार्थः स्वामिनं द्वेष्टि कृतदारस्तु मातरम् ।**
**जातापत्या पतिं द्वेष्टि गतरोगश्चिकित्सकम् ॥**

જેનું કાર્ય સધાયું છે તેવો ચાકર સ્વામીનો; જેને સ્ત્રી મળી છે તેવો પુત્ર માતાનો, જેને બાલક અવતર્યું છે તેવી સ્ત્રી પતિનો અને જેનો રોગ ગયો છે તે દરદી વૈદ્યનો દ્વેષ કરે છે.

માતાનો દ્વેષ! માતાનો દ્વેષ એ પોતાનાજ દ્વેષની બરાબર છે. કૂવામાં રહેતો દેડકો કૂવાનો દ્વેષ કરે તે શું વ્યાજબી છે? આને ચ્હાય તો અજ્ઞાન કહો કે અવિનય કહો, પરન્તુ જ્યાં સુધી માતા અને પિતા તરફ પુત્રની અભક્તિ નિર્મૂળ થવાની નથી તત્પર્યંત આપણી આંતર શાન્તિમાં વૃદ્ધિ થવાને બદલે ભંગ પડવાનો. કોઇ એક પુત્ર યુનિવર્સિટીની અમુક પરીક્ષામાં પાસ થઇને સ્ટીમરમાં બેઠો. પોતાનો પિતા જે ગામમાં હતો તે તરફ આવવા નીકળવાનો તેનો ઉદ્દેશ હતો. પુત્રને મળવાના ઉત્સાહથી તે પિતા સ્ટીમરપર પુત્રને ઉતારવા ગયો. તે પુત્ર ઉતર્યો. પિતા તેને સહર્ષ ભેટયો. આંસુઓ ગળ્યાં. થોડો ઘણો સામાન હતો તે તે વૃદ્ધ પિતાએ ઉંચકી લીધો; એમ કે પોતાના દીકરાને ભાર ન લાગે! રસ્તે ચાલતાં એક મિત્ર તે નવીન ગ્રેજ્યુએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ટને મળ્યો તેની સાથે આ ભાઇ સાહેબ ઇંગ્લિશ કોન્વરસેશનમાં રોકાયા. પિતા બિચારો પાછળ પાછળ ચાલ્યો આવે છે ! તેને જોઇને પેલા મિત્રે પૂછ્યું કે આ વૃદ્ધ કોણ છે? શો ઉત્તર દેવો તે વિચાર થઇ પડયો ! કેમકે ફાટેલાં તુટેલાં લૂગડાં પહેરેલાને, ધોળા કેશવાળાને, પગરખા વગરનાને, હાથમાં સામાન લીધેલાને આ મારો પિતા છે એમ કહેવું એ એક બુટ સ્ટોકિંગ પહેરેલાને, ગોટપીટ સીટવીટ કરનારને, ગળે નેકટાઇ લગાડનારને શું અપયશકર્તા નથી? તેણે ખુલ્લું કહી દીધું કે "મજુર" ! !

પોતાના પિતાને મજુર કહેવો ! શું આ લજ્જાસ્પદ નથી ? આવા આવા પુત્રો કે જે ઇંગ્લિશ કેળવણીથી અહંકાર અને સર્વજ્ઞત્વ હૃદયમાં ધારણ કરી બેઠા છે તેઓ બહુ સ્થળે માબાપને એવી તો હલકી પંક્તિના ગણી કાઢે છે કે તે વખતે એ અધમ પુત્રના જનક અને જનનીને અંતરમાં જે કંઇ કણ્ટક રૂપ દુઃખ પેદા થાય છે તેથી તે નરકગામી પુત્રનુ અહિત પળ વારમાં થઇ જવાનું, જો કે માબાપો બુદ્ધિપૂર્વક પોતાના બાળકોનું અનિષ્ટ વાંચ્છે એ અશકય છે તો પણ ઇશ્વરના ઘરનો આ નિયમ છે કે **જેને દુઃખ અમુક મનુષ્યે ઉપજાવ્યું હોય તે મનુષ્યને તેના બદલામાં તેટલું દુઃખવિધિવશાત્ સહજ પ્રાપ્ત થાય છે.** એ ફરી શકતો નથી. એથી આપણે જનમંડળમાં અચાનક મરણ, સમાપત્તિ, અણધાર્યાં સંકટ, દેહવ્યાધિ ઇત્યાદિ સર્વત્ર નિહાળીએ છીએ.

આવી રીતે સાંપ્રતકાળના યુવકો પોતાના કર્તવ્યમાં બહુ શિથિલ અને મલિન થતા આવ્યા છે અને તેઓ આજ વર્તનશૈલિનું અનુસરણ કરતા કરતા છેવટે કયા કિનારાપર આવીને અટકશે એ અકલ્પનીય છે. તો પણ એટલું તો મનનાં ધારણ કરવું ઉચિત છે કે સ્વધર્માશ્રય કર્યા વિના તેઓ, પોતાના અયોગ્ય વર્તનથી ખોઇ દીધેલી પ્રાચીન પુત્રકીર્તિ પુનઃ પ્રાપ્ત કરવા કદિ પણ લાયકના નહિ થાય. એમ આચરવાથીજ આ ભરતખંડ સુપુત્રવાળો ફરીને કરી શકાય તેમ છે અને ત્યારે જે પુત્રો હાલ પોતાના માતાપિતાઓને અસંતોષ ઉપજાવી ભાગ્યનાશક શાપ સાંભળતા થયા છે તેઓ પોતાની ફરજો શી શી છે એનું યથાર્થ સ્વરૂપ સમજે અને માબાપોની અમૂલ્ય આશીર્વાદની કુસુમમાલા નિજ કણ્ઠમાં ધારણ કરે.

જો ખરા પુત્રનું લક્ષણ શું છે એમ પૂછવામાં આવે તો જે **આત્મસુચરિતથી પિતાનું મન રંજન કરે તેજ પુત્ર** આ વાણી બોલાય છે. હાલ મનોરંજનની વાર્તા તો એક તરફ રહી પણ પિતાની સામાન્ય આજ્ઞા પાળવી કે તેના તાબામાં રહેવું એ પણ પુત્રો બરાબર બતાવી શકતા નથી. જ્યારે તેઓ આ એક અલ્પ ધર્મથી મુકત થવાને બ્હીતા નથી ત્યારે સ્વયંભૂ બ્રહ્માએ તેઓપર મૂકેલા એક મહાધર્મનું પાલન તેઓ શી રીતે કરી શકશે ?

**पुन्नाम्नो नरकाद्यस्मात्त्रायते पितरं सुतः ।**
**तस्मात्पुत्र इति प्रोक्तः स्वयमेव स्वयंभुवा ॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુત્રનું કર્તવ્ય પિતાને નરકમાંથી બચાવવાનું છે કે જે નરકનું નામ પુત્ કરીને છે. આથીજ તેનું નામ પુત્ર કરીને પડયું છે. આ કથન પ્રમાણે પુન્નરકમાંથી તારનારા કેટલા પુત્રો અત્ર વસે છે એની અટકળ જરા કરો ! જ્યાં પુત્ર પિતાને ક્ષુધાના દુઃખથી નિવૃત્ત કરવા ઉદ્યત નથી ત્યાં તેને, મારે તેનું પુત્ નરકમાંથી તારણ કરવું છે એ ગહન ધર્મની ખબરજ કયાંથી હોય ? કોઇનું દુઃખમાંથી રક્ષણ કરવું એ કંઇ આંતર ભક્તિ વિના બની શકે તેવું નથી. જ્યાં મૂળમાં પુત્રને પિતા માટે લગાર આદર કે ભકિત નથી ત્યાં તે નરકના રૌદ્ર સંકટોને વહન કરવાને સજ્જ થઇ પિતાનું તારણ કરવા દોડે એ કેવળ અમાનનીયજ ગણાય.

આજે ખરાને માન આપવાને બદલે જુઠાને માન અપાય છે. દોષીને નિર્દોષી અને નિર્દોષીને દોષી તરીકે પિછાનવામાં આવે છે. પૂજ્યનો તિરસ્કાર અને અપૂજ્યનો આદર થાય છે. પંડિતોને નિરાશા અને મૂર્ખોને ઉત્તેજન અપાય છે. સત્યનો ધિક્કાર અને અસત્યની પૂજા થાય છે. એક પુત્રની સેવાનું પાત્ર પત્ની થઇ પડી છે જ્યારે પોતાની માતાને દાસીની પદ્વીને પહોંચાડવામાં આવે છે. બેન, ભાઇ,પિતા આદિ સગાંઓને દૂર કરી તેને બદલે સાળી, સાળા, સસરાઓથી પોતાના ગૃહને શોભિત બનાવે છે કે જેનું દર્શન હિંદુસંસારમાં પ્રત્યક્ષ દેખાય છે. પોતાની પત્ની કે સંતતિના કુશળવર્તમાન, એક પુત્ર ઘણીવાર પૂછશે પણ પોતાના માતાપિતાઓ શું કરેછે, શું ભોજન લે છે, કેવી સ્થિતિમાં વસે છે, કેમ દિવસ ગુજારે છે એ કંઇ પણ જાણવાની ઇચ્છાજ નહિં બતાવે. આથી માબાપોના અંતઃકરણમાં કેવા કેવા પ્રકારનો દુઃખાનુભવ થતો હશે, એ પાપી પુત્રના ધ્યાનમાં શું આવવાનો સંભવ છે ? એ દુઃખાગ્નિમાં દગ્ધ થઇ રહેલો પિતા અને શોક સાગરમાં નિમગ્ન થઇ રહેલી માતા આ વખતે એવો નિશ્ચય કરે છે કે અરે હું પુત્રવિના કયાં બેઠો વા બેઠીતી ” ઘણીવાર જુવાન પુત્રો મોહાવેશમાં આવી જઇ પોતાના માબાપને માર મારતા સાંભળવામાં આવે છે. અરે ! આવી બુદ્ધિ આર્યપુત્રમાં આજે વ્યાપ્ત થઇ રહી છે. શિવ ! શિવ ! હવે આર્યનામ આવા પુત્રોને લગાડવું એ તે પરમ મૂલ્યવત્ નામનું ભૂષણ ઘટાડવા જેવું બને છે. ભવિષ્યમાં સુખ આપશે એવી જેનાપર આશા રખાય છે તેઓ આવી રીતે પોતાના માબાપનો પાછલો જન્મારો ધૂળમાં મેળવે છે. માતપિતાઓ જ્યાં સુધી પોતાનું શરીર હાલે ચાલે અને કામ કરી શકે તેવી સ્થિતિમાં હોય છે ત્યાંસુધી સંતતિને ખાતર આખો દિવસ આમ તેમ અથડાય છે, શરીરના અને માનસના સંકટો સહી લે છે. પુત્રઇચ્છિત વસ્તુઓ પૂરી પાડવા અનેક સામગ્રીઓ પોતાની શકિત ન હોવા છતાં, સાધવા યત્નારૂઢ રહે છે; માત્ર તેના હૃદયમાં એક આશાદીપક પ્રકાશિત હોય છે, તે એ કે મારી વૃદ્ધતામાં મારૂં પાલન કરનારો આ છે; પરંતુ આ આશાનો દીવો પુત્રની નિષ્ઠુર વર્તણુકથી સહસા હોલાઇ જાય છે અને તે વખતે કેટલાક માબાપોની અંતરવસ્થા અતિશય દયાજનક બને છે કે અહાહા ! જ્યારે લગ્ન થયા ત્યારે શું ખબર હતી કે આ પરિણામ આવવાનું છે !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખરૂં છે કે આવા કુપુત્રના જનક અને જનનીનો જન્મ નિષ્ફળ જાય છે. તેઓએ પોતાનું યૌવન પુત્રાદિકનું પોષણ પાલન કરવામાં વ્યતીત કર્યું હોય છે, એટલે તેઓ તે સમયમાં કંઈ ધર્મોપાર્જન કે વિશ્વહિતમાં પોતાનું લક્ષ આપી શકતા નથી; કિન્તુ આમ કરવાનો ઉદ્દેશ, તેઓ તે કર્તવ્યકર્મ વૃદ્ધ વય પર મૂકે છે એ છે. પશ્ચાત્ ઘડપણમાં તેઓનું જીવન નિરાશ્રય થઇ જવાથી, શરીરગાત્રો જર્જરીભૂત થવાથી અને હૃદ્દેશમાં ગ્લાનિના શંકુઓ ખોડાવાથી કંઇપણ ઉત્તમ સાધનને યોગ્ય થવા અસમર્થ બને છે. એક પ્રસિદ્ધ અંગ્રેજ નિબંધ લેખક આ પરથી એવો નિયમ ખેંચી કાઢે છે કેઃ—

The noblest works and foundations have proceeded from childless men which have sought to press the images of their minds where those of their bodies have failed.

" મહા ઉદાત્ત કાર્યો અને સંસ્થાપનો અપુત્ર પુરૂષોએ બજાવેલા છે. જયારે દેહની પ્રતિકૃતિઓ ઉદ્‌ભૂત કરવાને તેઓ નિષ્ફળ થયા છે ત્યાં તેઓએ તેઓના મનની આકૃતિઓ બતાવી આપવાનું અન્વેષણ કરેલું છે. " આ ફ્રાન્સીઝ બેકનનું કથન પ્રાયેણ સત્ય પડે છે. એ આપણે બહુધા જોઇએ છીએ તદપિ એમ ઠરતું નથી કે અવિવાહ એ ઉત્તમ છે. યૌવનમાં એથી સમય પરત્વે આત્મસંયમ ન રહેવાથી લોકો અહિતકારક રસ્તે ઉતરી પડે એ ભીતિ અવિવાહમાં સંભવે છે અને તેથી એક દુઃખના નિવારણાર્થે યોજિત ઉપાયો જેમ દુઃખ વધારી દે છે તેમ આમાં થાય એ લગાર પણ અમાન્ય નથી.

હાલ પિતાપુત્ર સંબંધી ચાલતા બનાવો જો લક્ષમાં લઇએ તો તે આવા ઉદાહરણોથીજ ભરપૂર છે. ગર્વદાસે પરણ્યા પછી પોતાની માને દાસીની પેઠે રાખી છે, કોપચતુર પોતાની જનનીને ગાળો દે છે. અધર્મદાસે પોતાના બાપને ઘરમાંથી ધક્કા મારી કાઢી મેલ્યો. લાલદાસ પોતાની માના ઘરેણા ચોરી નાસી ગયો. ફુલણચંદે પોતાના બાપનું અપમાન કર્યું. મફતચંદે બાપને ઓરડીમાં પૂરી રાખ્યો અને ત્રિપાદશંકર પોતાના પિતાને ખાવા નથી આપતો.

આવા વેષો નવા નથી પણ ભજવાતા આવ્યા છે અને હજી ભજવાય છે. આવી સંતતિ આ જમીનની સપાટીપર કેવળ ભારભૂત નથી શું ? તેઓ જનમંડળમાં શું અયોગ્ય ઉપદ્રવનું કારણ નથી ? શું પ્રાચીન ઋષિમુનિયોએ એમ કલ્પ્યું હશે કે આ ભારતવર્ષમાં આવા પુત્રો ઉત્પન્ન થનાર છે ? કાનને અપવિત્ર કરનારા અને અતિ સંતાપકર આ વર્તમાનો શું આ દેશની અધોગતિદર્શક નથી ? માબાપની સેવા ન કરવી એ શું પરાક્રમ છે ? માબાપની અસેવા એ કલંક્ય છે. જે પુત્રના રોમરોમમાં માબાપ સેવાના અવિછિન્ન પરમાણુઓ ભર્યા છે તે પુત્ર ખરો પરાક્રમી અને ભાગ્યશાળી છે. જે પુત્ર પોતાના માતાપિતાપ્રત્યે પ્રેમ રાખવાનું શીખ્યો નથી, જે પુત્ર પરિણીત થયા પછી સ્વચ્છંદી થઇ વર્તે, જે પુત્ર પોતાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાલ્યાં સમીપ પોતાના માત પિતાનું પદ, અધિકાર, પૂજ્યતા વા ગૌરવ ન જાળવે, જે પુત્ર પોતાની પત્ની સાસરાવાળા કે એવાજ કોઇ પક્ષની ખાનગી શિખવણીથી ઉસ્કેરાઇને પોતાના માબાપને માન આપવાને બદલે તેનું અપમાન કરે, જે પુત્ર પોતાના માબાપનું વૃદ્ધત્વ જોઇ તેની ચાકરી કરવા ટાણે શરમ ધરે, જે પુત્ર પોતાની માને ગમેડી અને બાપને મૂર્ખ કહે, તે પુત્ર ગમે તેવો વિદ્વાન ધનવાન કે ગુણવાન હોય કિન્તુ તે માબાપ સેવાના અદ્વિતીય ગુણથી રહિત રહેવાથી, અભણ, નિર્ધન અને દુર્ગુણીજ છે. ખરી વિદ્યા તેજ શીખ્યો કે જે માબાપની વિનયપૂર્વક સેવા કેમ કરવી તે યથાર્થ જાણે છે; ખરૂં ધન તેણેજ મેળવ્યું કે જે માબાપના અનન્ય ઉપકારોનું સ્મરણ કરતો થકો તેની આજ્ઞા ઉઠાવવા તત્પર રહે છે અને અપૂજ્યને નમતો નથી. જે ઇહલોકના માતપિતાનો સંતોષ સંપ્રાપ્ત કરી નથી શક્યો તે ત્રણ ભુવનના સ્વામીને કેમ રંજન કરવાનો ?

"A wise son rejoiceth the father but an ungracious son shames the mother."

આ શબ્દો સોલોમનના છે. સુજ્ઞ સુત પિતાને ખુશી કરે છે જ્યારે નિર્દય આત્મજ માતાને શરમ પમાડે છે. જો પુત્ર સારો નીકળે છે તો પિતા કીર્તિ મેળવે છે, પણ જો તે જનમંડળમાં કંઇ દેખાવ ન કરી શકે તો માતાપર દોષ આવે છે; માટે પોતાના માતા કે પિતાનું નામ અમર કરવું હોય, પોતાના વંશને દીપાવવો હોય દુનિયામાં પ્રસિદ્ધતા મેળવવી હોય તો જરૂરનું છે કે એક પુત્રે નીતિપથે ચાલી સદાચરણી થવું. દાશરથિ રામચંદ્રે પોતાની માતા કૌસલ્યાનું નામ જગતમાં પ્રખ્યાત કરી દીધું છે. ભરતખંડનો શિવાજી માતાના નામપર પ્રાણ સમર્પણ કરનારો મહાવીર હતો અને માતા ભવાનીના આશીર્વાદથી તે ઔરંગજેબ બાદશાહની સલ્તનત હચમચાવી નાંખવા સમર્થ થયો હતો. મહાન નેપોલિયન બોનાપાર્ટ માતાની દરેક આજ્ઞા પાળવામાં સજ્જ રહેતો હતો. આ દૃષ્ટાન્તો આપણને શો બોધ કરે છે ? માત્ર એટલોજ કે એ દરેક પુત્રની પ્રથમ ફરજ છે; અને તે પૂર્ણ વિવેકભાવથી અદા કરનાર પુત્ર પરમ સફળતાને પામે છે.

આધુનિક કાળમાં ઘણા કારણો એવાં ઉપસ્થિત થાય છે કે જે એક પુત્રને માબાપ સેવાથી વિમુખ રાખવાના નિમિત્ત રૂપે હોય છે. કેટલાક છોકરાઓ દેખાદેખીથી વા બહુ લાલન પાલનના અંશથી માબાપને હલકે નામે બોલાવવાની ટેવમાં ફસેલા છે અને આ ટેવ શનૈઃ શનૈઃ સ્થૂલતામાં આવીને માબાપની અવગણના કરાવનારી બને છે. તેઓ પોતાના સમોવડીઆ દોસ્તદારો વા સાથીઓની નજરમાં હલકા ન દેખાય તે માટે માબાપની ભક્તિને હૃદયમાંથી તિલાંજલિ આંપતાં શીખે છે અને તેઓની કંઇ આજ્ઞા માનવી કે કામ કરવું એ તેમને હલકું લાગતું હોવાથી ઝાઝો વખત માતાપિતાના સહવાસથી મુક્ત રહેવા મનમાં ઇચ્છા કરે છે. માબાપો તો સ્વભાવતઃ હિતસ્વી હોવાથી નિરન્તર પુત્રા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દિકને હિતમિતબોધ આપવાનો યત્ન જારી રાખે છે પણ આવા ઉપદેશથી બાળકો કંટાળે છે અને આપણો પિતા કે માતા બકબક કરવાની ટેવવાળા છે એમ ધારી લઈ તેઓના માર્ગદર્શક વચનોનું વજન બહુજ અલ્પ કરે છે વા કરતાજ નથી. સ્ત્રીવાળા પુત્રો પોતાના ઘરમાં નવોઢા બેઠેલી હોય ત્યારે માબાપની કોઇ પણ પ્રકારની શુશ્રૂષા કરવી એને અત્યંત હલકું કામ માને છે એટલુંજ નહિ પરંતુ પોતાની પ્રિયાને આત્મીય મોટાઈ બતાવવા માબાપને અયોગ્ય રીતે ધમકાવે છે અને હાંસી કરે છે. આ વર્તન શું કોઇપણ દરજ્જે એક દંપતીને માટે શ્રેયઃપદ છે? આજ કાલની ઉછરતી પ્રજા ઉંધુંજ આચરણ કરે છે. માતાપિતાની સેવા કરવી એ હલકું કામ અને પત્નીના પદની પૂજા કરવી એ ઉંચું કાર્ય! એકપત્નીવ્રત પાળવું એ અધમ પણ ગણિકાને નચાવવી એ ઉત્તમ! સંસ્કૃતવાણી ઉચ્ચારવી એમાં શરમ પણ યાવની ભાષા બોલવી એમાં મ્હોટાઇ!! કોઇ માણસ પ્રભાતમાં દૂધ પીએ તો એમ પૂછવાનું કે "ભાઈ તમને ચાહ વગર કેમ ચાલે છે? આપણો તો ચાહ વિના દિવસ ન જાય, તમને એના ટેસ્ટની ખબરજ નહિ એટલે શું કહેવું" પોતે પૂછનારા જાણે બધા ટેસ્ટની વિજ્ઞાન કરનાર! મોટું વય થઇ જાય અને પુત્રીના લગ્ન કરાય તો તે મહા પાતક. બાળા હોય ત્યારે પરણાવાય તો તે સામાન્ય, પણ ગર્ભમાં હોય ત્યારેજ આગળથી અરસપરસ કબુલાત અપાઇ જાય તે તો સર્વોત્તમ! કુતરા, ઘોડા એ વગર તો મનુષ્યથી બીજે સ્થળે ગમન ન કરી શકાય પણ ગાય વગર ચાલે! ગુરૂ સાથે વાદ કર્યા વિના પોતાની વિદ્વત્તા કેમ વ્યક્ત કરી શકાય?—પણ શત્રુ પાસે નમન કરાય એમાં કંઇ નહિ! સત્યનાં એક પાઈ ખર્ચાઈ જાય તો તે વાસ્તવિક નહિ; પણ દુર્જન ગમે તેટલું લઈ જાય!! વાદવિવાદ, ગપસપ, નિંદા એમાં દિવસોના દિવસો ચાલ્યા જાય તેની ફિકર નહિ પણ સજ્જન સંગ એક ક્ષણપણ કર્યો તો મોટું અનિષ્ટ થઈ ગયું!! પારકા દેશના લોકોને ઘરમાં ઘાલી ખૂબ ભોગ્ય ભોજ્યથી તૃપ્ત કરવા એ તો ધર્મ, પણ પોતાના દેશીઓ પાસે એક કોડી પણ ગઇ તો મોટો ખરખરો! આ સ્થિતિ આજ આ ઋષિ મુનિના સ્થાનમાં પ્રવૃત્તા થઈ ગઇ છે, ચોતરફ વિવિધતા વિરૂદ્ધતાનું દર્શન થાય છે; મોટા ખેદની વાત છે કે તેમ થતાં આર્ય ધર્મપર સજ્જડ ફટકા પર ફટકા પડતા જાય છે. ઓ આર્ય સંતતિ! ઓ આર્ય દેશની પ્રજા! ભરતકુલોત્પન્ન બાળકો! આ બધાનું પાપ તમારાપર છે. તમે તમારી ફરજો તરફ પાછું વાળી જુઓ. તમારા પૂર્વ આચાર વિચારને જાગૃતિમાં લાવો. સમય બહુ ગયો છે. તમારા પિતૃઓ મૃતપ્રાયઃ થઇ મૂર્ચ્છામાં પડયા છે. તેની પુનઃ પ્રકાશાવસ્થા માટે ભક્તિ ભાવનો આશ્રય લો. તમારા પોતાના ઉત્પાદક વૃક્ષનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાલન નહિ કરો તો બીજા તરૂઓની સંભાળ કેમ લઈ શકશો ? તમારી જોખમદારી કંઇ નાનીસુની કે જેવી તેવી નથી. આખા દેશને તારનારા થાઓ પણ ડુબાવનારા ન થાઓ. આર્યગ્રંથ વાંચો. તેમાં તમારા ધર્મોનું દિગ્દર્શન બરાબર કરાવવામાં આવેલું છે તે પ્રમાણે ચાલો. ગતવર્તનની પદ્ધતિ ત્યજીને વિહિત આદેશોને અનુસરો.

માતપિતા નીચે પરતંત્ર રહી વ્યવહાર ચલાવવો તેમને ગમતો નથી. માતાપિતાનું ધન મેળવવા તેઓ અહર્નિશ ઉત્સુક હોય છે. ધનિક પુત્રોમાં ગરીબના છોકરાઓ જેટલી આર્દ્રતા હોતી નથી કારણ કે જેમ સંબંધ અને પ્રસંગ વિશેષ તેમ સ્નેહની ગ્રન્થિ વધારે મજબુત. ધનિકો પોતાના પુત્રો જોડે ઝાઝા સહવાસમાં આવતા ન હોવાથી પુત્રોના હૃદયમાં પિતૃપ્રેમ સ્થાયી રહેતો નથી, જ્યારે ગરીબના પુત્રો હમેશ પોતાના ગરીબ માબાપોની દેખરેખ અને આશ્રય નીચે રહેવાથી તેઓમાં માબાપના ઘણા ખરા ગુણો અવતરે છે અને તેની સાથે તેઓનો પ્રેમ પણ અચળ રહેતો જોવામાં આવે છે.

આથીજ આપણે ઇતિહાસદ્વારા સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે રાજકુંવરોએ પોતાના પિતા મૃત્યુગામી થાય અને પોતે રાજ્યારુઢ થાય તેવી પેરવી કરવાનો યત્ન કરેલો છે. આનું મુખ્ય કારણ પિતા પુત્રના અતિ પ્રસંગનો અભાવ એ છે અને પ્રસંગ કે સહવાસના અભાવથી સ્નેહગ્રન્થિ બરાબર જામી શકતી નથી એ નિર્વંદ છે. ધનવાનના પુત્રો પણ ઘણીવાર પોતાના પિતાના મૃત્યુની વાંચ્છા રાખે છે કારણ કે તેઓમાં પદવી લોભ, ધનલોભ, ભોગલોભ ઈત્યાદિથી સત્યજ્ઞાનનો તિરોભાવ થયલો હોય છે. નિર્ધન લોકોમાં આવા વ્યતિકરો નથી બનતા.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્યાદિથી પર્યાકુલ કોણ નથી થતું ? તારૂણ્ય કાળમાં તો આ સર્વ ગુણોનો ઉદય ભાનુ પ્રકટ થવા લાગે છે ત્યારે, એક યુવાન પુત્રને મોહોત્પાદક વસ્તુઓપર મોહ, અરૂચિત વસ્તુઓપર ક્રોધ, સમાન સાથે માત્સર્ય, પ્રિયવસ્તુઓપર કામ, લઘુ ને ક્ષુદ્રતર ગણવાથી મદ અને ક્ષીણતાના ભયથી લોભ કેમ ન થાય ? પછી આ સર્વ અવગુણોની શ્રંખલાને વિદારનાર જે વિવેક, વિચાર અને ધર્મ તે તો તેનામાં બીજ રૂપે પણ નથી ! હવે તેનું મન સ્વકૃત્યની સીમા કુદાવી અકર્તવ્યમાં ધસે છે અને પછી માતૃપિતૃ પ્રેમનો નાશ, આમન્યા, આદરનો અભાવ એ સહજ જન્મ લે છે. માબાપનું ગૌરવ ન જાણનારા પુત્રો કેવી રીતે પાયમાલ થાય છે એ નીચલી કથાપરથી વ્યકત થાય તેવું છે

વર્ધમાન નામના એક ધનવાન નગરશેઠને ઘેર વસંત નામના પુત્રનો જન્મ થયો. વસંતને કૌમારકમાં બહુ લાલન પાલન મળ્યું તેથી શરીરે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હૃષ્ટપુષ્ટ અને બળવાન્ બન્યો. શેઠ વર્ધમાનને એકનો એક પુત્ર હોવાથી વસંતપર તેની મમતા અતિશય વધી. વસંત નાનપણમાં પોતાના પિતાને હલકે નામે બોલાવે, તું તું કરે, તેની મૂછ તાણે તથાપિ વર્ધમાન તેની આ સર્વ ચેષ્ટાઓને બાલિશ ગણીને, પોતાના પુત્રને મર્યાદા કે વિનય શિક્ષણ આપવું જોઇએ એમ જાણવા છતાં, તે પોતે એમ કરે તો બાળકનો આનંદ ખંડિત થશે એવું ભય રાખી એમને એમ ચલાવવા લાગ્યો. આથી થયું એમ કે વસંત સ્વેચ્છાચારી બનવા લાગ્યો ! તેને પોતાની મરજી મુજબ ધન મળતું હોવાથી ધનનો ઉપયોગ શી રીતે કરવો તે પણ કોઇ વખત સુજતું નહિ. ધનહરા મિત્રો વસંતની પાછળ ફરવા લાગ્યા અને તેને ફોલી ફોલીને ખાવાની શરૂવાત કરી. અહોરાત્ર વસંત ઘણું ખરૂં બહારજ ફરતો અને રહેતો થયો અને ઘરમાં એક ઘડી પણ સ્થૈર્યપૂર્વક નિવાસ તેને કડુ જણાયો.

આ વસ્તુગતિ પ્રવર્તમાન હતી તેટલામાં વસંતનું આ વખતે કોઈ સારા ઘરની કન્યા સાથે લગ્ન કરી દેવું એ વર્ધમાને યોગ્ય વિચાર્યું. અતુલિત ધન ઉડાડવાનો, આખા નગરમાં અટલ કીર્તિ પ્રસરાવવાનો અને મોટી ધામધુમવાળો વસંતવિવાહ સમારંભ થયો. પરણ્યા બાદ વસંતે એક બીજેજ સ્થાને ગમન કરવા માંડયું. કપટરાજ કરીને એક દંભી તે નગરમાં મોટા ઠાઠ માઠથી રહેતો હતો. આ કપટરાજે વસંતપર પોતાની મોહજાળ પાથરી. તે એટલે સુધી કે વસંતને દહાડામાં એકવાર તેને મળ્યા વગર ચાલેજ નહિ. આમ વધતા વધતા પ્રસંગથી એક વખત કપટરાજે વસંતનું મન ફેરવ્યું. તેને સમજાવ્યું કે ગમે તેમ કરીને તારે તારા પિતાથી જુદું રહેવું કે તેથી હું તારે ઘેર વગર હરકતે આવી શકું. એથી બે લાભ થશે. એક તો એ કે તારા પિતાના દ્રવ્યનો મોટો ભાગ એકી વખતે તારા સ્વાધીન આવશે અને બીજો એ કે તારી સ્વતંત્રતામાં અજાયબ વધારો થશે. યોગ્યાયોગ્ય વિચારવાની જેનામાં શક્તિ નથી તેવા વસંતને આ કપટરાજનું કહેવું અત્યંત પ્રિય થઇ પડયું. તે પરબારો ગૃહપ્રત્યે ગયો. જતાંજ તેણે વર્ધમાન શેઠ જે હવે વયોવૃદ્ધ થયા હતા તેને પોતાનો વિચાર જણાવી દીધો. આ વચનો પિતાને વજ્ર પ્રહાર સમાન લાગ્યાં; અને તે ગદ્‌ગદ્ સ્વરે પુત્રને કહેવા લાગ્યો.

" અહો વસંત, તને અન્ય સ્થળે જવાનો શો હેતુ છે ? અહિંયા તારા માતાપિતાની નજર સમીપ રહેવામાં તને શું વિઘ્ન નડે છે ? તમે જાયાપતી મારા દૃષ્ટિગોચરમાં રહો; તેથી મને તથા તારી માતુશ્રીને સુખ છે, જે ચિન્તા હોય તે સવિસ્તર વિદિત કર કે જેથી હું તેનું સત્વર વિવરણ કરૂં." આ માયાયુક્ત પિતૃવચનનું શું ઉત્તર આપવું એ વસંતને પલભર તો સુઝયું નહિ. તે તો પુનઃ પોતાના નિશ્ચય વાકયનું પ્રતિપાદન કરવાના ઉદ્દેશથી આટલુંજ વદી શકયો કે " બાપા, ગમે તે મને કહો પણ મને તમારી જંજાળથી છુંટ્ટું રહેવાનો ઇરાદો થઇ આવ્યો છે તે હું ફેરવી શકનાર નથી."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્ધમાન-પુત્ર, હું તને કંઇપણ જંજાળનું કારણ આપું છું એમ મારા ખ્યાલમાં પણ આવી શકતું નથી. તારાપર મેં કોઇ પણ પ્રકારનો બોજો મૂકેલો નથી અને તું સ્વેચ્છાનુસાર વર્તન કરે છે એ મારાથી અજ્ઞાત નથી તથાપિ મેં કદિપણ તારા આનંદમાં ભંગ પાડવાનો યત્ન સરખો પણ કરેલો છે એમ મને યાદ નથી. તું આખો દિવસ કયાં અને કેવી રીતે ગુજારે છે એ મેં તને એક વખત પૂછેલું પરંતુ જ્યારે તે સમયે તું કોપિત થઇ ગયો તે દહાડેથી મેં તને તે પૂછવું પણ માંડી વાળેલું છે. આટલી બધી તને મુક્તિ આપવામાં આવી છે તે છતાં તું વિશેષ સ્વાતંત્ર્યસ્પૃહા રાખે છે એ વાસ્તવિક રીતે જોતાં અનુચિતજ છે,

વસંત-( ઉચ્ચસ્વરે ) હું આ ઠેકાણે મારો વિચાર તને સ્પષ્ટ જણાવી દેવા આવેલો છું. લાંબી ટુંકી મૂકીને મારા કહેવાનો ખુલાસો કર. વૃદ્ધ મનુષ્યો બહુ બોલા હોય છે. " ટુંકું ને ટચ " એ સમજતાજ નથી.

વર્ધમાન-( સવિસ્મય ) આજ આ આટલો બધો ઉશ્કેરાય છે કેમ ? હજી કાલ તો તે ઘણો શાન્ત અને સરલ હતો પણ હું ગુંચવણમાં કેમ પડું છું ? **संसर्गजा दोषगुणाः**! એની મૈત્રી જો કોઇ કુત્સિત માણસ સાથે બંધાઈ હોય તો આ પરિણામ આવવા સંભવ છે ખરો. ( પ્રકાશ ) ભાઇ, બાપુ, તું ગાભરો થા મા. તારી ઇચ્છા જો હમણાં એકાંત નિવાસ રાખવાની હોય તો તેમ કર, પણ તારે મારી પાસે બે વાર તો મોઢું દેખાડવા જરૂર આવવું પડશે.

વસંત-( ઊર્ધ્વમુખ રાખી ) હા. મને નવરાશ મળશે તો આવી જઇશ.

વર્ધમાન—( વિચારપૂર્વક ) ગુલાબની સુગંધ લેવી હોય તો કાંટા પણ વાગે.

આ સંવાદ થયા પછી વસંત તરતજ કપટરાજને ઘેર ગયો જ્યારે વર્ધમાન પુત્રવિયોગના શોકથી કરૂણ સ્વરે વિલપવા લાગ્યો કેઃ—

**દિવાના દીકરાના દુઃખની વાતો કયાં જઇ કહીએ ?**
**હૃદયપર મુષ્ટિ મારી, નિજ અંતરમાં સમજી રહીએ- ધ્રુવ.**
**ધરે ના લેશ કાને, હિતના વચનો હેત સાથે;**
**કદાપિ જાય કાને, પણ નવ રાખે એક હુઇએ- દિવાના.**
**બતાવ્યો હોય રસ્તો, તે છોડીને બીજે દોડે;**
**અજાણ્યા આપણે કયાં, તેની પાછળ દોડી જઇએ ?–દિવાના.**
**સવારે કાંઇક બોલે, સાંજે ગોળા કાંઈક ફેંકે,**
**અરેરે ! એવાની કયાં છાતી ઠોકી ખાત્રી દઇએ ?–દિવાના.**

વર્ધમાનના ચિત્તમાં જ્યાં આવા વિચારો ઘોળાય છે, ત્યાં કપટરાજ અને વસંત જૂદી ઘડતર ઘડવામાં રોકાયા હતા. વસંતની પત્ની ચન્દ્રપ્રભા પણ નવીન નિવાસ સ્થળમાં આવીને રહે એવી ગોઠવણ કરવી એ કપટરાજનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હેતુ હતો. વસંતે તે તરતજ કબુલ કરી દીધું. બીજે દિવસેથી વસંતનું વર્તન તદ્દન ફરી ગયું. એક બે વાર તેણે માબાપ સામે બહુ ઉગ્ર શબ્દોનું ભાષણ કર્યું. ચન્દ્રપ્રભાની ઇચ્છા સાસુસસરાથી દૂર વસવાની કદિ પણ ન હતી, તે છતાં વસંત તેને હઠાત્કારે પોતાને મુકામે તેડી ગયો. પહેલા બે દિવસ સુધી તેણે પરાણે માબાપ પાસે એક આંટો ખાધો હતો પણ કપટરાજે તેને એકદમ અટકાવ્યો. મા શું અને બાપ શું ? એની પંચાતમાં પડી રહીએ તો ભોજન પણ કરાય નહિ. આવા આવા વાક્યોથી વસંતને સંપૂર્ણ સમજાવવામાં આવ્યો. વસંતે પણ પિતૃમંદિરમાં જવું છોડી દીધું. કપટરાજ રાતદિવસ વસંત સાથે પડી રહેવા લાગ્યો. તેની એક બુરી મતલબ અહિં રહેવાની એ હતી કે વસંતની પત્ની ચંદ્રપ્રભાને પોતાની કરી લેવી. ચતુરી કપટરાજનો આંતર ભાવ જાણી ગઇ. તેણે તરતજ વસંતને સાસુસસરાની સેવામાં કાળ ગાળવો છે એ નિવેદન કર્યું. પ્રથમ વસંતે તો ના પાડી પરંતુ ચંદ્રપ્રભાનો પોતાને પણ કંટાળો આવવાથી તેને ત્યાં મોકલાવી દીધી. કપટરાજની એમાં અનુમતિ ન હતી તોપણ તેણે આ ઇષ્ટ સમયમાં પોતાનું બીજું કર્તવ્ય સાધી લેવાને યત્ન કર્યો. વસંતને મદ્યનો સ્વાદ ચખાડી તેની પાસેથી પૈસાની મોટી મોટી રકમો હાથ કરવા માંડી. આથી વસંતને વધુ દ્રવ્ય મેળવવાની જરૂર પડી.

આ બાજુ ચન્દ્રપ્રભાએ પોતાના પતિની મનઃસ્થિતિ કેવી હતી તેનો કાંઇક ખ્યાલ સાસુ સસરાને આપ્યો. વર્ધમાન બહુ ખેદિત થયો. દરમ્યાન વસંતનું ત્યાં દ્રવ્ય પ્રાપ્તિ માટે આવવું થયું. પિતાએ પુત્રને બહુજ ઉત્તમ ઉપદેશ આપ્યો, પણ વસંતે તે તરફ દુર્લક્ષ આપ્યું. તે વખતે તેણે પૈસાની મોટી કોથળી પટારામાંથી કાઢી અને ચન્દ્રપ્રભાને જો તું મારા માતપિતાને આ વિષે કંઇ જણાવીશ તો મરી જઈશ; એવી ધમકી આપી પલાયન કરી ગયો.

ચન્દ્રપ્રભાદ્વારા પુત્રના ધનહરણની ખબર મળતાં વૃદ્ધ વર્ધમાન ત્વરિત વસંત પાસે આવ્યો. તેણે વસંતની બાજુમાં લાલ મોઢાવાળા અને કરડી આંખો વાળા કપટરાજને જોયો ત્યારે એકદમ તેનો હાથ પકડી ઉઠાડ્યો. વસંતે પોતાના પિતાને સાફ કહ્યું કે, " ખબરદાર ! મારા બંગલામાં આવેલા કોઈ પણ માણસનું અપમાન તમને કરવાનો હક્ક નથી. સુધારાની રીતભાત ઘરડાં લોકો જાણતાંજ નથી." વર્ધમાન ગર્જી ઉઠયો. " ચાલ, હું તારી સર્વે રીત-ભાત સારી રીતે જાણવા પામ્યો છું. આના જેવા અનાચારી મિત્રોને ઘરમાં તું ઘાલે ને હું મુંગો મુંગો જોયા કરૂં એ કદાપિ બની શકનાર નથી. ( કપટરાજપ્રતિ ) જા, તારે વસંત સાથેનો સંગ આજથીજ તોડી નાખવો અને જો—" વર્ધમાનનું વકતવ્ય પૂર્ણ થાય તે પૂર્વે કપટરાજ પોતાના માન ભંગથી સરોષ થઇ બોલ્યો " બસ વસંત, તારા પિતાની ખામીભરેલી વર્ત-ણુકથી હું કેવળ નારાજ થયો છું અને હવે છેલ્લી સલામ છે. " પોતાના જાની દોસ્તના આમ એકાએક ચાલ્યા જવાથી વસંતને બહુજ ખોટું લાગ્યું. તેણે પિતાને હુંકારો દુંકારો કર્યો એટલુંજ નહિ પણ " મારા મકાનમાંથી ચાલ્યા જાઓ, નીકળી જાઓ " એવા પોકારો કરી તેને ધક્કો માર્યો. વર્ધ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માન શેઠ આથી પડી ગયા; એને સ્વયં ઉઠવાનું ભાન કે સામર્થ્ય પણ રહ્યું નહિ. જો આવીરીતે વધારે વખત વીતશે તો હોહા થઈ જશે એવી ધાસ્તીથી વસંતે પોતાના નોકરને આજ્ઞા કરી કે "જા આ ડોસાને ગાડીમાં ઘાલી ઘેર મૂકી આવ".

પાઠકગણ! આવા વસંતો આજકાલ જો હું ભૂલતો ન હોઉં તો દરેક ઘરમાં તેના જેવું થોડું કે ઘણું વર્તન ધારણ કરી વસે છે. જેના ઘરમાં સદાચારી પુત્રાદિક હશે તે માબાપ ઇશ્વિરના પૂર્ણ રીતે આભારી છે; કારણ કે સારી ભાર્યા, સારાં સંતાન અને સારી બુદ્ધિ એ મહાપુણ્ય વગર પ્રાપ્ત થવાં મુસ્કેલ છે; એમ જે વિપશ્ચિત્પુરૂષો કહે છે એ અક્ષરશઃ ખરૂં છે. ચરમ વિચ્છેદની (last paragraph) અંતિમ પંક્તિમાં દૃષ્ટિગોચર થશે કે પિતાને માટે ડોસો કે ડોહલ એ અભિધાન પ્રયોજાય છે. શિવ! શિવ!! પિતાનું એ ઉપનામ? દેવપાદ, આર્યશ્રી, વડીલશ્રી, પરમપૂજ્ય, તીર્થસ્વરૂપ, પિતાશ્રી એવાં એવાં અભિધાનો આપણે કોકજ સુપુત્રને મુખેથી સાંભળતાં હોઇશું. વળી હિંદુસંસારમાં આ એક કુટેવ સામાન્ય થઇ પડેલી છે કે એક પુત્રને તેના પિતા વિષયે વર્તમાન પૂછવા હોય ત્યારે આ વાક્યપ્રયોગ કરવામાં આવે છે કે કેમ, તમારા ડોસા (વા ડોહલ) તો ખુશીમાં છે?" આવા આવા શબ્દોને એકજદમ તિલાંજલિ આપવો જોઇએ; કારણ કે એમાં બોલનારની તોછડાઈ ને અવિનય પ્રકટ થાય છે અને સાંભળનારને પણ ગ્લાનિ ઉપજે છે. જ્યાં હજી વચન નિર્દેશમાં આદર ને વિનય વ્યક્ત નથી થતો ત્યાં કર્મમાં આપણે એ અમૂલ્ય ગુણોની આશા કેમ રાખી શકીએ? શેઠ વર્ધમાનને ઘરે તેડી જવામાં આવ્યા; તેટલા વખતમાં તેને શુદ્ધિ આવી હતી. વાંસામાં જરા કળતર થવા લાગી અને તેના સાદમાં થોડો ઘણો ફેર પણ પડી ગયો. ઘરમાં પગ મૂકતાં ચન્દ્રપ્રભાએ શ્વશુરના વદન પરથી આલેખી લીધું કે જરૂર કંઈ ભાંજગડ થઇ હોય તેમ લાગે છે. વસંતની માતાને પુત્રના અકાર્યનું ભાન કરાવતો વર્ધમાન બોલ્યો કે "આપણોજ વાંક કે તેને સ્વચ્છંદે વતવા દીધો. હવે તો એને ભક્ષ્યાભક્ષ્યનું પણ ભાન ન રહ્યું હોય તેમ લાગે છે કારણ કે દારૂના બાટલા મેં નજરે મેજપર પડેલા દીઠા. દીકરો કપુત જાગ્યો છે. હા હવે મને સ્વયમનુભવ થાય છે કે,

वरं गर्भस्रावो वरमृतुषु नैवाभिगमनम् ।
वरं जातप्रेतो वरमपि च कन्यैव जनिता ॥
वरं वन्ध्या भार्या वरमपि च गर्भेषु वसति ।
न चा विद्वान्रूपद्रविणगुणयुक्तोऽपि तनयः ॥

ગર્ભશ્રાવ થયો હોય તે ઠીક, યોગ્યરૂતુમાં સ્રીસંયોગ નજ થયો હોય તેજ સારૂં, મુએલોજ જન્મ્યો હોય તો ઠીક, તેને બદલે દીકરી અવતરી હત તેજ સારી, ભલે સ્રી વાંઝણી રહી હોય તેજ સારૂં, ભલે એ ગર્ભમાંજ રહ્યો હોય તો ઠીક, પણ કયારેય રૂપ અને ધનથી યુક્ત છતાં અવિદ્વાન પુત્ર ન હો. કિન્તુ એ ચતુરાઇ હવે નકામી છે. તેના સુધરવાનો સમય વહી ગયો છે. હાય! મારા જેવા શાણા માણસે પણ ભૂલ ખાધી; પણ ભાવિ આગળથી કયાં નાશી જવું! વળી, જે આત્મજ વિદ્વત્તાવાળો નથી કે માબાપ પ્રત્યે ભક્તિવાળો નથી તેના

कोऽर्थः पुत्रेण जातेन यो न विद्वान्न भक्तिमान् ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જન્મથી કરીને શું ? બસ, આપણે પુત્રજ નથી એવો વિચાર લાવી હવે સંતોષ માનવાનો છે; અને શેષ રહેલાં જીવિતનો ભાગ ઇશ્વરસેવામાં ગુજારવાનો છે. આમ બોલતાં તે વૃદ્ધ મનુષ્યના નેત્રમાંથી અશ્રુબિંદુ ગળી પડયાં અને છાતી ભરાઇ આવવાથી તે રૂદન કરવા લાગ્યો. સમીપ બેઠેલી વૃદ્ધ ભાર્યા પણ શૂન્ય મુખી થઇ ગઇ. સાધ્વી ચંદ્રપ્રભાએ પાણીનો કળશો ભરી સાસુ સામે લાવી મૂકયો; અને તેનુ મધુર વાણી વડે આશ્વાસન કરવા લાગી. સાસુએ ચન્દ્રપ્રભાની તારીફ કરી "વહુ ખારા પાણીમાં મીઠા વીરડારૂપ માત્ર તમે છો." દુઃખથી અધોમુખી થયેલી ચંદ્રપ્રભાએ પછી તેઓ માટે પથારી કરી દીધી અને પાદાવમર્દન કરી પોતે પણ સ્વપ્ન વશ થઇ.

વર્ધમાન એક ભોળા દિલનો માણસ હતો. પુત્રના અત્યાચારથી તેના શરીરને આઘાત થયો એટલુંજ નહિ પણ હવે તર્કવિતર્કનું તુમુલ યુદ્ધ મચ્યું. જેના તરફથી તેણે જરામાં સુખની આશા રાખી હતી તે તેને દુખઃરૂપ નીવડી ચુકયો હતો તેથી તિતિક્ષા યોગના કડવા ઘુંટડા પીધા વિના શાન્તિ મળવી મુસ્કેલ હતી. તેને આ જગત્ શૂન્યવત્ ભાસવા લાગ્યું અને મનમાં નિશ્ચય કર્યો કે ધૈર્ય અને ધર્મમાં બુદ્ધિની સ્થિરતા કરવી; કારણ કે ધર્માચારી મનુષ્યની સામેજ કલ્યાણ અને સંપત્તિઓ નૃત્ય કર્યા કરે છે એવું શાસ્ત્રનું વચન છે.

જન્મ, મરણ, જરા અને વ્યાધિ એ પ્રત્યેક મનુષ્ય જીવનના સંગીઓ છે. વર્ધમાને જન્મ, જરા અને વ્યાધિની અનેક વ્યથાઓ ભોગવી હતી. હવે એ સર્વ વ્યથાઓનો અંત લાવનાર મરણની રાહ જોતો તે કાળ યાપન કરતો હતો. ખરેખર, સર્વ ઇષ્ટ અને પ્રિય પદાર્થોપર અપ્રીતિ ઉપજ્યા વગર મરણ પર પ્રીતિ ઉદ્ભવતી નથી. જ્યારે કોઇ પણ પ્રકારે મનુષ્યની વિપત્તિનો અંત આવતો નથી ત્યારે તે મરણ પાસે તેનો અંત અણાવવા ઇચ્છે છે. પુત્ર સુખની લાંબાકાળ સુધી સેવેલી સ્પૃહાનો વિધ્વંસ જ્યારે તેણે અનુભવ્યો ત્યારે તેણે ખચિત મરણ ઇચ્છયું. મરણની ઇચ્છા રાખનાર પાસેથી મરણ દૂર થતું જાય છે અને જીવવાની સંપૂર્ણ અભિલાષા રાખનારને તે પોતાનો શિકાર બનાવે છે. આમ જો કે વસ્તુતઃ નથી તો પણ મનુષ્યને એમ ભાસે છે. જેમ વિરહિણી સ્ત્રીને એક પ્રહર એક કલ્પ જેવો લાગે છે તેમ આમાં છે. ખરેખર રીતે જોતાં એક પ્રહર તે એક પ્રહરજ છે તેમાં એક પળનો પણ વધારો કે ઘટાડો થતો નથી પણ પતિને મળવાની ઉત્કટ ઇચ્છા તે પ્રહરને કલ્પ સમાન લાંબો બનાવી દે છે; તેમજ નિર્મિત આયુમાં વૃદ્ધિ કે ન્યૂનતા થતી નથી પણ મનુષ્ય ચિંતાકુલિત હોય તો તેને તેમ જણાય છે. વર્ધમાન મૃત્યુદેવને શાપ દેવા લાગ્યો કે તે પણ તેને સુખી જોવાને ઇચ્છતો નથી. આમ ચિંતારૂપ રોગના વધારામાં અને સંકલ્પ વિકલ્પ જેનું કાર્ય છે એવા મનઃના કલહમાં તેની સર્વ શક્તિઓ દિવસોદિવસ મંદ પડતી ગઇ.

આ તરફ વસંત જૂદાજ પ્રકારના વહનમાં ખેંચાતો હતો. તેની આંખો તેના કાન, તેનું હૃદય, તેના હાથ, તેના પગ એ સર્વ કપટરાજના કબજામાં હતા. કપટરાજ તેને જે બતાવતો તે, તે કપટરાજની આંખથી જોતો હતો. ને જે જે સંભળાવતો તે તે તેના કાનથી સાંભળતો હતો. તે તેને જેવી રીતે વિચાર કરાવતો તે પ્રમાણે તે વિચાર કરતો. વસંતના હાથમાં કપટરાજ જે મૂકતો તે તે ગ્રહણ કરતો હતો. કપટરાજ તેને જ્યાં લઇ જતો ત્યાં વસંત પરાધીન થઇ જતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતો. ચન્દ્રપ્રભા પાછી વર્ધમાન શેઠને ઘેર ગઇ એ બનાવે કપટરાજના ઉત્સાહમાં અર્ધભંગ પાડયો. ખળ મનુષ્યોની મોટામાં મોટી મતલબ કાંચન અને કામિનીના લાભમાં પૂર્ણ થાય છે. તેઓની સર્વે કાર્યવાહીઓ આ બે વસ્તુને માટેજ પ્રવર્તે છે. કેટલાક ખળ પુરૂષો કામિની મેળવવાના કામને કાંચન મેળવવાના કામ કરતાં વધારે ફળદાયક અને અગત્યનું માને છે જ્યારે બીજી પંકિત દ્રવિણ સંપાદન તરફ વિશેષ દોરાય છે; પણ કપટરાજ આ બેમાંની એક પણ પંકિતમાં મુકી શકાય નહિ. તેનામાં એ બન્ને વસ્તુની સરખીજ લોભજ્વાળા અહર્નિશ પ્રકટ રહેતી અને એ જ્વાળાનું શમન કરવાને ગમે તેટલા ભય કે પાપમાં પડવું પડે તેને માટે તેને જરાપણ દરકાર ન હતી.

વર્ધમાને કપટરાજને વસંતના બંગલામાંથી એકાએક કાઢી મૂકયાનું વાચકને યાદ હશે. પોતાના પિતાને ગાડીમાં ઘેર રવાના કરી વસંત ઉતાવળો કપટરાજને બોલાવવા દોડયો કારણ કે પોતાના મિત્ર વગર તેની રાત જવી બહુજ મુસ્કેલ હતી. ખરૂં છે કે મોટા કુટુંબના સમુદાયમાં ઉછરેલા એક છોકરાને એકાકી વસવું એ દુષ્કર. વસંતને પતિપ્રાણા એવી જે પોતાની સુપત્ની, તેનું પણ સુખ કેમ મેળવવું તે આવડતું ન હતું. તેથી કપટરાજ વગર તે ચલાવી શકયો નહિ. થોડા વખતમાં તે તેને લઇ પાછો ફર્યો. બંગલામાં પ્રવેશ કરતાં તેણે ભૈયાને હુકમ કરી દીધો કે કપટરાજસિવાય કોઇપણ સ્ત્રી કે પુરૂષને પોતાની રજા વગર દાખલ કરવા નહિ. આ નવી આંગ્ના કપટરાજે કરાવી હતી કે જેનું કારણ વાચક આપોઆપજ સમજી શકશે. કેટલીક પરચુરણ વાતો થયા કેડે કપટરાજના દિલમાં ઘણા દિવસ સુધી ઘોળાઇ રહેલી ધારણા તેણે છેડી. વસંતે ચંદ્રપ્રભાના સંબંધમાં બોલતાં જણાવ્યું "એના સ્વભાવ જોડે મારી પ્રકૃતિ મળતીજ નથી. એ સાધુડીને હું મારાથી દૂરજ રાખવા માગું છું. તેને મને રંજન કરવાનું આવડતુંજ નથી" સાંભળતાંજ કપટરાજને એક વિચાર સ્ફુરી આવ્યો "એમાં ક્ષોભ ધરવાનું સબળ કારણ નથી. ધનવાનોને એક કરતાં વિશેષ સ્ત્રીઓ સાથે સંબંધ બાંધવાનો હક્ક છે. સ્ત્રી હોય પણ તે મન ગમતું ન કરે તો પુરુષ અન્ય સ્ત્રી સાથે કેમ ન જોડાય? પત્ની હોવા છતાં તારી વિધુર જેવી સ્થિતિ જોઇને, મિત્ર, મારૂં મન દુઃખિત થાય છે. એમાં મને શરમાવનારૂં કારણ બને છે બસ, મારે તને એક તારી ન્યાતમાંથી ફુટડી કન્યા શોધી આપવી" વસંત પુલકિતતનુ થયો; અને આર્જવયુકત થઇ બોલ્યો "તારા જેવા દોસ્તો થવાના નથી. અહો, બધા જ્યારે મને દુઃખનો અનુભવ આપી રહ્યા છે ત્યારે તુંજ મારી શાન્તિને સાચવવા મારા સંકટમાં ઉભો છે." કપટરાજે પોતાના કથનનું સારૂં પરિણામ આવતું જોઇ આગળ ચલાવ્યું "વસંત ફીકર નહિ, ગાભરો ન થા. થોડા દિવસમાં તું બધું ભૂલી જશે અને આ તારો બંગલો એક રાજાના મહેલ સમાન દીપશે. માત્ર, શરૂઆતમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેણે ચલાવ્યું "હું ઘરે આવવાનો આજજ હતો ત્યાં તમે અહીં તસ્દી લીધી. હવે તમારે અહીંજ આવી વસવું." વસંત જ્યારે સંભાષણ કરતો હતો, ત્યારે કપટરાજ નયન મિલનથી સંજ્ઞા આપીને પોતાનો મૂળ આશય તેને સમજાવતો હતો.

પછી તેઓ સર્વે બંગલાના વચલા ઓરડામાં આવી બેઠા. ત્યાં વસંત સાથેના વાર્તાસંલાપથી માતા તથા પત્નીને બહુજ સંતોષ મળ્યો. કારણ કે પોતે ન ધારેલો સુધારો તેઓએ વસંતની પ્રકૃતિમા જોયો. તે નિષ્કપટાત્માઓને થોડીજ ખબર હતી કે તે સુધારો માત્ર કૃત્રિમ હતો અને તેથી અલ્પ સમય સુધીજ ચાલુ રહેવાનો હતો.

ખરેખર ! કૃતક સુધારા એવાજ હોય છે. તેઓ નિરંતર એકજ સ્વરૂપના હોઇ શકતા નથી પરંતુ જુદા જુદા ઉદ્દેશોને અધીન હોઇને જુદી જુદી રીતે દર્શન દે છે. તેઓમાં વિશેષતઃ ચળતા, વ્યાજતા અને અસત્યતાનું ન્યૂનાધિક મિશ્રણ થયલું દેખાય છે. તેઓ આત્મસાધન સંપાદન કરવાને માટે સામા માણસને એવો તો અંધ બનાવી દે છે કે પોતાના એ કાર્યમાં તેઓ સહેલાઇથી ફતેહ મળવે છે. તેઓ **नरो वा कुञ्जरो वा ।** એનો પાઠ બહુજ ધ્યાન દઇને શીખેલા હોય છે અને તેનો યોગ્ય પ્રયોગ કયારે કરવો તેના જ્ઞાનથી પણ તેઓ વિમુખ નથી રહેતા. તેઓ છળ કપટમાં પોતાને સૌથી નિપુણ ગણે છે; કારણ કે તેઓના હૃદયરૂપી પ્રકાશિત આરસા પર ધૂળના પડ જામી જવાથી તેઓને સર્વ વસ્તુઓ અસ્પષ્ટ અને ઉલટી રીતિમાં ભાસમાન થાય છે. અમે અન્યને તેઓની જાણવગર સહજમાં ધૂતી શકીએ છીએ એમાં તેઓના સ્વાભિમાનિત્વનો સમાવેશ થાય છે. પોતે જે નથી, તેઓ પોતે છે, એમ બતાવવાને યત્ન કરવામાં તેઓના આયુનો સમય વ્યતીત થયાં કરે છે. તેઓ આંતર ઇચ્છા નિર્ભય થઇને કદિ પણ સજ્જન આગળ કહી શકતા નથી; પણ બીજાના વિચારોમાં પોતાના વિચારોનું આરોપણ કરવામાં આત્માને તેઓ ધન્ય માનનારા હોય છે. તેઓની વૃત્તિ ઉચ્છૃંખલ અને ઘડી ઘડીમાં છેલ્લે પગથિયે બેસી જનારી હોય છે. તેઓ સજ્જનના દ્વેષી હોય છે અને દુર્જન સાથે પણ તેઓ ઐકયતું બંધન બાંધી શકતા નથી. તેઓપર અવિશ્વાસ દેખાડનારને તેઓ ભયને ધમકી આપે છે, જયારે તેઓપર શ્રદ્ધા રાખી કામ કરનારને તેઓ પ્રથમજ ખાડામાં ઉતારે છે. જ્યારે તેઓ કોઇના મિત્ર બને છે ત્યારે તેઓ એક સહૃદય મિત્ર કરતાં પણ વધારે અનુરાગ પ્રદર્શિત કરે છે અને કોઇના શત્રુ બનવામાં તેઓ નિઃસીમ ક્રૂરતાનો આશ્રય કર્યા વિના ભાગ્યેજ રહે છે. પોતે અશકત અને દુશ્મન બળવત્તર હોય ત્યારે શરણ કેમ શોધવું એ તેઓને બરાબર આવડે છે. તેઓને ધૂર્તતાના ઝાડમાંથી પેદા થતાં ફળો બહુજ મધુર અને સ્વાદિષ્ટ લાગે છે અને સાચે રસ્તે ચાલીને સિદ્ધિ સંપાદન કરવાનું કાર્ય તેઓને વિરસ તથા વિકટ જણાય છે. તેઓ ગુલામને તાબે રહીને પોતાને શેઠ કહેવડાવનારા, અને અન્યાયના ભક્ત બનીને પોતાને સત્યપર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુરૂષમાં ખપાવનારા હોય છે. તેઓને સુપ્રસિદ્ધ લક્ષણુ ચાપલ્ય છે; અને તેઓના મનસ્સાગરમાં કઠોરતા અને વિચિત્રતાના વમળો પ્રતિક્ષણ જન્મે છે. તેઓ માનુષના ભોળા ચિત્તને ઉંદર પેઠે ફોલી ખાય છે અને પ્રસંગોપાત તેપર ફુંક પણ મારતા રહે છે કે જેથી પેલો તેથી અજ્ઞાત રહે. તેઓ પોતાની ક્ષુધા શાંત કર્યા પછી પણ નુગરા વાઘની પેઠે અહીં તહીં આથડે છે. તેઓ પાસે ચાવવાના અને દેખાડવાના એમ બે જુદા જુદા દાંતો હોય છે. તેઓના અંતઃકરણમાં નાની નાની વાસનાઓ અસંખ્યેય હોય છે અને તેનો પ્રવાહ વાંકો ચૂંકો અને આડકતરો હોવાથી સંબંધમાં આવનારને બહુ અહિત કર્ત્તા નીવડે છે. તેઓને આશરે પડેલા અભાગી જીવને આખો વખત અશાન્તિ અને આયાસ વેઠવા પડે છે. તેઓ દહીમાં અને દૂધમાં પગ રાખીને કોઇની ભૂખનું શમન થવા દેતા નથી. તેઓ શ્વાનની પેઠે, પોતાના કાર્યમાં વિજય મળ્યાં છતાં ચામડું ખાવું છોડતા નથી. તેઓ પ્રથમ મેલાપને વખતે હિતૈષી થવાનો ડોળ કરે છે અને કાળયાપન થતાં સંગત મનુષ્યનો સમૂળ વધ કરવાનું ચૂકતા નથી. આવી રીતે, આ ધોળો સાયો પહેરીને કાળાં કામ કરનારા બગલાઓ સ્વાર્થને માટે બહુજાતિના યોગો લાવીને સરલ માછલાંઓ છાનાં છાનાં છેતરે છે.

કપટરાજની મોટાઇ સ્વમાતાપાસે વધારવાનો આ અવસર રૂડો હતો. પોતાના આ મિત્રની સાથે પોતે સહવાસ રાખે અને તેમાં પોતાની મા જરાપણ આડી ન આવે, એવા હેતુથી વસંતે કહ્યું " મા, મેં મારા આગલા સોબતીનો ત્યાગ કરેલ છે હવે આ મારા નવા મિત્ર સાથે હું રહું છું તેથી મને બહુજ ફાયદો થયો છે. એ મને હરહમેશ સારી અને નિષ્પક્ષપાત સલાહ આપતો રહે છે "

કપટરાજ–( તક ન ગુમાવતાં ) સારા મિત્રનો એતો ધર્મજ છેને ?

## पापान्निवारयति योजयते हिताय ।

મિત્રને પાપમાં પડતાં બચાવવો અને હિતમાર્ગે દર્શાવવો એ સન્મિત્રનું લક્ષણ છે. વસંતની માએ જોયું કે દીકરાનો સ્વભાવ આટલો મળતાવડો અને વખાણવાલાયક થયો છે તેનું કારણ આ તેનો નવો મિત્ર હોવો જોઇએ. આથી તે સાનંદ બોલી " તમે તો શાણા લાગો છો, અમારા આ વસંતની બુદ્ધિ વચમાં બહુ માઠી થઈ હતી; તેને તમે સુધાર્યો છે, એ તમારો મારા ઉપર ઉપકાર થયો છે" તમારે વસંત આગળ આવતું રહેવું.

કપટરાજ–આપણે તો મહોબતના ભૂખ્યા છીએ, ભાવ દેખીએ ત્યાં જઇએ. વસંતના મન સાથે મારૂં મન મળી ગયું છે એથી હું અહિં રાત દહાડો ગાળું તેનું પણ ભાન મને રહેતું નથી. ખોટું કહેવાય નહિ, વસંતનું દિલ બહુ ભોળું છે. આપણી શીખામણ માને છે એમાં એની પણ મોટાઇ છે. ( વસંતને ચઢાવ્યો ) હું તો ઘણીયે વાર કહું છું કે ભાઇ, માબાપની સેવા કરીશ તો મીઠા મેવા મળશે " ( ગપ મારી ).

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વસંતને માતાની વિશેષ વિશ્વાસને લાગણી ઉત્પન્ન થતાં તે બોલી "અને એજ તમારા કહેવાની અસર હું તેના મગજપર થયેલી જોઉં છું"

સૂર્યાસ્ત થવા આવ્યો હતો તેથી સાસુ વહુ ઘરપ્રત્યે રવાના થયાં. વસંતે બને તેમ થોડા દિવસમાં પોતાને બંગલે આવી વસવા માતાને વિજ્ઞપ્તિ કરી. એ તેણે સ્વીકારી પણ ખરી.

પાંચમે દિવસે પોતાનું મૂળ ઘર છોડીને માતા પુત્રને બંગલે વસવા આવી ઉપયોગી માલમત્તા તથા રાચરચીલું નવા બંગાલામાં આણવામાં આવ્યાં. પતિ વિયોગિની ચન્દ્રપ્રભાનો આજ સુખચન્દ્ર વિરાજ્યો. વસંતે દરેક રીતે બંનેને સંતોષ ઉપજે તેવું આચરણ ધારણ કરી લીધું. કપટરાજે ભાનુમતીને થોડા દિવસ એ બન્નેની દૃષ્ટિએ ન આવે તે માટે, બીજી જગાએ નિવાસ કરાવ્યો. વિધવા સ્ત્રીના પતિના મરણનું અર્ધદુઃખ વિસારે પડયું; અને તે એમ સમજવા લાગી કે મારી આખી જીંદગીનું હવે સાર્થક થયું.

મનુષ્ય જ્યારે શાંતિ અનુભવે છે ત્યારે તેને લાગે છે કે મને દુઃખ કયારેય પણ ન હતું. જ્યારે તે સહસા સંકટ કે શોકના ખાડામાં ઉતરી પડે છે ત્યારે તે આત્માને દુઃખી જીવ માને છે અને પોતાની આખી જીંદગીમાં પોતે કોઇ પણ વખતે યત્કિંચિત્ આનંદ મેળવ્યો હોય તેમ તેને લાગતું નથી; વા કદાચ તેમ લાગે છે તો તે સ્વપ્ન જેવું ભાસમાન થાય છે. આમાં નવાઇ નથી. મનુષ્યસ્થિતિ એવી આદિથીજ નિર્મિત થઇ ચુકેલી છે. સુખની લાલસાના બાણ જેઓના હૃદયમા ખૂંચી ગયા હોય છે તેઓ આ વ્યાપક સ્થિતિના સર્વાંશે સંપૂર્ણ ગુલામ છે. જે ધીર પુરૂષ સુખ કે દુઃખમાં અંતરવૃત્તિ સમાન રાખે છે તે આ સ્થિતિથી જર પણ કર્તવ્યચ્યુત થતો નથી, જેઓને સુખ કે દુઃખની એકજ પ્રકારની, પોતાની ઇચ્છાને બંધબેસ્તી સ્થિતિમાં ગોઠવાઇ રહેવાની ટેવ પડેલી હોય છે તે માણસો મધ્યમ કહેવાય છે; કિન્તુ તેઓ પ્રશંસાને પાત્ર થઇ શકતા નથી કારણ કે તેઓમાં ઇચ્છાશકિતની મંદતા હોવાને લીધે ઉન્નત કાર્યો કરી શકવાને તેઓ સદૈવ અશક્ત રહી જાય છે; વળી તેઓની ઇચ્છા કદિપણ વ્યર્થ જતી નથી એમ નથી; પ્રાક્તન્ કર્મના બળને લીધે તેઓની ધારણાથી ઘણીવાર ઉલટું બને છે અને આમ બનવા છતાં તેઓ પોતાની ઇચ્છાને લગાર પણ ઉચ્ચસ્વરૂપ આપી શકતા નથી, પણ સ્થિતિ ખેંચે ત્યાં ખેંચાય છે.

થોડાજ દહાડામાં વસંત અને કપટરાજ, આ બંનેને તેઓના નિવાસ-સ્થળથી અહીં ખેંચી લાવ્યા. માતાને વિશ્વાસ આગળથીજ થયો હતે કે મારા પુત્રથી હવે મને કંઇ શોક કરવાનું કારણ મળશે નહિ. વસંતની ઉત્તરોત્તર માતૃસેવા, કે જે કેવળ કૃત્રિમ અને સકામ હતી તેથી અજ્ઞાત ભોળી માતાને પુત્રવિષે બહુજ ઉચ્ચ મત બંધાયું. આથી યુકિત પ્રયુક્તિ કરીને વસંતે અંતે માતાના હસ્તમાંથી પોતાને જે સ્વતંત્રતા મેળવવાની હતી તે સંપાદન કરી. એટલે એ વૃદ્ધ સ્ત્રીનું મૂલ્ય ઓછું થાય તેમાં નવાઇ નહતી! તેના હાથમાં જ્યારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધનનો કબજો આવ્યો ત્યારે તેની આંખે અંધત્વના પડળ ફરી વળ્યાં. માતાના દિલમાં ઉત્સાહભંગ થયો. વસંતે ધનમાંથી ભોગવી શકાય તેવા ભોગો તરફ પોતાનું લક્ષ દોરાયું. કપટરાજની મૈત્રીમાં તેને આગળ જેવો રસ અને ઉમંગ આવતો હતો તે રસે અને ઉમંગે ધન આવવા પછી તેના હૃદયમાંથી પલાયન કર્યું ! કપટરાજથી પણ વિશેષ ખળ અને શઠ મિત્રોની સંગતિમાં તેને વિશેષ આનંદ અને આલ્હાદ જણાયો. કપટરાજ આથી ચોંકયો. તે સારી પેઠે સમજતો હતો કે એક માણસની અમુક માણસ પરથી જ્યારે પ્રીતિ કમી થવા માંડે છે ત્યારે તે માણસે પોતાનું સાધ્ય સાધવાને સતત યત્ન અને બનતી ત્વરા કરવી. કપટરાજ પતંગની દોરી ખેંચતાં અને આપતાં બહુ નિપુણતાથી શીખ્યો હતો. દોરી ખેંચવાનો વખત હવે આવ્યો. વસંતનો મોહ પોતા પરથી જરાપણ લુપ્ત ન થાય એટલા માટે તે વસંતની મરજી અનુસાર આચરવા લાગ્યો; અને તેને દુષ્ટ નર તથા નારીના સંપર્કમાં લઇ જઇ તેની કૃપા પોતાપર ખેંચવા યત્ન આરંભ્યા. આ યુક્તિ વિજયવતી નીવડી. વસંતના ઘરમાં હવે તો મિત્રમંડળી ભરાવા લાગી; હાજીહાઓએ તેના દિલનું હરણ કર્યું. પૈસો પાણીના રેલાની માફક ગતિ કરતો ગયો કે જે તીક્ષ્ણ ગતિને કપટરાજ અધીરાઇ, ઇર્ષ્યા અને સંતાપથી ભરેલી દૃષ્ટિએ નિહાળતો હતો. ટી–પાર્ટી, ઇવનિંગ–પાર્ટી, ગણિકાના નૃત્ય, નાટક ચેટક ઇત્યાદિ ભોગોપભોગમાં વસંત પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો અને તેને પોતાની જન્મદાત્રી માતા અને પરણેતર પત્ની એ બન્નેનું મુખદર્શન પણ કલેશકર અને વિષમ થઇ પડ્યું. તે અલ્પબુદ્ધિને તો આમ જણાયું કેઃ—

( નથી ચેન પડતું મુંને દિલમાં પ્યારી–એ રાહ. )

**હયાતી હતી બાપની ઘરમાં જ્યારે,**
**હતો હું પરાધીન સંપૂર્ણ ત્યારે— ધ્રુવ૦**
**મારાથી મિત્રોને ન હતું મળાતું,**
**સજોડે જમાતું રમાતું ન કયારે— હયાતી.**
**ખરે હું હવે છેક છૂટો થયો છું,**
**કરૂં મિત્ર–મેળાપમાં મોજ ભારે— હયાતી.**
**જવું છે લઇ શું આ સંસારમાંથી ?**
**કરી નામના આવશે કામ મારે— હયાતી.**

ઇત્યાદિ ઇત્યાદિ. ભાનુમતીના કામ–પાશમાં વસંત સંપૂર્ણ રીતે લુબ્ધ થયેલો હોવાથી ચન્દ્રપ્રભાને એક દાસી તરીકે તે ગણવા લાગ્યો. આ નિષ્ઠુર અત્યાચારથી તે કોમલ અંતઃકરણવાળી સ્ત્રીના અંતરમાં આઘાત થયો. તે પોતાના દિવસો આક્રંદ અને વિલાપમાં કાઢતી હતી. કપટરાજ તરફથી તેને મોટું ભય ઉપસ્થિત હતું. કારણ કે એ પાપીની અનુચિત કુદૃષ્ટિથી તેનું અંતર કમ્પતું હતું. તે નિરૂપાય હતી. પોતાનો સ્વામીજ જ્યાં પરવશ અને પરાધીન હતો ત્યાં પોતાના સુખની આશા રાખવી વ્યર્થ હતી ! ભાનુમતિ એકતો શૂદ્રવર્ણની હતી અને તેમાં તેને ગૃહાધિકાર મળેલો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોવાથી તે ગર્વિષ્ટ બની હતી. નમ્ર અને સુશીલ ચન્દ્રપ્રભાને તે આડકતરી રીતે રંજાડવામાં પરમાનંદ અનુભવતી હતી. આ બધું તે શાણી વહૂએ ધૈર્ય રાખી ખમી લીધું, પણ વસંતની માથી આ જોઇ શકાયું નહિ. તેની આંખ ફાટી અને કલહનો ઉદ્દગમ થયો. વસંતે માતાને જરાપણ ગણકારી નહિ. તેણે પોતાની પત્ની ચન્દ્રપ્રભાને તેને પીયાર મોકલાવી દીધી કે જેમાં ચન્દ્રપ્રભાના શીલ અને સદ્‌ગુણની રક્ષા થવા પામી.

અશક્ત અને જરાગ્રસ્ત માતા ખાટલાવશ થઇ. તે બિચારીને હવે આખું ઘર સ્મશાન જેવું ભાસતું હતું કારણકે તેની આજ્ઞાધારક પુત્રી સમાન પુત્રવધૂ અહીંથી ત્રાસીને પીયર ગઇ. તેના ખાનપાનમાં પણ ભાનુમતી વિશેષ ધ્યાન આપવામાં મંદાદર થવા લાગી. ચલનવલનની શક્તિ નહતી અને પુત્ર કુલાંગાર જાગ્યો હતો અને પતિનો વિયોગ થયો હતો તેથી પરમકૃપાળુ પરમેશ્વર વિના એ અબળાનું શરણ બીજું કોઇ ન હતું. વસંત પોતાની મોજ મજામાં પડયો હતો. તેને પોતાની માતા જીવતી છે કે મરી ગઇ છે તેનું પણ ભાન ન હતું. એક વખત તે ભાઇ સાહેબ કોઇક નાચગાયનના મેળાવડામાં બિરાજ્યા હતા તે વખતે કપટરાજે બંગલામાં પ્રવેશ કરી સઘળી દોલત સ્વહસ્તગત કરી લીધી અને ભાનીને પલાયન કરવા સૂચવ્યું. ભાનુમતી કે જે કપટ-રાજને તેના કૂટયંત્રમાં એક આવશ્યક સાધનરૂપ થઇ પડી હતી તેની આખમાં દ્વેષની છાયા પ્રકાશભૂત થવા લાગી હતી. કપટરાજ એથી સારી રીતે વાકેફ હતો; અને તેનો નીવેડો કેમ લાવવો એની યુક્તિપણ તેના મનમાં રમી રહી હતી. એક માત્ર તે સારી તક તકાસતો હતો; કે જે હવે આવી પુગી હતી. ભાની નાની સરખી રકમમાં સંતોષ લઇ લે એ અશક્ય હતું તેથી તેજ રાત્રિએ કપટરાજ અને ભાનીએ ગામ છોડયું.

કપટરાજના હાથમાં આવેલો પૈસો વસંતના બાપની આગલી ધરકામત સાથે સરખાવતાં ઘણોજ ઓછો હતો. વસંતનો ઉડાઉ અને મોજીલો સ્વભાવ તેને બહુ દુઃખકર નીવડયો. તેણે પિતાના ધનનો મોટો ભાગ ઘરબેઠે ઉડાવી નાખ્યો હતો અને તેનો અવશેષ કપટરાજ લઇને નાશી છુટયો. વસંતે શહેરમાં જુદું જુદું કરજ પણ ઘણું કરેલુ હતું કે જે કરજ તે પોતા પાસે રહેલા પૈસા વડે તે કદિ વાળી ન શકે એટલું હતું. આવા પ્રસંગોની વચ્ચે તેણે જોયું કે કપટરાજ તથા ભાની માત્ર પોતાને ઘરેથીજ નહિ પણ આખા ગામમાંથી અદૃશ્ય થઇ ચુકયા હતા. લેણદારો તેના બંગલામાં અહોનિશ આંટા મારતા હતા અને વસંતે જોઇ લીધું કે કપટરાજ અને ભાનીએ સાથે મળી પોતાનું સર્વસ્વ હરણ કર્યું હતું. હવે વસંતને માટે ત્યાંથી નાશી છુટવા વગર અન્ય ગતિ વિદ્યમાન ન હતી. તેણે પોતાની માતાને જીવિતસંશયમાં મૂકી આ નગરીમાંથી સહસા પલાયન કર્યું. આ તરફ કપટરાજ તથા ભાનીના અંતરમાં અન્યોન્ય અવિશ્વાસ અને ઉત્કણ્ઠા વર્ધિત થવા લાગી. ભાનીથી કોઇપણ રીતે છુટો થઇ જવા કપટરાજ ઇચ્છતો હતો અને હાથ લાગેલા પૈસાથી પોતાનું જીવિતશેષ સુખમાં વ્યતીત કરવાની તેની ઉત્કટ ઇચ્છા હતી. કપટરાજની આ વૃત્તિ ભાનીથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અજ્ઞાત રહી નહી. સ્ત્રીઓ અન્ય મનુષ્યના ભાવ તથા વિકાર સમજવામાં અતિશય પ્રાવીણ્ય ધરાવનારી હોય છે. તેથી તેણે જોઈ લીધું કે કપટરાજ મારો ત્યાગ કરવા ઇચ્છે છે. આથી તેના દિલમાં હવે ઝનુન આવ્યું. એક તો તે અધોવર્ણની હતી અને વળી કપટરાજનાં વ્યકતભાવોથી તેના દિલમાં આમર્ષની ઉશ્કેરણી થઇ- આથી તે એક અતિ સાહસ કામ કરવાને ઉદ્યત થઈ. આખર સ્ત્રીજાત, સાહસની મૂર્તિમતી અને મલિનતાનું તે ધર. તે નિષ્ઠુર સ્ત્રીએ કુકર્મી કપટરાજનો રાત્રિએ પ્રાણ લીધો. તેનું સુપ્તિમાં ખુન કરતી વખતે તે બહાદુર અને ચંચલ બની; પણ કુકર્મનો ધર્મ છે કે તે કર્યાપછી મનુષ્યના અંતરમાં અધૈર્ય અને મંદતા દાખલ કરે છે. ભાનુમતીને પછી કયાં જવું તે સૂજયું નહિ. ગમે તેમ તેણે પૈસાની પાપમય પોટલી લઇ રસ્તો કાપવા માંડયો. બીજા દિવસનું પ્રભાત પડયું. પોતાની જન્મભૂમિનો પરિત્યાગ કરીને નીકળેલો દુઃખિત વસંત જેવો આ રસ્તેથી નીકળે છે તેવું તેણે કપટરાજનું મોઢું જોયું. ઘણા વખતથી પરિચયમાં આવેલા માણસનું મુખ ઓળખવાને ઝાઝી વાર લાગી નહિ. તે તેની પાસે આવીને ઉભો અને તેની આંખો તેણે મીંચેલી જોઇ. રકતથી ખરડાયલાં વસ્ત્રો જોઇને તેને અચંબો થયો અને તેજ સમયે તેને કંપારી થઇ આવી. આ દુઃખ તથા કરૂણામય દેખાવ જોઇ ન શકવાથી તે ત્યાંથી જતા રહેવાનો ઇરાદો કરે છે. ત્યાં તેણે તેની આસપાસ રાજપુરૂષો જોયા. પોતે અનપરાધ હોવાથી એમ બોલી જવાયું કે હું અપરાધી નથી. આજ વાકય પરથી તેને પકડવામાં આવ્યો અને તેજ વખતે વસંતનાં તમામ ગાત્રો ગળી ગયાં અને તેનું આખું શરીર પ્રસ્વેદથી ભીંજાઇ ગયું.

આખી રાત્રિના સતત ચલનથી ભાની થાકી ગઇ. પ્રભાતે તેણે એક શોભિત શહેરમાં પ્રવેશ કર્યો. આ શહેરમાં કોઇ ગૃહમેધીને ત્યાં દાસ્ય કરીને રહેવું એવો તેણે વિચાર કર્યો. ભાગ્યયોગે આજ શહેરમાં ચંદ્રપ્રભાનું પીયર આવેલું હતું. ભાનીએ તેજ ઘરે દાસ્ય સ્વીકાર્યું. ચંદ્રપ્રભાએ જોઈ લીધું કે પોતાને ઘેર આમ અનાયાસ આવી ચડેલી સ્ત્રી બીજી કોઇજ નહિ. પણ પોતાના પતિની અધર્મ્ય નારી—પોતાની સપત્ની હતી. તે શાણી અને સમજુ સ્ત્રીએ ભાનીને પોતાનો ગૂઢ મનોભાવ જણાવવા દીધો નહી; પરંતુ ભાનીની વિહ્વળતા તથા ફેરવાયલી વૃત્તિ જોઇને તે તેને વિષે વધુ અને વધુ શંકાશીલ બનવા લાગી. દિનપર દિન પસાર થતા ગયા તેટલામાં એક દિવસ ગ્રામમાં ઢંઢેરો પીટાયો કે વસંત નામના એક મનુષ્યને કપટરાજ નામના પોતાના મિત્રનું ખુન કરવા માટે દેહાંત દંડ કરવામાં આવનાર છે. આ વાર્તા સાંભળી કે ચંદ્ર-પ્રભાનું ચિત્ત ચિરાઇ ગયું. તેણે આ વાર્તાથી ભાનુમતીપર કેવી અસર થઇ એ પ્રત્યક્ષ જોઇ લીધું ભાનુંમતીનો ચ્હેરો મ્લાન પડયો. શરીરમાં શ્યામતા આવી અને તેના ગળામાંથી શબ્દો અસ્પષ્ટ અને અપૂર્ણ નીકળવા લાગ્યા. આ ફેરફાર જોઈ ચન્દ્રપ્રભાએ ધારી લીધું. કે કંઇક પાપકર્મ આ કુત્સિત નારીએ આચર્યું છે. તે બિચારીના અંતઃકરણમાં આ ખેદકર વર્તમાનથી અચેતન, ભ્રાંતિ અને ચિન્તાએ ત્વરિત પ્રવેશ કર્યો અને કોઇ પણ પ્રકારે પોતાના તને બચાવવાની યુક્તિમાં તે નિમગ્ન થઇ. આ તરફ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાની કેવળ દિઙ્મૂઢ બની ગઇ. તેનો અંતરાત્મા તેને બ્હીવડાવવા લાગ્યો અને પોતાનાં નેત્રોની સામે તે કલ્પિત ભયભીત કરે તેવા દેખાવો જોવા લાગી. સ્ત્રી જાતિનું હૃદય બહુજ કોમલ અને અધીર હોય છે. જો કે તે નિષ્ઠુર બની, એક અતિ ક્રૂરમાં ક્રૂર પુરૂષ ન કરે તેવાં કાર્યો ઘણીવાર સહસા કરી નાંખે છે; તોપણ તેમાં ઇશ્વરે દયાદ્રવ અને મૃદુત્વ મૂકેલાં છે કે જે અતિ સજ્જન પુરૂષના હૃદયમાં પણ દુર્લભ હોય છે. તે દિવસની રાત્રએ ચંદ્રપ્રભાને નિદ્રા ન આવી. અર્ધરાત્રે તે આમ તેમ ઓરડામાં એક ઘેલા મનુષ્યની માફક ફરવા લાગી. તે વખતે સર્વ જન શાન્ત નિદ્રા અનુભવતા હતા. ઘરમાં ઝાંખા દીવા બળતા હતા. આ સમયે પ્રબુદ્ધ થયેલી પતિપ્રાણા ચન્દ્રપ્રભાએ કોઇની જલ્પનાનો સ્વર શ્રવણ કર્યો. તરત તે ભાનુમતીના શય્યાગૃહમાં ગઇ. ત્યાં તેણે તે સ્ત્રીના ઓષ્ઠમાંથી ભાંગાત્રુટા નીચલા શબ્દો સાંભળ્યા. "બ...ચાવો. મેંથી ભૂલ થઇ. મારાથી ... અજાણપણે ખુન ... થયું છે."

જેમ એક કોમળ લતાપર વિજળી પડે તેમ ચંદ્રપ્રભાપર આ દારૂણ શબ્દોએ અસર કરી. તે જમીનપર તેજ સ્થળે પડી ગઇ અને તેના મુખમાંથી 'ખૂન' 'ખૂન' એ શબ્દો મંદ મંદ નીકળવા લાગ્યા. પ્રભાત સુધી તેણે અર્ધનિદ્રાની સ્થિતિ અનુભવી. જ્યારે તે જાગૃત થઇ ત્યારે તે એક સ્મશાનમાંથી આવેલી રાક્ષસી જેવી જણાવા લાગી. તેણે ઝટપટ પુરૂષવેષ ધારણ કીધો અને બહાર ચાલી. એક માણસના બે ભુજદંડને પકડીને બે મનુષ્યો કાળા પોશાક પહેરીને ચાલતા હતા. આ માણસ વસંત હતો. તેને છેટેથી ચન્દ્રપ્રભાએ જોયો. તે વધ્યભૂમિપર દોડી આવી અને અમાત્યને જણાવ્યું કે જે માણસને મોતની સજા કરવામાં આવી છે અને જે ઉદાર ધૈર્ય રાખી મૃત્યુને મળવા નિર્ભય થઇ જાય છે તે એક નિર્દોષ મનુષ્ય છે. હું રાજાનું દર્શન કરવા ઇચ્છું છું અને આનો ભેદ ખુલ્લો કરવાને તૈયાર છું. આ સાંભળી ઉત્તમ અમાત્ય તેને રાજા સંમુખ તેડી ગયો અને સર્વત્ર ઉત્કંઠા પ્રસરી. વસંતને લાગ્યું કે "સત્યના બેલી પ્રભુએ તેની વ્હાર કરી; નહિતર આ અણીના વખતે કોઇ પણ આવે અને મને નિરપરાધ ઠરાવે એનો સંભવ કયાંથી"? તે ગમે તેમ પણ એક કુલીન માબાપનો પુત્ર હતો. આ સમયે તેનો અંતરાત્મા તેને સાક્ષી આપવા લાગ્યો કે "આ દુઃસ્થિતિ માત્ર માતાપિતાના અનાદરનું પરિણામ છે. જો તે પોતાના પિતાના આદિષ્ટપથે ચાલ્યો હોત તો આજે તે પોતાના નગરનો એક સમૃદ્ધ વ્યાપારી હોત; પરંતુ હવે તેના ભાગ્યમાં કયાંથી કે તે મૃત્યુમુખથી મુક્ત થાય અને પોતાના પસ્તાવાના આંસુઓ એક વૃદ્ધ માતાના ખોળામાં સુકાવે !—અરે તે વૃદ્ધ માતા—કે જેને તે એકાંત બંગલામાં અત્યાતુર દશામાં છોડીને ચાલી નીકળ્યો હતો તેને સાફ માલુમ પડી ગયું કે તેના દોસ્તો તે તેના શત્રુ હતા અને જે તેને શત્રુ સમાન લાગતા હતા તેજ તેના ખરા હિતૈષી મિત્રો હતા. તેણે પોતાના પરમપૂજ્ય પિતાનો પ્રાણ લીધો હતો—અરે તેના મૃત્યુમાં તે કારણભૂત થયો હતો. તેની પ્રેમાલ પત્ની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેનો સુશીલ સાધ્વી સ્ત્રી, તેના પીયરમાં કેમ દિવસો કાઢતી હશે! હા–તેણે વણિગ્ધર્મથી વેગળે જઇ અગમ્ય પ્રત્યે ગમન કર્યું હતું અને તે પતિત થયો હતો. તેના હૃદયની આરસી આ વખતે સર્વ સાક્ષી ભગવાન્ વિના કોઇ પણ જોવાને અશક્ત હતું. આ વધસ્તંભ પર પ્રાણાંત જો નિર્મિત છે તો પછી તેનાથી પોતાની માતાને કેમ ખાત્રી કરી શકાય કે તેનો દીકરો વસંત સત્ય સુવર્ણ સદૃશ છે; કિન્તુ અયોગ્યની સંગતિથી તે કથીર રૂપ નીવડયો છે અને પોતાની પત્નીને તે કેમ બતાવી શકે કે તેનો પતિ એક યુક્તપતિ છે પણ સંગદોષથી પોતાનું સ્વરૂપ વ્યક્ત કરી શકયો નથી! પણ હા! આ સર્વે વિચાર તેના જેવા દુષ્ટને છેવટ આવ્યા છે. ભાવિને ભોગવ્યા વિના હવે છૂટકો નથી.” આવા વિચારોની ઊર્મિથી તે વસંતનું મન ભ્રમિત થઇ ગયું; ખરો અપરાધી આરોપીથી કોઇ ઇતર છે અને તેની જીંદગી માટે જો અભય પ્રદાન કરવામાં આવે તોજ તે મનુષ્યનું નામ ઠામ તે બતાવે એમ ચંદ્રપ્રભાએ સૂચવ્યું. રાજા પરમ ન્યાયશીલ હતો. એક નિરપરાધ પુરૂષ પોતાની ખામીવાળી પદ્ધતિથી માર્યો જાય એનાથી દુઃખતર શું? ચન્દ્રપ્રભાની માગણી તેણે સ્વીકારી; તેથી તેણે સર્વ સત્ય વૃત્તાંતનું દિગ્દર્શન રાજાને કરાવ્યું; ત્યારે રાજાએ ભાનીને બોલાવી, તે અપરાધી ઠરી અને વસંત પોતાની શીલવતી સ્ત્રીની પ્રાસંગિક સહાયતાથી કાળપાશમાંથી બચી જવા પામ્યો. તેનો આ લોકમાં જાણે નૂતન જન્મ થયો હોય તેમ તેનો આત્મા તેને સૂચવવા લાગ્યો. પોતાના નગરમાં આવી એક બુદ્ધિવતી સ્ત્રી છે એ નિરીક્ષી, રાજાએ ચંદ્રપ્રભાને એક સાલીયાણું બાંધી આપ્યું અને તેની ભારે સ્તુતિ કરી. ચન્દ્રપ્રભાનું નામ ઠામ કે જે રાજાને નિવેદન કરવામાં આવ્યું તેનું શ્રવણ કરી વસંત તો આભોજ બન્યો અને એકદમ તેનાથી બોલી જવાયું કે “હા! હું તેજ કમનશીબ મનુષ્ય કે જે આમ મારા માતા પિતા અને પત્નીના કોઇ પૂર્વપુણ્યથી બચેલો તમારી સમક્ષ ઉભો છે. મારી અત્યંત અવિચારી અને દુષ્ટ વર્તણુકથી હું મારા પોતાના જીવના ભયમાં આવી પડયો હતો એટલુંજ નહિ પણ મેં મારા પિતા માતા તથા ભાર્યાને પણ અતિ કનિષ્ટ સ્થિતિમાં મૂકેલાં છે. મારી જનનીને હું વ્યાધિત સ્થિતિમાં ત્યાગીને નીકળ્યો, એજ મારા અપશકુનનું મૂળ. એજ કર્મે મને આ ફાંસીના માચડાની પાસે લાવી મૂકયો અને તેમાંથી પણ બચાવનાર એજ મારા માતાપિતાનું કોઈ પુણ્ય અને મારી આ સામે ઉભેલી પ્રિય પત્નીનો પ્રેમ.” આમ બોલતાં તે દુઃખિત જીવની આંખોમાંથી દડદડ આંસુઓ પડવા લાગ્યા અને તે પોતાની પ્રાણપ્રિયાને ત્વરિત ભેટી પડયો.

ત્યારપછી તેજ ગામમાં આવેલા શ્વશુરના ગૃહે વસંતને તેડી જવામાં આવ્યો; જ્યાં તે શરમથી કેવળ ઉદાસીન અને નરમ રહેવા લાગ્યો. ચન્દ્રપ્રભાએ વિચાર્યું કે પોતાના પતિને સુધારવાની હવે જરૂર જતી રહી છે. તેને પૂરેપૂરી સાન વળી છે માટે સ્વદેશ જવું. વસંત પોતાની માતાનું મુખ દર્શન કરવાને બહુ અધીરો બનવા લાગ્યો; અને બીજેજ દિવસે તેઓ ત્યાંથી રવાના થયાં. ત્યાં વસંતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પશ્ચાત્તાપ કરતાંજ માતાની સમક્ષ સાષ્ટાંગ પ્રણિપાત કર્યો અને દીન સ્વરે તે બોલ્યો કે "હે માતા, હવે મને મારા અનુચિત કર્મનું પૂરૂં ભાન થયું છે, આ કપુતે તને બહુ દુ:ખ દીધું. અરે! મેં તારા અમૃતસમાન શિખામણના વચનોપર દુર્લક્ષ આપ્યું કે જેનું ફળ હું ભોગવી ચૂકયો છું અને ભોગવું છું. એકવાર તું આ પાપી પુત્રને તેના અપરાધનીક્ષમા કર, નહિ તો મારી સિદ્ધિ કદિ થવી નથી. એકવાર તું આ અજ્ઞાની બાળક પ્રત્યે સ્નેહભરી દૃષ્ટિથી જો એટલે હું સમજીશ કે મારા પર સર્વ દેવતાઓ કૃપાવતી થઇ છે. એકવાર તું આ અધમ પુત્રના મસ્તક ઉપર તારો હાથ મૂક કે જેથી મને મારા ભાવિ વ્યવસાયમાં ઉન્નતિ મળે" તેની માતા આ સાંભળી પ્રેમાવેશમાં રડી પડી. પોતાનો પુત્ર અને વધૂ પાછા આવ્યાં એથી એ નિરાધાર સ્ત્રીને અપૂર્વ હર્ષ થયો. અહા! ખરૂં છે કે:—

कुपुत्रोऽपि भवेत्पुंसां हृदयानंदकारकः ।
दुर्विनीतः कुरूपोऽपि मूर्खोऽपि व्यसनी खलः ॥
एवं च भाषते लोकश्चंदनं किल शीतलम् ।
पुत्रगात्रस्य संस्पर्शश्चंदनादतिरिच्यते ॥
सौहृदस्य न वांच्छन्ति जनकस्य हितस्य च ।
लोकः प्रपालकस्यापि यथा पुत्रस्य बन्धनम् ॥

લોકોને ખરાબ ચાલવાળો, વિરૂપ, મૂર્ખ, વ્યસની, તેમજ લૂચ્ચો કપુત પણ હૃદયને આનંદ આપનારો બને છે.

લોકો કહે છે કે ચન્દન એ બહુ શીતલ છે પણ તેના કરતાંપણ પુત્રના શરીરનો સ્પર્શ વિશેષ શીતલ છે.

લોકો જેટલો પુત્રનો સંબંધ ઇચ્છે છે તેટલો પિતાનો, મિત્રનો, ભાઇનો કે રક્ષકનો પણ ઇચ્છતા નથી.

પછી વસંતની માએ પુત્રને આશીર્વાદ આપ્યો અને વસંત અહર્નિશ ચન્દ્રપ્રભાની સહાયતા વડે પોતાની માતાનું પૂજન કરતો થકો ગૃહસંસાર ધર્મસહિત ચલાવવા લાગ્યો અને મનસૂની શાન્તિને અનુભવતો થયો.

વાચનાર! માતાપિતાની અવજ્ઞાથી આવાં બુરાં પરિણામો આવે છે એ વાત સંશયથી અળગી છે. કોઇપણ ધર્મ એવો હશે નહિ કે જેમાં માબાપની ઈર્ષ્યા કરવાનો આદેશ લખ્યો હોય. ખ્રિસ્તીઓના ધર્મપુસ્તકમાં પણ લખે છે કે:—

Give both thy parents honour due.
5 th Commandment 2 nd book of the Old Testament Exodus ChapterXX.

તારા મા અને બાપ એ બન્નેને યથોચિત માન આપ.

પંચમ આદેશ.

આપણા ધર્મશાસ્ત્રના સિદ્ધાન્તો આથી પણ આગળ વધીને જણાવે છે કે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**તેજ પુત્ર એ તેના પિતાનો પુત્ર છે કે જે પિતાના અકર્તવ્ય તથા અવર્તનથી ખિન્ન ન થતાં તેના પ્રત્યે સદોદિત પૂજ્ય વૃત્તિ ધારણ કરી રહે છે અને મનમાં મા બાપ માટે કદિ પણ તિરસ્કારને અવકાશ નથી આપતો; કારણ કે પુત્ર મહા દુષ્ટ થયો હોય તોપણ પોતાના પુત્રનું માતાપિતા અનિષ્ટ ઇચ્છતાં નથી.** આ ઉપદેશ કેટલો બધો આદરણીય છે? આજે સરલ આચરણ કરીને રહેનારા મા બાપોને પણ પુત્ર તરફથી જ્યારે તિરસ્કાર મળે છે ત્યારે અતિ ક્રોધી અને હઠી માબાપોના હુકમ ઉઠાવવામાં અને તેને સંતોષ પમાડવામાં ઉદ્યત પુત્ર દુર્લભજ હશે!* આજે કઇ માતા છાતી ઠોકીને કહી શકશે કે હું શ્રવણ, રામ કે એવા પુત્રરત્નને પેદા કરવા સમર્થ છું? આપણી વિવાહપદ્ધતિ તથા સંતતિ ઉત્પન્ન કરવાના પ્રકારો વેદવિધાનથી એટલા બધા વેગળા ગયા છે કે તેને પાછા વેદ આદેશોની સીમામાં લાવી મૂકવા એ બહુ કઠિન છે. માત્ર કામવાસનાથી થયેલો દંપતી સંગ કામી પ્રજાનેજ ઉત્પન્ન કરે છે અને ભક્તિ, શ્રદ્ધા, વીરતા, કીર્તિ, શ્રી, વાચા, સ્મૃતિ, મેધા, ધૃતિ, ક્ષમા ઇત્યાદિ ગુણો જે પુરૂષોમાં સ્વભાવસિદ્ધ રીતે ઝળકી રહેલા છે તેનાં રૂડાં ચરિતોની કલ્પના સુપુત્ર કે સુપુત્રની ઇચ્છા રાખનાર માબાપોએ કરવામાં આરૂઢ રહેવું. આ હેતુ કે ઉદ્દેશને પ્રધાનતા આપી વર વધૂએ પોતાની કામવૃત્તિને એવી ગુણસંપન્ન સંતતિ લભ્ય કરવામાં પ્રેરવી; અને તેમને અવશ્ય ખાત્રી થશે કે એ પ્રકાર સદૈવ વિજયી નિવડે છે. પોતાના બાપના કે માના પોષણ નીચે રહીને જે પુત્રે વિદ્યા અને સદ્‌ગુણ સમ્પાદન કરેલા હોય છે અને પોતે જ્યારે વય થતાં કમાવા માંડે છે ત્યારે જે પુત્ર પોતાના માબાપને વિસ્મરી જાય છે અને એમ માને છે કે મારો ઉદય મેં પોતેજ કરેલો છે; તે પુત્ર અતિ ગંભીર પાપનો ભાગી થાય છે. અરે એક પળી પણ પાણી પાનારના ઉપકારમાં આપણે તેને શતધા ઉપકાર કરવા જોઇએ એવું શાસ્ત્રનું વચન છે તો માબાપ કે જેના ઉપકારો અસંખ્ય છે તેની પ્રત્યુપકૃતિ કેટલી મોટી હોવી જોઇએ? જે પુત્ર પોતાના સારા થવા પછી માતાપિતાની મહત્તા ઘટી ગઇ એમ માને છે તે સ્વરક્તનોજ + ધિક્કાર કરે છે. એક નોકર પોતાના ભર્તાની થોડા વર્ષમાત્ર ચાકરી કરે છે પણ તે સંકટના સમયમાં પોતાનું જીવન અર્પી ઋણમુક્ત થાય છે. એક શ્વાન એક રોટલાનો કટકો ખાઇને દાતાનો ઉપકાર ભૂલતો નથી; ત્યારે મનુષ્ય લોકમાં જન્મ, વિદ્યા, પોષણ, બુદ્ધિ, એ સર્વના

---

* **तनय मातु पितु पोषनहारा, दुर्लभ जननी यहसंसारा.** તુલસીદાસ.

\+ **अंगादंगात् संभवसि हृदयादभिजायसे ।**
**आत्मा वै पुत्र नामासि संजीव शरदः शतं ॥**

ભાવાર્થઃ—હે પુત્ર, તું મારા પ્રત્યેક અવયવ તથા હૃદયથી ઉત્પન્ન થયો છે. પુત્ર નામથી મારૂં સ્વરૂપ છે. તે તું સો વર્ષ જીવ. અંગ્રેજીમાં પણ આવીજ કલ્પના છે કેઃ—
The child is Father to the man. પુત્ર એ પિતાનું સ્વરૂપ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રદાતા એવા માતપિતાના ઉપકારનો બદલો શું કોટિ જન્મે પણ વાળી શકાય એમ છે? માતાપિતાનો દ્વેષ કરનાર પુત્ર આત્માનો દ્વેષ કરે છે; કારણ કે માતાપિતાનું સ્વરૂપજ પુત્ર છે. પિતા પુત્રથી ભિન્ન નથી. પુત્ર એ પિતાથી અપૃથગ્ભૂત છે; અનન્ય છે. પોતાના આત્મા, પોતાના રક્તરૂપ, પિતરૈપ્રતિ જે પુત્ર અનુપકારી નિવડે છે તે બીજા પ્રત્યે તો શુંજ ઉપકાર કરવાનો? આવા પુત્ર પાસેથી બીજાના ભલાની આશા શીજ રાખી શકાય? તે પુત્ર દુર્જન છે. તે પુત્ર પૃથ્વીને ભારભૂત છે. તે પુત્ર માતાને કશો પણ લાભકર્તા નથી. તે જનમંડળને અહિતકર અને નિરૂપયોગી છે. તેનું જીવન એક કાગડા કે કુતરાના જીવન કરતાં પણ નીચ છે. તે કોઇ પૂર્વના સંચિતથી પશુનો આત્મા ધારણ કરી મનુષ્ય દેહમાં આ પૃથ્વીપર ફરે છે. પશુઓમાં પણ ઉપકાર વૃત્તિ હોય છે જ્યારે આ કુપુત્રમાં તે મુદ્દલ નથી. તે ચક્ષુ હોવા છતાં અંધ છે કારણ કે તે જોઇ શકતો નથી કે પોતાના અસ્તિત્વનું અપાદાન કારણ કોણ છે? તે ઇશ્વરના મહત્વથી કેવળજ અજ્ઞાન રહેવાનો; કારણ કે જે પોતાના માબાપની મહત્તા સમજવાને સમર્થ નથી થયો તે ત્રિભુવનના નાથની મહત્તા કેમ ઓળખી શકશે? તેના જેવો કરજદાર આ દુનિયામાં બીજો કોઇ નથી. તેના જેવો પાપી, અધમ, નિર્લજ્જ, ધૂર્ત, નિમકહરામ અને વિશ્વાસઘાતી પણ મળવો મુશ્કેલ છે. આવા પુત્રો પોતાના પુત્રોથી પણ અવજ્ઞાત થાય છે; કારણ કે આઘાત સામો પ્રત્યાઘાત એ ઇશ્વરી નિયમ તેમની સામે આવી ઉભો રહે છે. જે પુત્ર પોતાની માતા કે પિતાના વાર્ધકથી તેનું પોષણ કરવામાં સંકોચ ધરે છે વા તે પ્રત્યે તિરસ્કાર રાખે છે તે પુત્ર પોતાની વૃદ્ધતામાં નિરાધાર રહેવાનો અને પોતાનીજ સંતતિથી તિરસ્કૃત થવાનો. આ વાત કેટલાકના માનવામાં ન આવે પણ આધુનિક હિંદુસંસારમાં નાનાં નાનાં છોકરાં પોતાની માને કે બાપને કાકી, વહુ, ભાઇ, કાકા ઇત્યાદિ નામથી નાનપણમાં ઓળખે છે અને બોલાવે છે એનું કારણ શું? બહુ ઉંડો વિચાર કરતાં માલુમ પડે છે કે આમ બોલતાં છોકરાંઓના માબાપો પોતાના માબાપોને પણ એજ અભિધાનથી બોલાવતા હોવા જોઇએ અને એથી આવો અભિધાન ક્રમ વંશ પરંપરામાં ઉતરે છે. આથી સિદ્ધ થાય છે કે જેવું આચરણ આપણે અન્ય પ્રતિ કરીએ તેવું આચરણ આપણા પ્રત્યે કરવામાં આવે.

यस्माच्च येन च यदा च यथा च यच्च ।
यावच्च यत्र च शुभाशुभमात्मकर्म ॥
तमाच्च तेन च तदा च तथा च तच्च ।
तावच्च तत्र च विधातृवशादुपैति ॥

જ્યાંથી, જે વડે, જે વખતે, જેવી રીતે, જે, જેટલું અને જે ઠેકાણે એક મનુષ્યે સારૂં અગર નરસું કર્મ કરેલું હોય છે ત્યાંથીજ, તેવડે, તે વખતેજ, તેવી રીતેજ, તેજ, તેટલુંજ, અને તેજ ઠેકાણે તેને વિધાતા મેળવી આપે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ ક્રમ સર્વત્ર ચાલુ છે. કર્મનો પ્રભાવ એવોજ છે. જે જેવું કરે છે તેને તેવું વિધાતૃવશ થઇ ભોગવવું પડે છે. દશરથે એક દંપતીને તેના પ્રાણ સમાન પુત્રનો વિયોગ કરાવ્યો તો પોતાને પણ પુત્રવિયોગ સહન કરવો પડયો. એ કથા સર્વથી સુવિદિત છે; તેમ જે પુત્ર પોતાના માતાપિતાને ખેદ કરાવે છે, તે પુત્રને તેનાજ પુત્રો ખેદ ઉપજાવશે, એ નિશંક છે. આ નીચલો શ્લોક આપણને કેવો એનો ભેદ ખુલ્લો કરે છે।

**अपुष्ट्वा पितरौ पुत्रो भवेद् वन्ध्यो जरान्वितौ।**
**संततिर्यदि हीनायुः शत्रुवद् वर्ततेऽथवा॥**

જરાગ્રસ્ત માબાપનું પોષણ ન કરનાર પુત્ર વન્ધ્ય થાય. જો તેને સન્તાન ઉત્પન્ન થાય તો તે અલ્પાયુ રહે અને જો તે જીવે તો શત્રુસમાન વર્તન કરે.

કુદરતી નિયમોથી આ શ્લોકની સત્યતા પ્રતીત થઇ શકે એવી છે. માબાપનું જે પાલન ન કરે તે પુત્ર વન્ધ્ય થવોજ જોઇએ; કારણ કે તે પોતાના માબાપને સંતતિસુખ આપી શકયો નથી, તેથી તે પણ સંતતિનું સુખ લેવાને યોગ્ય નથી. કદાચ તેને પુત્રાદિક જન્મે તો તે થોડો કાલજ જીવે અને સંતતિ વિયોગના દુઃખનું તેને ભાન કરાવે; કારણ કે તે પુત્રે પોતાના માબાપને પણ દુઃખનો અનુભવ કરાવ્યો છે. જો તેના સંતાનો લાંબું આયુષ્ય કાઢે તો તે તેની સાથે દુશ્મનની પેઠે ચાલ ચલાવે; કારણ કે તે પુત્રે પોતાના માબાપને લવલેશ સુખ નથી આપ્યું પણ શત્રુની પેઠે રોવરાવ્યા છે. આ શ્લોક કાલ્પનિક નથી, તેનો પ્રત્યક્ષ અનુભવ આપણે સંસારમાં લઇ શકીએ તેમ છીએ. પુત્રના સંતાપથી દગ્ધ થયેલા માતાપિતાઓને પૂછી જુઓ, વાંઝીઆ સ્ત્રીપુરૂષોને પૂછી જુઓ, જે દંપતીના છોકરાં ઝાઝું જીવતાં ન હોય તેને પૂછી જુઓ—તમને જણાશે કે આવા મા બાપો કે દંપતી પોતેજ પોતાના માબાપો પ્રત્યે તિરસ્કાર ધરાવનારા છે. જેવી ઇચ્છા આપણે બીજા તરફથી રાખીએ તેવુંજ આચરણ આપણે આપણું પ્રથમ કરવું જોઇએ. જો તમે ઇશ્વર પાસેથી માયા અને પ્રેમ ઇચ્છો તો તમારે ઇશ્વર પ્રત્યે પ્રેમ અને માયા રાખવા જોઇશે. જો તમે તમારા બંધુ તરફથી સારા આચરણની આશા રાખો તો તમારે પ્રથમ તેઓ તરફ સારી વર્તણુક ચલાવવી જોઇશે; તેમજ જો તમે એમ ઇચ્છો કે અમારી સંતતિ અમારા હુકમ મુજબ ચાલે ને અમારૂં કહ્યું કરે તો તમારે તમારા માબાપના હુકમ પ્રમાણે ચાલવાની અને તેઓનું કહ્યું કરવાની પ્રથમ ફરજ છે. જો કે તેથી એમ હું કહેવા નથી માગતો કે જેટલા લોકો આ પૃથ્વીની પીઠપર વન્ધ્ય છે, જેટલાનાં છોકરાં જીવતાં નથી અને જેટલાઓનાં સંતાનો શત્રુ સમાન વર્તે છે તે બધાજ માતૃપિતૃદ્રોહી છે; પરંતુ એટલું તો ખરૂં કે માતૃપિતૃદ્રોહી પોતે માતા પિતા તરીકે કદિપણ સંતોષ અને આનંદ મેળવી શકતા નથી.

"Do unto others as you would wish them to do to you" આને અંગ્રેજીમાં The golden rule સોનેરી સિદ્ધાન્ત કહે છે. એનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાવાર્થ એવો છે કે તમે બીજાની પાસેથી જેવા આચરણની ઇચ્છા રાખો તેવું તમે તેઓ પ્રત્યે કરી દેખાડો. આ જો આપણે યથાસ્થિત સમજી શકીએ તો ઉક્ત શ્લોકના સત્યની યત્કિંચિત્ પ્રતીતિ આપણને થઈ શકવા સંભવ છે.

સત્પુત્રસંબંધી જો કે દૃષ્ટાંત ઘણા છે તદપિ આ નીચે આપેલું નૂતન હોવાથી અત્ર વર્ણવેલું છે.

એક પુરૂષ કોઇ વખત કાયદાની ચુંગાલમાં આવી જવાથી તેને પકડવામાં આવ્યો અને રાજાની તેપર ઇતરાજી થઇ. આથી રાજાએ તેની બે આંખો ફોડી નાંખવાની પોતાના માણસોને આજ્ઞા કરી. આ અપરાધીનો એક પુત્ર હતો તેનાથી આ જોઇ શકાયું નહિ તેથી તે રાજા સંમુખ આવીને બોલ્યો કે હે રાજન્! મારા પિતાને આપે અપરાધી ઠરાવેલા છે તેમાં ફેરફાર કરવાની કે હાથ ઉંચકવાની મારામાં શકિત નથી; તેથી આપ કૃપાળુને મારી એટલી અરજ છે કે તમે મારા પિતાજીની એક આંખ તથા મારી એક ફોડીને આપની શિક્ષા પૂરી કરો; કારણ કે મારા પિતાને અંધ મારાથી જોઇ શકાશે નહિ. રાજા આ સાંભળી વિચારમાં પડયો; તોપણ સંશય આવવાથી તેણે તેને પ્રશ્ન કર્યો કે તું તારા પિતાની એક આંખ ફોડાવવા કેમ માગે છે? જો તારો ખરો પિતૃપ્રેમ હોય તો આખી સજા તુંજ સહન કર. તે ભક્તિમાન્ પુત્રે આનું કારણ દર્શાવતા કહ્યું કે "જો મારી બે આંખો ફોડવામાં આવે તો હું કેવળ અંધ બનું અને તેથી મારૂં તથા મારા પિતાનું ગુજરાન ચાલે નહિ; પરંતુ જો બંનેની એકેક આંખ ફોડવામાં આવે તો હું મારા પિતાનું પાલન કરી શકું અને મારા પિતા પણ બિલકુલ અંધ થતાં બચી શકે" રાજા આ સાંભળી બહુ ખુશી થયો અને તેના પુત્રની આવી ભકિત જોઇને તેના પિતાને સજામાંથી છૂટો કર્યો. એક બીજી કથા વળી એવી છે કે એક રાજા એક પોતાના વિશ્વાસુ માણસપર શકની નજરથી જોવા લાગ્યો અને તેના પરિણામે તેણે તે માણસને કેદખાનામાં નાંખ્યો. કેદખાનાના દારોગાને સખ્ત હુકમ કરવામાં આવ્યો હતો કે તે માણસને પાણી કે ખોરાક કંઇ આપવા નહિ અને તે ઉપરાંત કોઇ પણ માણસ તેને મળવા આવે તો તે માણસને અંદર જવા દેવું નહિ. સખ્ત બંદોબસ્ત રહ્યો. જ્યારે આ વાત તે કેદમાં પૂરાયલા દુઃખી માણસની એકની એક જુવાન પુત્રીએ સાંભળી ત્યારે તે એકદમ રાજા પાસે ગઈ અને આજીજી તથા કાકલુદી કરી તેણે રાજા પાસેથી પોતાના પિતાને દરરોજ મળવાનો પરવાનો મેળવ્યો. દારોગાને આ પરવાનો દેખાડવામાં આવ્યાથી તેણે તેને અંદર જવા દીધી. એમ દરરોજ બનવા લાગ્યું. કેટલેક દિવસે રાજાએ પૂછાવ્યું કે તે માણસ જીવતો છે કે મરી ગયો? જ્યારે તેને જણાવવામાં આવ્યું કે તે હજી જીવતો છે ત્યારે તેણે પોતાની નવાઇ જણાવી અને તેની પુત્રીની સ્ત્રીદ્વારા તપાસ કરાવીને તેના પિતાને મળવા જવા દેવી, એવી આજ્ઞા તે દિવસથી કરી. આ ક્રમ પણ ઘણા દિવસ સુધી ચાલ્યો, આખર રાજાને સંશય થયો કે ખાનપાન વગર એક માણસ આટલી મુદતમાં તો મરી જવોજ જોઇએ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુદ્દત ક્યારની પસાર થઇ ગઇ, તે છતાં આ માણસ હજી કેમ જીવતી હાલતમાં છે, એને માટે રાજાને બહુ નવાઇ લાગી. આનો ભેદ કંઇ પણ હોવો જોઇએ અને તેની જીજ્ઞાસા રાજાને થઇ. આખરે તેણે કેદીને દરરોજ મળવા જતી તેની પુત્રીને બોલાવીને પૂછ્યું કે આનું રહસ્ય શું છે? તે અબળા પ્રથમ તો ગભરાઇ તથા શરમાઇ પણ જ્યારે તેને જો તે ખરૂં કહે તો તેની તથા તેના પિતાની જીંદગી સલામત છે, એમ જણાવવામાં આવ્યું ત્યારે તે બોલી કે મહારાજ, ખરી વાત આમ છે કે થોડા દિવસ સુધી તો મેં મારી પાસે છુપાવીને કેદખાનામાં મારા પિતાની પાસે અમુક ખાવાની વસ્તુઓ લઇ જવા માંડી, પરંતુ જ્યારથી મારો ઝાડો લેવરાવવાનો આપે હુકમ કર્યો ત્યારથી મેં મારા પિતાની અમૂલ્ય જીંદગી ટકાવી રાખવા માટે બીજી યુક્તિ આદરી. મેં સ્તનપાનથી મારા પિતાનું જીવિત આજ સુધી ટકાવી રાખ્યું છે. હવે આપ આ બાબતમાં પ્રમાણરૂપ છો. આ બોલતાં તે બાળાની આંખમાંથી અશ્રુધારા ચાલી અને રાજાને પણ તે જોઇ ઉંડી અસર થઇ. એક ખરો પ્રેમ ધરાવનારી અબળા જાતિ પણ પોતાના પિતાને કેવી રીતે જીંદગીના જોખમમાંથી ઉગારી શકે છે, એનું સૂચવન રાજાએ પોતાના દરબારીઓને કર્યું અને તે કેદીને છોડી મૂકયો.

પુત્ર અને પુત્રી એ સમાનતાથી માતાની તથા પિતાની આજ્ઞા પાળવાને બંધાયલા છે. એક પુત્ર પર માબાપના પોષણની જેટલી કર્તવ્યતા રહે છે તેટલી પુત્રીપર નથી; કારણકે પુત્રી સ્વતંત્ર નથી. તે એક નવાજ ઘરમાં જાય છે, નવાજ કુટુંબના આચાર વિચારો તથા રીતભાતોની તે દાસી બની રહે છે અને વળી વિશેષ તેને માબાપોને મદદ કરવાનો હક્ક નથી. માબાપોને તેની સહાયતા સ્વીકારવાનો પણ કશો હક્ક હોય તેમ લાગતું નથી. એક કન્યા માબાપ પાસે કંઇ પણ લેવાનો હક્ક ધરાવે છે અને માબાપ તેને દેવાને યોગ્ય છે, એવાં આર્ય ધર્મશાસ્ત્રના વિધાનો છે. આમ હોવા છતાં માબાપ પ્રત્યે એક પુત્ર કે પુત્રીની ભક્તિને બાધ લગાર પણ આવવો જોઇએ નહિ; કારણ કે ભક્તિ એક એવી વસ્તુ છે કે તેને દેવા આપવા સાથે કંઇ પણ લાગતું વળગતું નથી. જ્યારે બે મનુષ્ય પ્રાણીઓ વચ્ચે ભકિતભાવનું અસ્તિત્વ હોય છે ત્યારે આપવું અને લેવું અગર દાન અને આદાન એ સહજ છે અને તેનું ઝાઝું મહત્વ કે ગૌરવ વસ્તુતઃ ત્યાં નથી; કિન્તુ બે મનુષ્યો વચ્ચે ભકિત નથી અને ત્યાં દાન અને આદાનનો ક્રમ ચાલુ છે તો શું સમજવું? ત્યાં આપવું અને લેવું એ કર્તવ્યને એક ધર્મ તરીકે માનવામાં આવે છે અને પરિણામતઃ ત્યાં ભકિતની મહત્તા અલ્પ હોય છે કે મુદ્દલ હોતીજ નથી. ભકિતથીજ જ્ઞાન દર્શન અને તત્ત્વ પ્રવેશને પ્રાપ્ત કરી શકાય છે; માટેજ ભકિતને વેદ, તપ, દાન કે યજ્ઞ કરતાં પણ ઉચ્ચતર માનવામાં આવી છે. પુત્રીઓએ પોતાના માતાપિતાને, પરણ્યા પછી વિસારી મૂકવા જોઈતા નથી; કારણ કે કંઇ પણ સ્વાર્થ વગર માતાપિતા પોતાની આત્મજાનું પાલન કરનારા છે અને તેની યોગ્ય વયે તેને ગૃહસ્થાશ્રમમાં યોજનારા છે. પુત્રી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાસરે હોય છે ત્યારે પણ માતા પિતા પોતાની સુતાનું સર્વદા કલ્યાણ ઇચ્છે છે, તેને સુખી જોઇ સંતોષ ધરે છે અને દુઃખી જોઇ દુઃખ પામે છે. આહાહા! એવા માતાપિતાનું મન, એનાં જેવો પ્રેમ આપણને ક્યાં પ્રતીત થવો સંભવે છે? આ સંસ્કૃત કવિનો શ્લોક યથાર્થ છે કે:—

सुधामधुविधुज्योतिर्मृद्वीकाशर्करादितः ।
वेधसा सारमुच्चित्य जनितं जननीमनः ॥

અમૃત, મધ, ચન્દ્રમાનું તેજ, દ્રાક્ષા, સાકર ઇત્યાદિમાંથી સાર સાર ખેંચી બ્રહ્માએ માતાનું મન ઉપજાવ્યું છે. ખરેખર છે તો એમજ; પણ આજકાલના યુવકોને માબાપોની કિમ્મત ક્યાં? પોતે ભલે વિવિધ પકવાન્ન જમે અને માબાપને સુખી ભાકરી પણ ખાવા મળે નહિ તેની દરકાર કુપુત્રોને નથી. માબાપને તેઓ તરણાની માફક ગણે છે. પ્રેમથી તેઓની સાથે વાતચિત કરવાને પણ પુત્રો જ્યાં શરમ ધરે છે ત્યાં તેઓ માબાપને માન તો કેમજ આપે? માતાપિતા અનેક સંકટોમાં દહાડા કાઢે અને પુત્ર પોતે સુખ ભોગવે એ કોઇ કાળે પણ એક સત્પુત્રને છાજે તેવું નથી. આવો પુત્ર સુખ નથી ભોગવતો પણ દુઃખની અંધારી ખીણમાં ભટકે છે. તે અન્ન નથી ખાતો પણ તે ધૂળ ખાઇ એક પશુથી પણ કનિષ્ઠ જીંદગી ગુજારી રહે છે. આ વચનો જરા પણ ખોટા નથી. શ્રીમદ્ભાગવતમાં તો આવો પુત્ર મુઆ પછી પોતાનુંજ માંસ ખાનારો છે એમ સાફ જણાવ્યું છે.

यस्तयोरात्मजः कल्प आत्मना च धनेन च ।
वृत्तिं न दद्यात्तं प्रेत्य, स्वमांसं खादयन्ति हि ॥

પુત્ર થઇને પોતાના દેહવડે અને ધનવડે માબાપનું પોષણ ન કરે તો તે મુઆ પછી પોતાનું માંસ ખાનારો છે.

સ્કંદમાં લખે છે કે—

पित्रोर्गुरोश्च शुश्रूषा कर्तव्या श्रद्धयान्वितम् ।
यथाशक्ति न तां कुर्याद्यः स यास्यति रौरवम् ॥

માબાપ અને ગુરૂની સેવા શ્રદ્ધાપૂર્વક કરવી. જે યથાશક્તિ તેમ નથી કરતો તે રૌરવ નરકમાં પડવાનો. કારણ કે—

यम्मातापितरौ क्लेशं सहेते संभवे नृणाम् ।
न तस्य निष्कृतिः शक्या कर्तुं वर्षशतैरपि ॥

છોકરાંઓને જન્મ આપીને ઉછેરવામાં માતાપિતાને જે દુઃખ સહન કરવું પડે છે તેનો બદલો છોકરાંઓ સેંકડો વર્ષ સુધી સેવા કરવાથી પણ વાળી શકતાં નથી. ઉક્ત મનુમહર્ષિની વાણીને શ્રીમદ્ભાગવતના આ શ્લોકથી પુષ્ટિ મળે છે કઃ—

सर्वार्थसंभवो देहो जनितः पोषितो यतः ।
न तयोर्याति निर्वेशं पित्रोर्मर्त्यः शतायुषा ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર્વ અર્થને સંપાદન કરી શકનારો આ દેહ જેણે ઉત્પન્ન કર્યો છે અને પોષ્યો છે તેવા માબાપનો બદલો કોઇ પણ મનુષ્ય સો વર્ષ જીવીને પણ વાળવા સમર્થ નથી. કદિ આ સંસારમાં એવા પ્રસંગો બની આવે કે માબાપોથી પુત્રાદિક દુઃખી થાય વા તેની આજ્ઞા પાળવાથી પુત્રને અલાભ કે અવિજય પ્રાપ્ત થાય તોપણ ખરા પુત્રોનો એજ ધર્મ છે કે તેણે મા બાપના હિતકર કે અહિતકર, ખોટા કે સાચા વચનોનું, પસંદ પડે કે ન પડે તોપણ પાલન કરવું. આના દાખલાઓ પ્રાચીન પુસ્તકોમાંથી અસંખ્ય પ્રાપ્ત થાય છે. રામચંદ્રજીએ પિતા તરફથી વનવાસનો હુકમ થતાં તે કેવી રીતે પાળ્યો હતો તેનું મનોવેધક ચિત્ર સુપ્રસિદ્ધ આદિભૂત કવિ શ્રીમદ્વાલ્મીકિકૃત રામાયણમાં બરાબર દર્શાવવામાં આવ્યું છે. એ કથા આપણને શો ઉપદેશ કરે છે? માત્ર એકજ કે માબાપની ગમે તેવી આજ્ઞાને વશ થઇ તેનો સંતોષ સંપાદન કરવો એજ પુત્રનો અનન્ય પરમ ધર્મ છે. માતૃભક્તિ, પિતૃભકિત, જયેષ્ઠબંધુ ભકિત, પતિભક્તિ ઇત્યાદિ ધર્મોનું વર્ણન રામાયણમાં બહુજ આકર્ષક અને સ્પષ્ટરીતે કરવામાં આવેલું છે અને દરેક યુવકે હાલકાળમાં પોતાના ધર્મના ઉચ્ચ સિદ્ધાન્તોથી વિજ્ઞાત થવાને અને પોતાનું અખિલ જીવન સદ્ગુણોથી વિભૂષિત કરવાને એ અત્યુત્તમ પુસ્તકનું માત્ર વાચનજ કિન્તુ અધ્યયન પણ કરવાને ચૂકવું નહિ જોઇએ. પિતા એ પ્રજાપતિની મૂર્તિ છે. માતા પૃથ્વીના મૂર્તિ છે અને તેઓને પ્રિય એવા કાર્ય આચરવાથી એક પુત્રનું વાસ્તવિક તપ ત્યાંજ સંપૂર્ણ થાય છે. એક પુત્રને માટે માબાપની સેવા શિવાય બીજી કોઇ વિધા નથી, બીજું કોઇ તપ નથી, બીજું કોઇ કર્તવ્ય નથી, એ બન્નેની સેવામાં સર્વ કર્મની સમાપ્તિ થઇ જાય છે એવું શાસ્ત્રનું વચન છે. હર કોઇ પ્રાણીની સેવા કરવી એ પણ કાંઇ ઓછો ધર્મ નથી.

**सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।**

સેવા ધર્મ બહુ ગહન. યોગિઓ પણ તેનું યથાક્રમ પાલન કરી શકતા નથી. આ માત્ર એક નીતિનું તત્ત્વ છે અને ઋષિમુનિયો આટલાજ કારણથી સેવાધર્મ વડે અન્ય મનુષ્ય પાસેથી સંતોષ સંપાદન કરવાના ગુણને ઇશ્વર પૂજનની સાથે સરખાવે છે.

**येन केनाप्युपायेन यस्य कस्यापि देहिनः ।**
**संतोषं जनयेद्राम तदेवेश्वरपूजनम् ॥**

ભાવાર્થ–હે રામ, કોઇ પણ ઉપાય કરીને કોઇપણ દેહધારીને સંતોષ ઉપજાવવો એજ પરમેશ્વરનું પૂજન છે.

'કોઇ પણ દેહધારીને' સંતોષ ઉપજાવવો એ એક સામાન્ય અને સાધારણ નીતિની વાર્તા છે; તો પછી અમુક ઉપકારક અને તેથી પણ અધિક માબાપ જેવા ઉપકારક તરફથી સંતોષ મેળવવાની ફરજ સર્વાંશે એક પુત્રપર અવલંબે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. માત્ર નીતિના દૃષ્ટિબિંદુથી નિરીક્ષણ કરતાં આપણને માબાપના અપ્રતિમ ગૌરવની ખબર પડે છે અને તેની શુશ્રૂષા અવશ્ય કરવી જોઇએ એ નિર્વિવાદરીતે સિદ્ધ થાય છે. એકપણ અતિથિને જમાડીને જમવું એ ગૃહસ્થોનો અવશ્યનો ધર્મ છે. ભલે પુત્રો માબાપને જરા પણ પૂજ્ય ન ગણે, એટલુંજ નહિ પણ તેઓનું ભરણપોષણ કરવામાં પણ પાછી પાની કરે, તોપણ આ વિહિત ધર્મ ( ગૃહસ્થે અતિથિને આદર આપવો એ ) તેઓને સાફ આજ્ઞા કરે છે કે પોતાને ભલે કેવળ શત્રુ રૂપ જણાતા હોય તોપણ માબાપોને અતિથિવત્ ગણીને તેનો યોગ્ય સત્કાર કરવો જોઇએ અને જો તેઓ આ પણ ધર્મથી વિમુખ થયેલા હોય તો તેઓ ગૃહસ્થ નહિ પણ કેવળ ગૃહરક્ષકનુંજ કામ કરનારા છે. આર્ય ધર્મના સિદ્ધાન્તો એટલા બધા પ્રમાણભૂત, ચોક્સ, સુનિર્ણીત અને પાયાવાળા છે કે અમુક મનુષ્ય પોતાની ફરજોની પરિસીમા એકદમ કૂદાવી શકવા પામે નહિ. જો એક કઠોર પુત્રને પોતાના માતાપિતાને માટે જરા પણ ભક્તિ ઉત્પન્ન ન થાય તો પછી તેને માટે છેલ્લે એટલોજ આદેશ કરવો રહી જાય છે કે તેઓએ પોતાના માબાપોને અતિથિતુલ્ય ગણીને પણ તેઓનું પાલન કરવું.

जिनोंने जनक और जननीका द्रोह कीना,
तिनोंने कहियें पाप कौन नांहि कीना हे ?
धूर्त, रू कपूत वो क्या औरका भला करेगा ?
जन्मदाताको जिनोंने दगा ऐसा दीना हे,
पातकमें पूर्ण कोउ घातक न वैसा देखा,
फौकट ऊन फंदीका जगतमें जीना हे,
कहत हे श्यामसुत, सुनो मेरे बंधुजन,
मातृपितृसेव येहि पुत्रका गहिना हे.

એ પાપી પુત્રનું જીવતર ફોકટજ છે. મા અને બાપનો જેણે આદર કર્યો છે તેણે કોનો આદર નથી કર્યો? માબાપનો અનાદર કરનાર સર્વનો અનાદર કરે છે. તેની સર્વ ધર્મ ક્રિયાઓ ફોગટ જાય છે. જેણે માતાપિતાના મનોરથ પૂરા ન કર્યા તેણે કોઇના મનોરથ પૂરા નથી કર્યા. જેણે માતાપિતાની વાણી ચિત્તે નથી ધરી તેનો સર્વ શાસ્ત્રપરિશ્રમ વૃથા સમજવો. જેણે માતૃપિતૃ પૂજન ન કર્યું તેની ગમે તેટલી હરિભક્તિ શી કામની? જેણે માત પિતાને પૂજ્યા નથી તેને વિષે આપણા ગુર્જર કવિરાજ વદે છે કે—

धिक सब साधनको, इश्वर आराधनको,
धिक बेद पाठ पुनि, धिक ब्रह्मज्ञानको,
धिक ताको जप तप, धिक ताको ब्रत नेम,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**धिक ताको नित्यकर्म, धिक धर्म ध्यानको,**
**धिक यज्ञ यजनको, धिक प्रभु भजनको,**
**तीरथको स्नान धिक, धिक पुण्य दानको,**
**धिक ताके सब काम, कहै दलपतिराम,**
**पूज्य जानि पूजै नहि मातरपितानको.**

પુત્રનો ધર્મ ઉપર કહ્યું તેમ માત્ર માબાપની પૂજામાંજ સમાપ્તિને પામે છે. તેને પછી તીર્થ, યાત્રા, ઉપવાસ, જપ, તપ, દાન ઇત્યાદિની જરૂર નથી અને મનુ મહર્ષિ કહે છે કે એક વિનયશીલ પુત્રે માબાપની રજા વગર કોઇ પણ બીજી ધર્મની ક્રિયાઓમાં હાથ ઘાલવો નહિ કારણ કે તેની સર્વ કર્તવ્ય ધર્મક્રિયાઓ માબાપની ભક્તિમાંજ આવી જાય છે. પિતા એ ગાર્હપત્ય અગ્નિ છે. માતા એ દક્ષિણાગ્નિ છે; અને આ અગ્નિદેવતાનું યથાસ્થિત પૂજન કરનાર કઇ પરમ ગતિને પામે છે?

**दीप्यमानः स्ववपुषा देववद्दिवि मोदते ।**

પોતાના દેહની તેજોમયી કાન્તિ વડે પ્રકાશમાન એવો તે માતાપિતાની સેવામાં તત્પર પુત્ર સ્વર્ગમાં દેવની પેઠે આનંદમાં રહે છે.

માતૃભક્તિના યોગે કરી પુત્ર આ લોકનો વિજય કરે છે અને પિતાની ભક્તિના પ્રભાવથી તે મધ્ય લોકને પ્રાપ્ત કરવા સમર્થ થાય છે. મન, વાણી તથા કાયાથી જે પુત્ર માતાપિતાની સેવામાં રમમાણ રહે છે તે ઉત્તમ પુત્ર ગણાય છે. જે પોતાના ચાતુર્યથી માબાપની હૃદયેચ્છાઓ જાણી લઇને તે પ્રમાણે આચરણ કરે છે તે પુત્ર બહુ ભાગ્યશાલી જાણવો અને તે સત્પુત્રને મળતા સર્વ પુણ્યને ભોગવનારો બને છે. જે પુત્ર માબાપના ઉપદિષ્ટ માર્ગે વહન કરે છે અને તેમના કહ્યા પ્રમાણે પોતાનું વર્તન રાખે છે તે મધ્યમ પ્રકારનો પુત્ર છે. જે પુત્ર માબાપે શિખામણ દીધા છતાં આડો રસ્તો પકડે છે, મગરૂર બનીને માબાપથી પોતાને ઉચ્ચ માને છે, બાપની શુશ્રૂષા કરવામાં અપ્રીતિ ધરાવે છે, માબાપ પાસેથી ધન હરણ કરે છે અને માબાપની કીર્તિને લાંછન લગાડે છે તે પુત્ર કનિષ્ઠ પ્રકારનો જાણવો અને તે પુત્રના રૂપમાં યમદૂત અને લેણદાર છે એમ સમજવું. આવા પુત્રો ત્યાજ્ય છે; કારણ કે તે પોતાના શરીરમાંજ ઉત્પન્ન થયલા કીડા યૂકા વા લિક્ષા જૂ કે લીખ જેવા છે. હવે વખત એવો આવી લાગ્યો છે કે માબાપો શિશુઓને ત્યાગે એ વાત તો એક બાજુ રહી પણ તરૂણ છોકરાઓ વૃદ્ધાવસ્થાથી ઘેરાયલા એવા માબાપનો ત્યાગ કરી દે છે. સ્મૃતિવાચનથી જણાય છે કે અગાઉના વખતમાં નૃપતિઓ વૃદ્ધ માબાપનો ત્યાગ કરનાર પુત્રને ભારે દંડ કરતા હતા અને આથી એવા નિર્લજ્જ પુત્રોને માબાપનું પાલન કરવાની પરાણે ફરજ પડતી હતી. હાલ આવો કોઇ પણ પ્રકારનો અંકુશ એવા પાપી પુત્રોપર નહિ હોવાથી જીવનની છેલ્લી પરવશ દશામાં સજાયલા વૃદ્ધ માબાપો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના ભરણ પોષણનો પણ દાવો એવા અધમ પુત્રોપર કરવાને અશક્ત હોય છે. આથી તેઓને જાતે કાળે પણ અતિ પરાકાષ્ઠાએ જીવનકલહના કાર્યમાં ગુંથાવું પડે છે કે જેનું પરિણામ તેઓના આકસ્મિક કે અકાલ મૃત્યુમાં આવે છે. હિંદી પ્રજા અનાથ બાળકો, અનાથ અબલાઓ, આંધળાઓ ઇત્યાદિ પ્રત્યે દયા બતાવવાનાં સાધનો ઉત્પન્ન કરવાને તૈયાર થઇ છે અને તેમ કરવામાં કેટલેક દરજ્જે વિજયવતી પણ નીકળી છે તથાપિ જૈફ નિરાધાર ( વૃદ્ધોને ) આશ્રય આપવા માટે કોઇપણ પગલું હજુ સુધી ભરાયું નથી એ પીડાકર છે. શાસ્ત્રકારો કહે છે કે:—

**जननी जन्मभूमिश्च जान्हवी च जनार्दनः ।**
**जनकः पंचमश्चैव जकाराः पंचदुर्लभाः ॥**

આ જગત્‌માં પાંચ જકાર દુર્લભ છે * ( ૧ ) જનની ( ૨ ) જન્મભૂમિ ( ૩ ) જાન્હવી ( ૪ ) જનાર્દન ( ૫ ) જનક. દુર્લભ એટલે જે દુઃખે કરીને મળે તે. પ્રથમ અને અંતિમ જનની અને જનક એ બેની પણ આમાં ગણના કરવામાં આવી છે. આવા દુર્લભ માબાપો જો સુલભ હોય તો પછી તેનો પરિત્યાગ કરીને કયો મૂર્ખ પોતાનું શ્રેયસ્ માનશે? પોતા પ્રત્યે થયેલા ઉપકારોનો બદલો વાળવાને શકિતમાન્ થયેલા જે પુત્રોના માબાપો જીવતા હોય તે પુત્ર મ્હોટા ભાગ્યશાળી છે. વિધિએ અર્પેલા એ સુખાન્વિત ભાગ્યની ઉપેક્ષા કરીને જે પુત્રો પોતાના માબાપનો આ વખતે તિરસ્કાર કરે છે અને પોતે વિધિવશાત્ પ્રાપ્ત થયલા ચલિત સુખના વોહમાં ખેંચાઇ જાય છે તે પુત્રોને લાખો બલકે કરોડો ધિક્કાર છે. સુખ કે દુઃખના તરંગો આ સંસારસમુદ્રમાં પલકભર ટકી રહે તેવા છે, પણ આવેલી વા હાથ લાગેલી તકનો લાભ લઇ જે પુરુષ દુર્જનોને દંડ, સજ્જનોને સત્કાર અને પોતા પર ઉપકાર કર્યા હોય તેને બદલો, આવા સમયમાં આપી દે છે તેજ ખરો ચતુર નાવિક છે; કારણ કે ગયેલી તક ( વ્યતીત થયેલા સુવર્ણમય અવસરો ) પુનઃ આવતા નથી; માટે બાપની વૃદ્ધાવસ્થામાં તેઓને શાંતિ આપવી એ પુત્રનો પરમ ધર્મ છે; અને અરે એ શાંતિ, સર્વ મનુષ્યોના મસ્તકપર તલ્પી રહેલો કૃતાન્ત, કયાં ઝાઝો વખતસુધી અનુભવવા દેવાનો છે? સર્વ શાંતિ અને અશાંતિ, વિપદ્ અને સંપદ્, સુખ અને દુઃખ એ સર્વનો અંત મૃત્યુ દેવની અતુલ્ય અને અનન્ય શાન્તિ ભરી ઉંઘમાં આવવાનો છે, હા એટલા ટુંકા વખતમાં હે સજ્જન પુત્ર! તું તારાથી બનતું કરી લે. એ અવસર તારે માટે અત્યંત આશીર્વાદાત્મક છે. તેમાં તારાથી થાય તેટલો પુણ્ય સંચય

* (૧) માતા. (૨) પોતાનો દેશ. (૩) ગંગાજી. (૪) પરમેશ્વર. (૫) પિતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવાની જગદીશ્વરે તને તક આપી છે. * એ અવસરમાં તારા પિતા માતાના હાથ ગયા છે તે શ્રાન્ત થયા છે અને તને પુષ્ટ અને બળવાન ભુજદંડ પ્રાપ્ત થયા છે. તારા માબાપના કર્ણો હવે મંદ થયા છે. તારી કર્ણ શક્તિ હવે તીક્ષ્ણ થઇ છે. તેના પગ કે જે એક વખતે નિર્ભય અને મજબૂત હતા તેના પર હવે કરચલી વળી છે અને તેમાંથી શક્તિ ગઇ છે. તેને બદલે તારા પગમાં જોર આવ્યું અને તે સતેજ છે. ટુંકામાં તારા માબાપની સર્વ શક્તિઓનું નિધાન જાણે તારામાં થયું હોય અને જાણે તું હવે તેઓનો પિતા છે અને તેઓ તારા બાળક છે એ વખત આવી લાગ્યો છે એમ સમજી બસ, તું હવે તારી ફરજ અદા કરજે અને આ સ્મરણમાં રાખજે કેઃ—

Be kind to thy father for when thou wast youug,
Who loved thee as fondly as he?
He caught the first accents that fell from thy tongue,
And joined in thine innocent glee.
Be kind to thy father for now he is old;
His locks intermingled with grey.
His footsteps are feeble once fearless and bold;
Thy father is passing away.

તારા પિતા પ્રત્યે માયાળુ થા; કારણ કે તું જ્યારે નાનો હતો ત્યારે એના સદૃશ તને કોણ ચાહતો હતો? તારી જીભમાંથી જે જે શબ્દો પડ્યા તે તેણે ઝીલ્યા છે અને તારા નિર્દોષ આનંદમાં ભાગ લીધો છે.

તારા પિતા પ્રત્યે માયાળુ થવાની હું તને ફરી યાદ આપું છું; કારણ કે તે હવે વૃદ્ધ થયા છે અને તેના વાળ શ્વેત થયા છે. તેના પગ જે એક વખત ભય વગરના અને હિમ્મતથી ભરેલ હતા તે હવે નિર્બળ થયા છે અને તેનામાં

---

* तात तव पावको प्रताप मेरे पाव वस्यो,
दृष्टिको दैवत मेरी दृष्टिमें देखायो है;
दांतको दैवत तव आयो मेरे दांतनमें,
कानको दैवत मेरे कानमें मिलायो है;
तव भुज बल सब भयो मेरो भुजबल,
जैसे तव संपादित संपति मैं पायो है;
शौच न करहु तात कित नहि गयौ तव,
शरीरको सत्त्व मेरे शरीरमें आयो है;

श्रवणाख्यान.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોરથી ચાલવાની શક્તિ રહી નથી. તારો પિતા ચાલ્યો જવાની તૈયારીમાં છે. વળી માતાનો પ્રેમ પણ ઓછો નથી.

Unlike all other Earthly things,
Which ever shift and ever change,
The Love which a fond mother brings,
Naught earthly can estrange.
With pure self-sacrificing light,
A holy flame it glows,
A current ever clear and bright,
Deep, deep and strong it flows.
All that by mortal can be done,
A mother ventures for her son.

દુનિયાની સર્વે ફેરફારને પામનારી વસ્તુઓથી અળગ એવું એક પ્રેમાળ માતાનું હેત કશા પણ દુનિયાદારીના કારણથી વિરક્તિને પામતું નથી. તે વિશુદ્ધ અને આત્મભોગમય જ્યોતિસ્ સાથે એક પવિત્ર અગ્નિ સમાન પ્રકાશે છે. તે એક સ્વચ્છ, શોભિત, ગભીર અને સદા જોસથી વહતા પ્રવાહ સમાન રહે છે. આ જગતમાં મનુષ્યકોટિ જેટલું કરવાને શક્તિમાન્ છે તેટલું કરવાને એક માતા કદિ પણ આંચકો ખાતી નથી. માબાપની આટલી યોગ્યતા જણાવ્યા પછી નીચલા બે બનેલા બનાવો અહીં ઉતારી લેવા હું યુકત ધારૂં છું.

એક વખત એક ગાડીનો ઘોડો ઉન્મત્ત અને નિરંકુશ બન્યો. હાંકનાર તેને કાબુમાં રાખી શકયો નહિ. આથી તેણે લગામ પોતાની કમ્મરે વીંટાળી અને તે ઘોડાને મજબૂત પકડી રાખવાનો યત્ન કર્યો. પાસે ઉભેલાઓએ જોયું કે હાંકનાર તેમ કરી શકવાનો નથી તેથી તેઓએ મોટે સાદે પોકાર કર્યો કે "તેને જવા દો! જવા દો! તેને કેમ જવા દેતા નથી." પણ હાંકનારે આ પોકારો પર બિલ્કુલ લક્ષ દીધું નહિ. ઘણી મુશીબત અને તકલીફ વડે આખર તે તોફાની ઘોડો પકડાયો ખરો પણ તેમ કરવા જતાં પરિણામ એ આવ્યું કે તે હાંકનાર માણસના નાક અને મોઢામાંથી લોહી પડવા લાગ્યા. તેની આસપાસ લોકો ફરી વળ્યા અને ખિન્નતાથી તેઓએ તેને પૂછયું કે "તમે તેને કેમ જવા ન દીધો? તમારી જીંદગી આવા સેંકડો ઘોડાના તુલ્યની છે" આ સાંભળી તે માણસે ઉત્તર આપ્યું કે "ગાડીના પાછલા ભાગમાં જુઓ. ત્યાં કેવો મારો નાન્હો છોકરો બેઠો! અમારે તે એકજ છોકરો છે. તે વગર હું તેની મા પાસે જઇ શકત નહિ અને તેનેજ માટે મેં મારા જીવના જોખમે આ કામ કર્યું" આહાહા! આમાં પિતાના પ્રેમનું પ્રદર્શન કરાવવામાં આવેલું છે. પોતે જો પોતાના પુત્રના જાનને બચાવી શકે તો તે માણસે પોતાની જીંદગીને માત્ર તરણાતુલ્ય ગણીને જોખમમાં ઝીંપલાવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાશ્ચિમાત્ય દેશોમાં શિશિર ઋતુના મધ્યપછી જે કડકડતી ઠંડી પડે છે તે ત્યાં બહુ ત્રાસ વર્તાવે છે. એક વખત મે માસમાં ત્યાં એટલી બધી ઠંડી પડી હતી કે તે માસની ટાઢ કોઇ વખત પણ, પૂર્વે ન અનુભવેલી હોવાથી ત્યાંના લોકો હજુ તે વખતને The great May storm એ નામથી ઓળખે છે. આ વખતે કંઇ પણ તોફાનની અગમચેતી ન આપનાર એવી એક પ્રકાશિત સવારમાં એક વિધવા સ્ત્રીએ પોતાનું ઘર છોડયું. તેની સાથે તેનું બે વરસનું બાળક હતું. મધ્યાન્હ થતાં પૂર્વે એકપદે તોફાન શરૂ થયું. આકાશ એકદમ કાળું થઇ ગયું અને પવન જોરથી ફુંકાવા લાગ્યો. વરસાદનો તીવ્ર વેગ, કરાં અને બરફ એ બધાં એક પછી એક આવ્યાં. થાકી ગયેલી, ભીંજાયલી અને ટાઢથી વેપમાન થતી એ સ્ત્રી પોતાના કોમલ બાલકસહ આગળ વધી; તેને ખબર હતી કે એક કોશની ઉપર એક નાનું સરખું ઝુંપડું આવેલું છે કે જ્યાં તે આજનો તોફાનનો દિવસ કાઢી શકે પણ ત્યાં પહોંચવું તેજ એક મુશ્કેલી હતી; કારણ કે ન કલ્પી શકાય તેવી ઝડપથી તોફાનનું સ્વરૂપ પ્રચંડ અને પ્રબલ બનતું ગયું. આગળ જવું કે પાછળ હઠવું એ બંને સમાનતાથી અશકય હતાં. ભય અને ચિંતાથી તે બિચારી આપદ્દગત અબળા ગાંડી જેવી થઈ ગઇ, સાંજ પડી; મરવા શિવાય બીજી ગતિ નહતી. પોતાના એકના એક તે નાનાં બચ્ચાં માટેજ તે વિચાર કરતી હતી: પોતાને મરણની બીક ન હતી. પણ તે બાળકને કેમ બચાવવું એજ તેની મોટી બીક હતી. અંધારૂં થવા લાગ્યું. તે એક ગરીબ વિધવા હોવાથી કેવળ ચિંથરે હાલ હતી. બિહામણી રાત્રી ભડકાવનારી કાળ રજની, ભીષણ દેખાવોથી ભરપુર તમિસ્રા આવી પહોંચી. પછી તે સોરકંઠા સ્ત્રીએ મરણનું તેડું અવશ્ય આવેલું જોઇ, શ્રાંત, ધ્રુજતે શરીરે લગભગ પોતાના સર્વ કપડાં કાઢયાં અને એક ફાટી તૂટી ગરમ શાલમાં પોતાના શિશુને સુવાડીને તેની આસપાસ સર્વ કપડાં વીંટાળી તેને એક નાની બખોલમાં ધીમેથી મૂકયું. છેલ્લું સ્તનપાન કરાવીને અને પોતાના થરથરતી જાંગે જણેલા છોરૂને છેલ્લું માતૃચુંબન દઇને, તે સ્ત્રી ખુલ્લી છાતીએ તોફાનમાં ચાલી.

બીજી સવારમાં સઘળું શાન્ત થઇ ગયું. ભયંકર તોફાન પછી સ્વાભાવિક રીતે જે ચિન્હો દેખાય છે તે સર્વ આ નિર્જન અટવીમાં હતા. વિધવા અને તેનું બાળક એ બે ખોવાતા હતા. પરોડીઆમાંથીજ ભરવાડો લાંબા દંડ લઇ નીકળી પડયા હતા. એકે ત્યાં કાદવમાં પડેલું એક સ્ત્રીનું શબ જોયું. તેઓએ તેને ઓળખી: તે ખોવાયલા બચ્ચાની મા હતી. તેના હાથ લાંબા પડેલા હતા અને તેના મુખ પર ચિંતા અને ઉત્સુકતા પ્રત્યક્ષ પ્રતીત થતા હતા. તે ભરવાડોએ ત્યાં બચ્ચાંનો રૂદન–સ્વર સાંભળ્યો અને શોધતાં એ બાળક સહી સલામત મળી આવ્યું. તે દિવસે ત્યાંના વૃદ્ધ ભરવાડે તે પુત્રવત્સલ માતાની યાદમાં ગ્રામસ્થ ભરવાડોને એકઠા કર્યા અને ઇશ્વર પાસે તે સ્ત્રીના આત્મા માટે દુવા ચાહી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના બચ્ચાં માટે માતાપિતાઓએ પોતના પ્રાણ ખોયાં છે. દુઃખના વાદળ સામે બાથ ભીડી છે. શત્રુઓની સાથે સંગતિ કરી છે અને પોતાના કાયિક, માનસિક અને આધ્યાત્મિક સુખનો પણ ત્યાગ કરેલો છે. તેઓ પ્રત્યે આંતર સત્ય પ્રેમ રાખવો એ તો એક તરફ રહ્યું પરંતુ તેઓનું અનાથ અવસ્થામાં પોષણ કરવું એ પણ દુષ્ટ પુત્રોને ભારે થઇ પડયું છે. કેટલાક પુત્રો તો પોતાના બાપનો વારસો મળવા માટે તેઓ પ્રત્યે કૃત્રિમ પ્રેમભાવ દેખાડે છે અને જેવા તેઓને નિર્ધન દેખે છે કેઃ--

**त्यक्त्वा जनयितारं स्वं निःस्वं गच्छति दूरतः ।**

પોતાના પેદા કરનારને ધન રહિત જોઇને, તેનો ત્યાગ કરી દૂર ભાગે છે. પોતાની સ્ત્રી, પુત્ર, સાળી, સસરા, મિત્ર આદિની સુશ્રૂષામાં ગમે તેટલું ખરચ થાય તો તે જણાય નહિ પણ માતપિતાની સેવામાં એક દોકડો ગયો તો તે ગળે વળગે.

**ગૃહિણીને માને ગુરૂ, કરે સંતતિ-સેવ.**

ભર્તૃહરિ એક ઠેકાણે વદે છે કે જ્યાંસુધી મનુષ્યને નારીનાં હરિણીનાં જેવાં નેત્રનાં બાણ નથી વાગ્યાં ત્યાં સુધીજ તેનામાં વિવેકબુદ્ધિ રહી શકે છે અને તે પોતાના કરવાના કામ બરાબર કરી શકે છે. એક કવિ ગાય છે કે;

**मातपिता जप योग रस तां मनि मयलम जोइ ।**
**नयनबाण नारीतणां जां नवि लागां होइ ॥**

પુરૂષોએ ધર્માચરણમાં રહેવાને માટે સ્ત્રીનાં વચન એકાંતમાં શ્રવણ કરવામાં મોટો દોષ માનવો જોઇએ. પૂજ્યની નિંદા સાંભળવી કે કરવી એ બેમાં પાપ રહેલું છે. આજ કાલ સ્ત્રીને સર્વ બાબતમાં પ્રભુત્વ આપવામાં આવે છે અને પુરૂષો પણ સ્ત્રૈણ જેવા બની ગયા છે પણ આ લક્ષમાં રાખવું જોઇએ કે અજ્ઞાન કે મૂર્ખના હાથમાં આપેલો અધિકાર એ પરિણામે શોકોત્પાદક છે. બાપને તીર્થ સ્વરૂપ, શિરછત્ર એવાં વિશેષણો કાગળપત્રમાં આપવાં અને તે પ્રમાણે વર્તન કરવું નહિ એ એક પ્રકારનું જુઠ્ઠાણું છે. માબાપની ભક્તિ કરવાનો જે પ્રસંગ આવે તે વધાવી લેવો કારણ કે રાંડયા પછી જેમ એક સ્ત્રીને ડહાપણ આવે છે તેમ માબાપના મરણ પછી શોક થાય કે " હા, મેં કપૂતે મારા માતપિતાની સેવા કરી નથી!" તે પહેલાં એવું વર્તન ધારણ કરી રાખવું કે જેથી એવો પશ્ચાત્તાપ કરવાનો વખતજ ન આવે.

**જો મતિ પીછે ઉપજે, સો મતિ આગલ હોય;**
**કામ ન બિગરે આપકો, દુર્જન હસે ન કોય.**

તે માટે ગમે તેટલા કામ પડતાં મૂકીને કીડીની પેઠે શનૈઃ શનૈઃ ધર્મનો સંચય કરવો; એક પુત્રનો માતાપિતાની સેવા શિવાય અતઃપર બીજો ધર્મ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**वृद्धौ च माता पितरौ साध्वी भार्या शिशुः सुतः ।**
**अप्यकार्यशतं कृत्वा भर्तव्या मनुरब्रवीत् ॥**

ઘરડાં માતપિતાનું, પતિવ્રતા સ્ત્રીનું અને બાળક પુત્રનું સો કામ છોડી દઇને પણ પોષણ કરવું આમ મનુએ કહ્યું છે.

ઘરડાં માબાપ નિરાધાર છે અને કામ કરવાને અસમર્થ છે. સાધ્વી ભાર્યા પતિવ્રતા હોવાથી પરપુરૂષને ઇચ્છતી નથી અને પોતાનું બાળક નાનું હોવાથી તેય પણ પોતાની મેળે શારીરિક કે માનસિક વ્યવહાર કેમ કરવા તે જાણતું નથી તેથી, આ ત્રણે વ્યકિત પાલનીય છે. આજ કાલ લોકો કમાઇને માટે ફાં ફાં મારે છે. આનું પ્રયોજન શું છે? એનો સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરનારા લોકો કોઇકજ હશે. અને જે વિચારની સંકળનાને લંબાવીને તાત્પર્ય ખોળી કાઢશે તેને જણાશે કે પુણ્યની ઓછપ એ આપદ્દનું મૂળ. પ્રથમ એક મનુષ્યે પોતાની વિશેષ ફરજોથી વાકેફ થઇને આચરણ કરવું જોઇએ. આ ક્રમ તેને નિશ્ચિંત અને સામાન્ય સુખવાળી જીંદગી બક્ષે છે અને તેથી પણ સુખીયસ્ થવું હોય તો તેણે પુણ્યકાર્યમાં મનને પ્રેરવું ઘટે છે. જે લોકોને ખરી કમાઈ કરવાની ઉત્કંઠા હોય, પ્રતિષ્ઠિત ગણાવું હોય, જગત્પ્રવાસમાં સુખી થવું હોય, પરલોકમાં પરમાનંદ પ્રાપ્ત કરવો હોય, અને નશ્વર દેહથી અમર કીર્તિ પોતાની પાછળ છોડી જવી હોય, તે લોકોએ પ્રથમ વિશેષ ધર્મ આચરવો અને પછી સામાન્ય. જેમ એક પતિવ્રતા પોતાના પતિ પ્રત્યે ભકિત રાખે છે, જેમ એક નિમકહલાલ સેવકનો પોતાના ધણી પ્રત્યે ભાવ હોય છે તેમ એક કુળદીપક પુત્રનો અનન્ય પ્રેમ માબાપ પ્રત્યે હોવોજ જોઇએ. જે પુત્રે પોતાના માબાપની આંતરડી કચવાવી નથી અને માબાપનો કોઇ પણ પ્રકારે કોઇ પણ વખતે શાપ સાંભળ્યો નથી તે પુત્રે એક પરમ પુરૂષાર્થનું સંપાદન કરેલું છે. તે પુત્રે પોતાની જનનીને નવમાસનો ભાર સકારણ આપેલો છે. તે પુત્ર પરમ ભાગ્યશાળી છે. તે પુત્રે આખા જન્મની એક આનંદમય વધાઇ મેળવી છે. જેઓએ પુરાણ, ભાગવત, રામાયણ, મહાભારતાદિ ગ્રંથો વાંચેલા હશે તે લોકો સારીપેઠે જાણતા હશે કે માતાપિતા, ગુરૂ, પાલક કે સંત પુરૂષોની આંતરડી ઠારનાર બહુ સુખી થઇ ગયા છે અને એથી વિરૂદ્ધ વર્તનાર દુઃખી અને પાયમાલ થયા છે. આયુષ્ય, આનંદ, ઉદ્યોગ અને આરોગ્યમાં વૃદ્ધિ કરવી હોય તો શાસ્ત્રમાં કહ્યું છે તેમ **मनोवाक्कायकर्मभिः** માતાપિતાનું અનન્યભાવથી પાલન કરવું. કમાઇ ધંધામાં બરકત લાવવી હોય, સ્મૃતિ બુદ્ધિ વધારવી હોય તો એકવાર ધર્માચરણી થઇ કુટુંબને આનંદમાં રાખવું; કારણ કે Charity begins at home અને તેમાં પણ જે ગૃહમાં મા અને બાપ પૂર્ણ સુખમાં રહે છે તે ગૃહસ્થ પૂર્ણ સુખી છે. સુખી કોણ છે? જવાબમાં આજ ઉત્તર સર્વમાન્ય ગણાય છે કે "જેથી બીજા સુખી છે તેજ સુખી " He is really happy who makes others happy.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**नास्ति मातृसमं दैवं नास्ति पितृसमो गुरुः ।**
**तयोः प्रत्युपकारोऽपि न कथंचन विद्यते ॥**

આર્યસંસારમાં ઘણીવાર એમ બને છે કે પુત્ર જો કે માતૃપિતૃભક્ત હોય છે પરંતુ વધૂ (વહુ) એથી ઉલટી હોય છે. આમ જ્યારે બને છે ત્યારે પુત્રની ગેરહાજરીમાં માબાપોની પુત્રવધૂ વડે અવગણના થાય છે. આ એક અતિશય દયાનજક વાત છે કે ઘણી પુત્રવધૂઓ પોતાના શ્વસુર અને શ્વશ્રૂપ્રતિ અતિ અતિ કઠોર હૃદય રાખી નાનાવિધ કલેશ કરે છે અને તેથી માબાપોના છુપા શાપો પુત્રના ઉદયમાં આડે આવે છે. દરેક પુત્રવધૂની એ ખાસ ફરજ છે કે તેણે પોતાના સાસુ સસરાને કોઇ પણ રીતે ખેદ ઉત્પન્ન ન થાય તેમ આચરણ કરવું. પોતાના પતિમાં માતાપિતાની ભક્તિ ન હોય તો ઉત્પન્ન કરવી પણ કયારેય પણ પતિની માતૃપિતૃભક્તિનો ઉચ્છેદ નહિ કરવો; કારણ કે એક પુત્રવધૂના શ્વશુર અને શ્વશ્રૂ એ તેના બીજા બાપ અને માની સમાન છે. સાસુ સસરાને હમ્મેશ પ્રથમ ભોજન કરાવવું અને તેનું રૂડી રીતે આજ્ઞા પાલન કરવું. આમ કરવાથી ઘરમાં સંપદ્ વધશે અને પતિની ઉન્નતિ થશે. કેટલીક સ્ત્રીઓ સંતાન પ્રાપ્ત કરવા વિવિધ વ્રત આચરે છે, ઉપવાસ પાળે છે અને બાધા લે છે પણ તેઓનું ખરૂં વ્રત સાસુ સસરાની સેવા છે. ઘણી કુશીલ સ્ત્રીઓએ પરમભાવથા સાસુ સસરાની સેવા કીધેલી છે અને ધન, ધાન્ય, સંપત્તિ અને સંતતિના લાભ એઓના આશીર્વાદથી મેળવ્યા છે. પુત્રવધૂઓ પોતાના વશ પતિને તેઓના કાન ભરી ઉદ્ધત કરે અને પોતાનો પતિ માબાપ સામે વચન પ્રહાર તથા કોઇ વાર દંડપ્રહાર કે મુષ્ટિપ્રહાર કરે તે જોઈ તેણીઓ ખુશી થાય એ તેણીઓનું અતિ અઘટિત કર્મ છે. આવી સ્ત્રીઓ પોતાને માટે કંઈ લાભ સંપાદન નથી કરતી એટલુંજ નહિ પણ તેણીઓ પોતાના પતિને પાપમાં પ્રેરે છે અને આખર એ પાપના યોગે એ દંપતી કડવા પરિણામને ચાખે છે. આવી સ્ત્રીઓ ઘણું કરીને વાંઝણી રહે છે અને તેઓના ઘરમાંથી લક્ષ્મી હોય તો તે પણ પલાયન કરે છે. કેટલીક પુત્રવધૂઓ સાસુ વા સસરાને માથે પડેલા એ પારકા માણસની પેઠે લેખે છે અને તેને પેટ પૂરતું ખાવા પણ નથી આપતી! શિવ શિવ!! ઘણાક સાસુસસરાપર પોતાના પતિઓ ન જાણે તેમ કેટલીક અધમ છેકડુ સ્ત્રીઓ અઘટિત ત્રાસ વર્તાવે છે; ઘીને બદલે જળધારા (પાણી) પીરસે છે! જે રસોઇ કરેલી હોય છે તે પોતાના શ્વસુર, શ્વશ્રૂને નથી આપતી અને ટાઢા ટુકડા ખવરાવે છે. ઘરતું કામ કરાવે છે અને તડોતડ સામા ઉત્તર દે છે. દરેક પુત્રે બારીકીથી તપાસ રાખવી જોઇએ કે આવા અનર્થો ઘરમાં ન થવા પામે; કારણ કે માબાપના અંતઃકરણમાંથી નીકળેલો અશાન્તિનો અગ્નિ પુત્રના અનેક જન્મોના સંચિત પુણ્ય કર્મોને ભસ્મીભૂત કરી નાંખે છે; તેને ખરાબ વિચાર સૂઝાડે છે અને અગમ્ય રસ્તે ઉતારી પાડે છે "માની ગાળ તે ઘીની નાળ" એમ જે કહેવાય છે તેનો ગુઢાર્થ એમ છે કે મા ગાળ પણ દે તેને એક આશીર્વાદ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રૂપ ગણીને સત્પુત્રે વધાવી લેવી; કારણ કે માબાપ પુત્રાદિકને ગાળ ક્યારે દીએ છે? નહિ કે પુત્ર તેઓને અપ્રિય છે તેથી તેઓ તેમ કરે છે પણ તેઓ પોતાની સંતતિને સુધારવાની, તેઓને ઉંધે રસ્તેથી અટકાવવાની અને તેઓનું ભલું કરવાની પરમ દિવ્ય ઇચ્છાથી તેઓ તેમ કરે છે. વળી પોતાના જનક અને જનની આગળ એક મનુષ્યે પોતાની ગમે તેટલી મોટી પદવી, સંપત્તિ, વિદ્યા અને સત્તા ભૂલી જવાં; કારણ કે માબાપ આગળ તે સર્વથા અને સર્વદા લઘુજ અને લઘુજ છે. મોટા મોટા ઋષિઓ, મુનિઓ, યોદ્ધાઓ અને ચક્રવર્તિ રાજાઓ સુદ્ધાં માબાપ આગળ દીન અને નમ્ર બનીને ઉભા રહે છે. કારણ કે માબાપ મનુજ દેહધારી બે અપ્રતિમ પ્રભાવશાલી દેવતાઓ છે. માબાપની મર્યાદામાં રહેવું એ એક શાણા પુત્રે કદિ પણ વિસ્મરવું નહિ જોઇએ. હાલના ઘણા યુવકો કે જેઓ પાશ્ચિમાત્ય એક તરફી કેલવણી લઇને તૈયાર થયેલા હોય છે અને જેઓ સુધરેલી પ્રજાનું અનુકરણ કરવાની લતમાં પડેલા હોય છે તેઓ પ્રાચીન કાળથી ચાલતી આવેલી માબાપ અને પુત્ર, સાસુ અને વહુ શ્વશુર અને વહુ ઇત્યાદિ વચ્ચેની મર્યાદાને નિર્જીવ ગણી લુપ્ત કરવા લાગ્યા છે પણ તેઓએ જાણવું જોઇએ કે આ પ્રકારની મર્યાદાનું પાલન એક એવી પવિત્ર લજ્જાને જન્મ આપે છે કે જે એક મનુષ્ય અગર સ્ત્રીને તેના ધર્મપથની સીમામાંથી અતિક્રમણ કરતાં અટકાવે છે કે જે પવિત્ર લજ્જા એક આર્ય ગૃહિણી અગર ગૃહસ્થનું સર્વોત્કૃષ્ટ ભૂષણ છે. આ લજ્જાનું બંધન કોઇપિણ સ્ત્રીએ કે પુરૂષે છોડવાનો કે એક બાજુએ મેલવાનો યત્ન નહિ કરવો જોઇએ અને તેમ કરવામાં સહાયતા પણ નહિ આપવી જોઇએ; કારણ કે એ બંધન છોડવાથી અનેક કુલીન કુળોમાં અનીતિ અને કલિએ પ્રવેશ કીધો છે કે જેનાં અંતિમ ફળ અધોગતિએ પહોંચાડનારાં નીવડ્યાં છે. જો કે મારી એમ કહેવાની મતલબ કે ઇચ્છા નથી કે દરેક માબાપો સરલ અને શાણા હોય છે. માતાપિતા પણ ઘણીવાર અવળી ખોપરીના થઇને પુત્ર વા પુત્રવધૂને દુઃખ વા સંતાપનું કારણ બને છે અને કેટલાક તો પુત્રવધૂપર ગેરવ્યાજબી જૂલમ પણ ગુજારવાને પાછું વાળી જોતા નથી. આ વખતે પણ પુત્રે સંભાળ રાખવાની છે અને પોતાની પત્ની પોતાના માબાપના અયોગ્ય જુલમનો ભોગ ન થાય તે માટે માબાપ સન્નિધ સન્માનપૂર્વક કથન કરવું ઘટે છે; તોપણ આવા બનાવો જુજ બને છે કારણ કે દુનિયાના અનુભવથી ઘડાઇ ઘડાઇને પક્વ બુદ્ધિશાળી થયેલા માબાપો અયોગ્ય વર્તન કરવામાં વગર વિચારે નિમગ્ન થતા નથી. માબાપ અને પુત્રનો પરસ્પર ધર્મ શો છે?

**ते पुत्रा ये पितुर्भक्ता स पिता यस्तु पोषकः ।**

જે માબાપપર ભક્તિ રાખે તેજ પુત્ર અને જે પોષણ કરે તેજ પિતા. કેટલાક રોગગ્રસ્ત, પદવીભ્રષ્ટ વા અલસ પિતા કંઇ કામ કરી શકતા નથી અને તેથી તેઓ બરાબર પોતાની સંતતિનું પોષણ કરવાને અશક્ત બને છે અને, તેને વિદ્યાદાન પણ દઈ શકતા નથી. આથી માબાપ વિષેની ભક્તિ પુત્રના હૃદયપર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બરાબર જામી શકતી નથી; કારણ કે પોતાનો પોષણ કરવાનો ધર્મ માબાપો યથાતથ્ય બજાવી શકતા નથી. મનુષ્ય વ્યક્તિ ગુણ અને દોષથી યુક્ત છે. માતા પિતા પણ એ મનુષ્ય વ્યકિતના વિશાળ પેટામાંજ આવી જાય છે તો પછી તે સર્વ વાતે ગુણયુકત હોય એ અશકય છે. આથી સારા પુત્રોએ "ગાયની લાત સામું ન જોવું પણ તેના દૂધની સામું જોવું" એ કહેવતને અનુસરી બનતા લગી સર્વ સંભાળી લેવું અને આમન્યા જાળવવી; અને એમાંજ તેઓનું શ્રેયસ્ સમાયલું છે; કારણ કે તિતિક્ષા યોગ એ પણ સાધારણ શકિત નથી. આ જગતમાં સર્વ સહન કરવું એ પણ મહાત્માઓનું લક્ષણ છે. કલાપી કેકારવ કરે છે કે "બાબા! મારી સહન કરવું એય છે એક લ્હાણું!"

ગીતામાં પણ એજ ઉપદેશ છે કે **तितिक्षस्वभारत** । હે ભારત! તું સહન કર. કોઇ અણ અણચિંતવી આપદ્ આવે કે કલહ ઉત્પન્ન થાય ત્યારે સહન કરવાની ટેવ પાડવી. આપણામાં આ કિંવદન્તી ચાલે છે કે "દોઢ વાંક વગર કજીયો થાય નહિ." માબાપ અને પુત્ર કે પુત્રવધૂ સામે કલહ થાય ત્યારે બંનેનો ભલે થોડો કે વિશેષ અંશમાં પણ દોષ હોવો જોઇએ. પછી માબાપનો અર્ધ અને પુત્રનો આખો હોય કે પુત્રનો અર્ધ અને માબાપનો આખો હોય પણ સરવાળો દોઢ વાંકનો આવે! આ વખતે જો એમાંથી એક પક્ષ મૌન પાળે અને સહન કરે, તો તે કલહ તે ટાણે શમીજ જાય માટે કામ, ક્રોધ આદિ વિકારોને વશ ન થતાં તેઓને નિયમમાં રાખવા અને સહન કરવાની ટેવ પાડવી.

કુદરતનો આ એક પ્રસિદ્ધ કાનુન છે કે જે બીજાના તાબામાં રહી શકે છે તે અન્યને તાબે રાખી શકે છે. આ કાનુનની ખરી ખુબી યુદ્ધસંગ્રામમાં આપણને બરાબર મળે છે. જ્યારે એકાદ લશ્કરની ટુકડીનો વડો 'ધસો' એ હુકમ પોતાના સૈનિકોને આપે છે ત્યારે વગર વિલંબે, વગર વિચારે, વગર જવાબે તે સૈનિકોએ એકદમ ધસારો કરવોજ જોઇએ અને તેમ ન કરનારનું મસ્તક તેજ પલે તેના ધડથી જુદું પડવું જોઇએ. આવા સખ્ત કાયદા યુદ્ધવિશારદ પુરૂષોએ અતિ દીર્ઘ દૃષ્ટિ કરીને ઘડેલા છે અને તે આપણને ખરા પણ જણાય છે, કારણ કે જો એક હીચકારો લશ્કરમાં નીકળે તો તે બીજા હજારને પોતાના જેવા કરે માટે તેવાનો અવિલંબિત વધ કરવો એ પ્રસ્તકાર્ય છે. પુત્રે પણ માબાપને આવીજ રીતે સર્વદા અધીન રહેવું જોઇએ. જેપેનમાં એક ઘરગતુ નિયમ છે કે પુત્રીએ અને પુત્રે માબાપની સમક્ષ વિશેષ ભાષણ કરવાની જરૂર નથી. તેઓએ માત્ર તેઓના ફરમાન મુજબ દરેક કાર્ય સાંગોપાંગ કરવુંજ જોઇએ અને તેમ ન કરનારને માબાપ અપરાધ પ્રમાણે શિક્ષા કરે. આ પ્રકારનું આજ્ઞા પાલન જેપેનની ઉન્નતિમાં સહાયભૂત થયું છે. ત્યાંની પ્રજા પોતાના રાજાનો હુકમ બહાર પડે કે તરતજ તે પ્રમાણે વર્તન કરે છે. ત્યાંના લશ્કરો પોતાના સરદારો આજ્ઞા કરે તો પ્રત્યક્ષ કાળમુખમાં પણ જવાને આંચકો ખાતા નથી. ત્યાંની કુળવધૂઓ પતિના કે સાસુ સસરાના એક પણ વચનનું ઉત્થાપન કરવું એમાં પોતાના કર્તવ્યની ગૌણતા માને છે, તેઓનો પરધર્મ અધીનતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( Obediance ) છે. નાઇલની ભયંકર લડાઇમાં કેસાબ્યાંકા નામના એક નાની ઉમ્મરના છોકરાએ ખાસ પોતાના પિતાની આજ્ઞાને વળગી રહી પોતાના પ્રાણ ખોયા હતા. તે એક વ્હાણપર હતો ત્યારે તેના પિતાએ તેને હુકમ કીધેલો હતો કે તારે હું આવું ત્યાં સુધી અહીં સ્તંભવું. પોતાના પિતા ત્યાં આવે તે અગાઉ વ્હાણપર આગ લાગી અને તે વ્હાણ સર્વે લોકો વડે ત્યજાયું. કેસાબ્યાંકાનો પિતા આજ યુદ્ધ નૌકાનો અધ્યક્ષ ( Admiral ) હતો. કેસાબ્યાંકાનો પિતા હજુ આવ્યો નહિ અને તે વીર બાળકે નૌકા છોડી નહિ. આખર તે અગ્નિનો ભોગ થયો. પિતાની આજ્ઞાનો ભંગ થાય તે કરતાં પોતાના જીવનની કિમ્મત તેણે અત્યલ્પ ગણી. જામદગ્ન્ય પરશુરામે પણ પિતાની આજ્ઞાથી પોતાની માતાનું શિરચ્છેદન કીધું હતું; અને પછી વર મેળવીને તેને પુનઃ સજીવા કરી હતી. બધા દાખલાઓ એક એવા ગુણનું સૂચવન કરે છે કે જે ગુણ જો સર્વ પ્રજા વર્તમાનમાં મૂકે તો સંસાર ઘણોજ સરળ અને શાન્ત થઇ જાય. અર્ધા અપરાધો ઓછા થાય અને અર્ધી અનીતિ થતી અટકે. હાલ કાળ જે ચોતરફ ક્લેશ અને ભ્રાન્તિ પ્રતીત થાય છે તેનું મુખ્ય કારણ દરેક મનુષ્યના અંતઃકરણમાં રહેલી અયુક્ત સ્વાતંત્ર્યની બુરી લાલસા છે. અલબત સ્વતંત્રતાનું સંપાદન કરવું એ મહત્વકાંક્ષીઓનો એક અનુપમ ગુણ છે ખરો પણ અનુપપન્ન ( અછાજતા ) સ્વાતંત્ર્યની ઇચ્છા કોઇપણ સ્ત્રી કે પુરૂષે કરવી ઉચિત નથી.

આપણામાં ઇર્ષ્યા અને દ્વેષનું બળ બહુ વધી ગયું છે. અજ્ઞાન સ્ત્રીઓ તથા પુરૂષો અનેક સત્પુત્રોના અંતઃકરણમાં તથા સ્વદારનિરત સજ્જનમાં વ્હેમકે શંકાના બીજો રોપે છે અને તે બીજોનાં ફળો જોઇને બહુ ખુશી થાય છે. પારકાનું સુખ દેખી ન શકનારા કામધંધા વગરના સ્ત્રીપુરૂષોને આ પ્રકારનું એક ચેટક લાગેલું હોય છે અને તેઓ પારકાના ઘર ભંગાવીને હરખાય છે! * તેમાંના

---

**માલકોશ.***

નવરા બેઠા નખોદ વાળે—ધ્રુવ.

નવરાઓની એજ નિશાની, દિવસ નકામા ગાળે;
શું ભૂંડું છે શું રૂડું છે, તે નહિ નજરે ભાળે— નવરા.
આઘી પાછી કરી અવરને, ખૂબ ચડાવે ચાળે;
પછી તમાસો છેટા ઉભી, જાતે સર્વ નિહાળે— નવરા.
રંક, રાય સુદ્ધાંની નિંદા, કરતાં નવ કંટાળે;
ધડ, માથા વિન ગપ્પ ગોળા, અમથા અધમ ઉછાળે— નવરા.
દીવાસળી મુકીને છાના, બીજાનાં ઘર બાળે;
થઇ અજાણ્યા હસી હોઠમાં, પીઠ જઇ પંપાળે— નવરા.
દુર્લભ આવા નવરાઓને, નવરા લોકો પાળે;
સર્પ તણા ભારાને બીજા, કોણ કહો સંભાળે?— નવરા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેટલાક પારકાનું ઘર સળગાવીને તેમાં રહેનારાઓને આગની ખબર આપી પોતે પણ આગ ઠારવાના ઉપાયમાં કૃત્રિમ પ્રયત્ન કરે છે! કેટલાકો પિતા પુત્ર વચ્ચે કે દંપતી યુદ્ધ ઉભું કરી તેનું પરિણામ જોવાને અત્યાતુર બની રહે છે અને પછી જ્યારે તે યુદ્ધ પ્રવર્તમાન હોય છે ત્યારે ગુપ્ત રીતે તેનું અવલોકન કરી કૃતકૃત્યતાને પામે છે! આવા લોકોને જોઇ ભર્તૃહરિને સંસારપર પૂર્ણ અભાવ આવ્યો હતો અને તે મહાત્માએ છેવટ આ વચન લખી રાખ્યું છે કેઃ—

**ये निघ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥**

જે પારકાનું લેવા દેવા વગર અકલ્યાણ કરે છે તેને શું નામ આપવું તે અમે જાણતા નથી.

તેને રાક્ષસ પણ કહેવાય નહિ! કારણ કે રાક્ષસ તો પોતાના સ્વાર્થને માટે પરહિત બગાડે છે પણ આ દુષ્ટો, નરાધમો તો કોડીના લાભ વગર પારકાને મહાદુઃખના ખાડામાં ઉતારે છે. કેટલાંક સ્ત્રીપુરૂષો પોતાનો પગ પેસારો પારકા ઘરમાં કરીને મહા અનર્થો ઉત્પન્ન કરે છે; તેઓ વખતે પુત્રની પિતા પ્રત્યેની ભકિતનો નાશ કરે છે; ભાઇ ભાઇમાં વૈર ઉત્પન્ન કરાવે છે; વા દંપતીના પ્રેમમાં ભંગ પાડે છે. આવા માણસો આખર સર્વથી તજાય છે કારણ કે તેઓ સર્પના ભારા સમાન હોઇને પારકામાં વગર કારણે અંટસ ઉત્પન્ન કરે છે. તેઓ તપતા રેતીના ઢગલા જેવા હોય છે. પારકા મનુષ્યનો આનંદ, સંતોષ કે સુખ જોઇને પોતે બળી રહેલા હોય છે અને પોતાના સંપર્કથી તેઓ બીજાને દહન કરે છે. ડાહ્યા માણસે આવા મનુષ્યોને દૂરથીજ નમસ્કાર કરવા અને તેઓનું ચલણ પોતાના ઘરમાં થવાજ ન દેવું. × કાચી બુદ્ધિવાળા પુત્રો કે પતિઓ એકદમ ચલિત થઇ જાય છે અને તેઓ માબાપને કે સ્ત્રીને દોષદૃષ્ટિથી જુએ છે. દુર્જનની બૂરી શિખવણીથી કેટલાકો માબાપને કાઢી મેલે છે અને નિર્દોષ પત્નીને પીડે છે પરંતુ તેમ કર્યાપહેલાં વિવેકબુદ્ધિને અને ન્યાયબુદ્ધિને વિચારણા અને નિશ્ચયનુ કામ સોંપીને

---

**મલ્હાર.** ×

ચલણ થયું જો પરનું ઘરમાં, સ્થિતિ ઘરની તો બગડી જાણો— ધ્રુવ.
મેળ વિષે બહુ ભેળ પડે છે, નથી રહેતી બાજી કરમાં;
પર તે પર છે, ઘર તે ઘર છે, જુદાઇ જેવી વાનર નરમાં— સ્થિતિ.
ઘરની વાતો ઘરમાં શોભે, જવા ન દેવી અવર જઠરમાં;
વાવે છે વિષ બીજ પરાયાં, સરલ સહોદરના અંતરમાં— ચલણ.
કલેશ દ્વેષ પળમાં ઉપજાવે, બાપ, બ્હેન, મા, સુત વહુ, વરમાં;
**દુર્લભ** મેં તો ખોટ નિહાળી, અનુચિત આવા પર આદરમાં—સ્થિતિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઇ પણ વ્યાજબી પગલું ભરવું જોઇએ. પકવ બુદ્ધિવાળા પુરૂષો કોઇના કહેવા પર દોરવાઇ જતા નથી પણ સાંસારિક જીવનની શરૂઆત કરનારા જુવાનિયાઓએ દુર્જનના દોરપર કદિ પણ ચાલવું નહિ. તે દુર્જનો તો નરકગામી થવાનાજ છે પરંતુ તે બીજાને પણ પાપમાં ઉત્તારે છે.

पित्रोः पुत्रस्य कारयेद्यो दंपत्योस्तथाऽरतिम् ।
भवेद्रोगेण पीडितः प्राप्नुयाद् विषमां दशाम् ॥

જે માબાપ અને પુત્ર વચ્ચે કે પતિ પત્ની વચ્ચે અપ્રેમ ઉત્પન્ન કરે છે તે રોગથી પીડાય છે અને બહુ દુઃખ ભરેલી સ્થિતિને પામે છે; માટે અજ્ઞાન સ્રીપુરૂષોએ આવા અઘટિત સ્વભાવનો ત્યાગ કરીને આત્માનુંજ કલ્યાણ કે પરકલ્યાણ કરવામાં મન વાળવું જોઇએ. સત્પુત્રોનું લક્ષણ શું છે?

उठि नित ब्रह्ममुहूर्तमें, करि शरीर संस्कार;
मात पितर पूजन करे, सजि षोडश उपचार.
प्रीते चरणोदक पियै, धोइ मातु पितु पाद;
जुक्तिसहित जिमाइके, पावन शिष्ट प्रसाद.
जुगल पानि पुनि जोरिके, स्तवन करत नित ताहिं;
ज्यों कउ राधाकृष्णको, सेवन करत सदाहि.

આ દુહા શ્રવણાખ્યાનમાંથી લીધા છે કે જે પુસ્તક દરેક યુવકે અવશ્ય વાચવું જોઇએ. ઉપર લખેલા દુહા પ્રમાણે જો પુત્ર આચરણ કરે તો તેને ઘેરજ નવનિધિ અને સર્વ ઋદ્ધિસિદ્ધિ આવી મળે છે. કવિશ્રી દલપતરામની એ કૃતિ સત્પુત્રોનું નીતિશાસ્ત્ર છે.

न ह्यतो धर्मचरणं किंचिदस्ति महत्तरम् ।
यथा पितरि शुश्रूषा, तस्य वा वचनक्रिया ॥
વાલ્મીકિ રામાયણ.

આ શ્લોકમાં પિતાની સેવા કરવી અને તેના વચનનું પાલન કરવું; તેના કરતાં વિશેષ મોટું ધર્માચરણ નથી. માતાપિતાની સેવાનું ફળ શું?

देव गांधर्वगोलोकान्ब्रह्मलोकांस्तथा नराः ।
प्राप्नुवन्ति महात्मानो मातापितृपरायणाः ॥

માતા અને પિતાની ભક્તિ કરવાવાળા મોટા મનવાળા પુરૂષો દેવ, ગાંધર્વ, ગો અને બ્રહ્મલોકને મેળવે છે. કારણ કેઃ—

पिता हि दैवतं तात देवतानामपि स्मृतम् ।

હે તાત, પિતા એ દેવતાઓનું પણ પરમદૈવત છે. અને—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**गुरुणां चैव सर्वेषां माता परमको गुरुः ।**

સર્વ પૂજ્યોમાં માતા પરમ પૂજ્ય સ્મૃતા છે. આવી રીતે માતાપિતાના જીવન સુધી તેઓને માન અને સંતોષ આપવો એ પુત્રનો ધર્મ છે અને માબાપના અવસાન પછી પણ તેઓના સ્મરણને મનસ્‌માંથી અળગું કરવું નહિ; પરન્તુ યાવજ્જીવ તેઓના યશસ્વી કાર્યો સ્મૃતિમાં રાખવાં; તેઓની રહી ગયલી ઇચ્છાઓ સંપૂર્ણ કરવી ( A dutiful son should carry out his parents' dying wishes ). અને તેઓના આદિષ્ટ તથા સંમત પથે વિચરવું; કારણકે પુત્રનો ધર્મ માબાપના મરણથી કંઇ પણ અંશમાં ઓછો થતો નથી પરંતુ ઉલટો વધે છે. તેઓના મરણ પછી પણ પુત્રને માથે ઘણી ફરજો રહી જાય છે. પુત્રનું પુત્રત્વ પ્રસિદ્ધ કરતાં એક સંસ્કૃત કવિ વદે છે કેઃ—

**जीवतो वाक्यकरणात् मृताहे भूरिभोजनात् ।**
**गयायां पिण्डदानेन त्रिभिः पुत्रस्य पुत्रता ॥**

માબાપ જીવતા હોય ત્યારે તેઓની આજ્ઞાનુસાર વર્તન કરવાથી, મરણ દિવસે બહુ બ્રાહ્મણાદિને ભોજન કરાવવાથી અને શ્રી ગયાજીમાં પિંડદાનથી એમ ત્રણ વડે પુત્રની પુત્રતા જળવાય છે. માબાપનો પશ્ચિમ વિધિ પણ પુત્ર વડે તિરસ્કરણીય નથી. આ ઉપરથી એમ નથી સમજવાનું કે માબાપ જીવતા હોય ત્યારે તેને અનેક પ્રકારે દુઃખ દેઇ શકાય અને તેઓના મરણ પાછળ બ્રાહ્મણોને જમાડવાથી, જ્ઞાતિ ભોજન કરાવવાથી અને શ્રાદ્ધાદિક આચરવાથી તેઓના આત્માને શાન્તિ આપી શકાશે. શ્રાદ્ધ એ માત્ર માબાપના સ્મરણને લંબાવવા અને તેઓના ઉપકાર તથા સુચરિતનું સ્ફુરણ કરાવવા માટેજ વિહિત છે. માબાપ જીવતા હોય ત્યારે તેનું મુખ પણ દીઠું ન ગમે અને તેઓના ગત થવા પછી લોકોને દેખાડવા માટે શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરવી એ કેવળ નિરર્થકજ છે. એથી ઉભયને લાભ શો? કોઇ માણસને ખૂબ માર મારી અધમુઓ કરી નાંખી છેલ્લે તેની સામે બે હાથ જોડી ક્ષમા માગવી એથી શો ફાયદો હાંસલ થઇ શકે તેમ છે? આવા બાહ્યાચારથી માર મારનારો પાપથી મુક્ત થતો નથી કે માર ખાનારાની પીડા ઓછી થતી નથી. તે તો માત્ર ઘા ઉપર મીઠું ભભરાવવા જેવું થાય છે. માબાપના જીવનને દુઃખોથી કલુષિત કરનારા કુપુત્રો તો એ પવિત્ર ક્રિયા કરવાની મહેનત ન ઉઠાવે કે ઉઠાવે તે બધું સરખુંજ છે; માબાપની જિજીવિષાને ક્લેશમયી કરવાનું પાપ **वज्रलेपं भविष्यति** એના જેવું થાય છે. **મહર્ષિ સ્વામી શ્રીદયાનન્દ** પોતાના સત્યાર્થપ્રકાશમાં, જીવતા માબાપની અવગણના કરનારા અને પાછળથી શ્રાદ્ધ જેવી પવિત્ર ક્રિયાની મશ્કરી કરવા જેવું સાહસ કરનારા પુત્રોમાટે આવા ભાવાર્થમાં કહે છે કે **लोगो अपना जीते हुवे मातापिताकी सेवा नहि करते; और मरे पीछे श्राद्ध क्रिया करके, उन्का श्रेय चाहते हैं! सच्च तो यही है कि वैसे धूर्त्त लोग मात्र मिष्टान्न उडानेके लिये यह काम करते हैं.** વાત ખરી છે. અંતરના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂજયતા વગરની બાહ્ય ક્રિયાઓ નિષ્ફળ છે, શ્રાદ્ધાદિક ક્રિયાઓને કેટલાક ઉપેક્ષિત કરવા લાગ્યા છે એ પ્રકાર નિંદ્ય છે, પ્રાચીન કાળના દીર્ઘદર્શી તત્ત્વજ્ઞાનીઓએ અતિ વિવેકબુદ્ધિ વાપરીને એ નિશ્ચય કરેલો છે કે માબાપ અને પુત્રનો સંબંધ અતિ વિશાળ, ગૂઢ અને અસ્ખલિત છે; અને તેથીજ માતાપિતાના મરણ પશ્ચાત્ તેઓનાં સ્મરણને વિશેષ વજન આપવાના હેતુથી શ્રાદ્ધાદિક પ્રશંસનીય પ્રકારોની પ્રણાલિકા પ્રચલિત છે. શ્રાદ્ધ એ શબ્દજ કહી બતાવે છે કે તેમાં શ્રદ્ધાનું સત્ત્વ મુખ્ય છે અને શ્રદ્ધા પ્રેમવગર ઉત્પન્ન થવી અશકય. આથી જન્મોજન્મના પ્રેમનું કંઈક ગૌણ અંશમાં દર્શન કરાવવા શ્રદ્ધાની શુભ સરણિ સાર્થક છે.

**प्रेतं पितॄंश्च निर्दिश्य भोज्यं यत्प्रियमात्मनः ।**
**श्रद्धया दीयते यत्र तच्छ्राद्धं परिकीर्तितम् ॥**

મૃત અને માતપિતાને નિર્દેશીને, આત્માને પ્રિય એવું જે યોગ્ય ભોજન યોગ્ય જનને દેવાય એ શ્રાદ્ધ ગણાય છે. વળી,

**यत्रैतच्छ्रद्धया दीयते तदेव कर्म श्राद्धशब्दाभिधेयम् ।**

જ્યાં શ્રદ્ધાથી જે દેવાય તેજ કર્મ **શ્રાદ્ધ** શબ્દ નામે છે. "**દિલભરદિલ**" જેને કહે છે એ વાતમાં પ્રેમની એક સળંગ દોરી જાણે બે સ્નેહીના રસપૂર્ણ હૃદયો વચ્ચે આશ્રિત હોય એવી કલ્પના કરી શકાય છે. સ્મૃતિ, પ્રેમ તથા શ્રદ્ધાની અતિ દીર્ઘ રજ્જુ માબાપ અને પુત્ર વચ્ચે અવલંબિત છે અને તેજ શ્રાદ્ધાદિક સંપ્રદાય વડે સર્વાંશે શોભિત છે. આ લઘુ ગ્રંથ જો કે એ વિષયના પ્રતિપાદનાર્થે રચાયલો નથી તદપિ માતાપિતા તથા પુત્રના સંબંધમાં એ વિષે લગાર ઇસારો કરવાનું સાહસ અસ્થાને નથી. સંસ્કૃત ભાષાથી સુવિજ્ઞાત થઇ આવા સંદિગ્ધ વિષયોના સમાધાન શંકિત મનુષ્યોએ કરી લેવાં અવશ્ય છે; કારણ કે અન્ય દેશોના વિદ્વાનો પણ એ વાતનું સત્ય જાણવા યોગ્ય બનવા લાગ્યા છે. અધુના એક બે વાકય ભટ્ટ મોક્ષમૂલરના અહિં અમે ઉતારીએ છીએ.

"Almost every religion recognises them (Sraddhas) as tokens of a loving memory offered to a father, to a mother or even to a child, and though in many countries, they may have proved a source of superstition there runs through them a deep well of living human faith that ought never to be allowed to perish."

Max-Muller's India, What ean it teach us?

"લગભગ સર્વ ધર્મો તેઓ (શ્રાદ્ધ) ને પિતા, માતા કે એક બાળકને અર્પિત પ્રેમમય સ્મૃતિનાં ચિન્હ તરીકે માને છે; અને જોકે ઘણા ખરા દેશોમાં તેઓ કદાચ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વહેમના મૂળ તરીકે જણાયા હોય તદપિ તેઓમાં જીવતી આનુષી શ્રદ્ધાનો એક ગંભીર પ્રવાહ વહે છે કે જેનો કદિ પણ વિનાશ થવા દેવો જોઇએ નહિ."

મોક્ષમૂલરનું ભારતવર્ષ, તે આપણને શું શિખવી શકે છે?

પોતાના ધર્મમાં આવા પ્રકારો નહિ હોવાને લીધે એ મહાશય પોતાનો ખેદ પ્રદર્શિત કરે છે કેઃ—

"I could go a step further and express my belief, that the absence of such services for the dead and of ancestral commemorations is a real loss in our own religion"

"હું એક પદ વધારે ભરીને મારી માનીનતા પ્રકટ કરી શકું કે મૃત મનુષ્યોને માટેની અને પૈતૃક સ્મરણોત્સવની આવી ક્રિયાઓનો અભાવ એ આપણા પોતાના ધર્મમાં એક ખરેખરો અલાભ છે. એ આપણા ધર્મની ક્ષતિ છે."

આવી રીતે અર્વાચીન સુધરેલી પ્રજાના પણ વિચારકોએ (Thinkers) શ્રાદ્ધની ઉપયુક્તતા સ્વીકારી છે. કંઈ ન કરવા કરતાં જરાપણ કરવું એ મહત્તર છે. એજ પરમ આદેશ, નિર્દેશ છે. એજ મનુષ્ય ધર્મ અને કર્તવ્ય છે. એજ સુખદ અવધિ છે. ..............................................................

ધારવા કરતાં આ વિષય વધુ લંબાયો છે. તે એટલાજ માટે કે કોઇ પણ પુત્રના અંતઃકરણમાં આ પુસ્તકના વાંચનથી જો જરા પણ અસર થાય તો તેને કર્તા એક અલભ્ય લાભ સમજે છે; અને આ શ્રમનું યત્કિંચિત્ સાર્થક્ય તે તેમાં માને છે. માબાપની વાણી વગર વિચારે પણ મુખમાંથી નીકળી જાય તો તે પુત્રે ઝીલી લેવી આવશ્યક છે; કારણ કે માબાપના પ્રત્યેક શબ્દમાં સુધા સ્રવે છે. પંચ તંત્ર પુસ્તકના પંચમ તંત્રમાં એક નાની કથા છે કે એક બ્રાહ્મણ જ્યારે પ્રયોજનવશાત્ બીજે ગામે જવા નીકળ્યો ત્યારે તેની માએ કહ્યું કે "દીકરા, કોઇ સાથે લઇને જાઓ" પુત્રે જવાબ આપ્યો કે "માતા! બીજો કોઇ સાથ મળે તેમ નથી તું બ્હી મા, હું એકલો જઇશ" પુત્રનો જવાનો નિશ્ચય સાંભળી માતાએ પાસેના કૂવામાંથી એક કર્કટ (કરચલો) આણી આપી કહ્યું "જો કોઇ સાથ નથી તો આ કર્કટ પણ સહાય રૂપ થશે" પુત્રે માતાનું મન રાખવા તે કર્કટને એક પાત્રમાં કર્પૂર સાથે રાખ્યો અને તેને લઇ ચાલી નીકળ્યો. બપોરે તાપથી વ્યાકુળ થઇને એક ઝાડ નીચે તેણે શયન કર્યું. તે ઝાડના કોટરમાંથી એક સર્પ બ્હાર આવ્યો. તેણે કર્પૂરનો સુગંધ આવવાથી કર્પૂરપુટિકા (કપુરની ગૌટી) નું જીવ્હાલૌલ્યથી ભક્ષણ કર્યું. અંતઃસ્થિત કર્કટે સર્પને ત્યાંજ માર્યો; કારણ કેઃ—

**वज्रलेपस्य मूर्खस्य नारीणां कर्कटस्य च ।**
**एको ग्रहस्तु मीनानां नीलीमद्यपयोस्तथा ॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વજ્રલેપ, મૂર્ખ, નારી, કરચલો, માછલી, ગળી અને દારૂ પીનારની સાથે એકજ વખતનો સંસ્પર્શ બસ છે. (તેઓના પંજામાં એક વખત આવ્યા કે છૂટી શકાતું નથી).

પુત્રે જાગીને જોયું તો જણાયું કે માતાએ અર્પેલ તે કર્કટની હાજરીથી પોતાના પ્રાણ બચ્યા હતા.

આ પરથી સાર એ લેવાનો છે કે માબાપનું વચન ઉત્થાપવું નહિ તેઓ જે કંઇ બોલે તે કંઇ પણ તત્ત્વવાળું અને હિતકર હોય છે. જો તે બ્રાહ્મણે માના વચનનો ધિક્કાર કરી કર્કટ વગર પ્રયાણ કર્યું હોત તો અવશ્ય તેનું મોત થાત. વળી તેની માતા કંઇ સર્વાન્તર્યામી થઇ નહોતી આવી કે તે ભવિષ્યત બનાવોને જાણે. પણઃ—

**ડાહી માના ઈસારાથી દેખાડેલો રસ્તો હજારો કુશળ ભોમિયાના બતાવેલા રસ્તાથી વધારે સીધો અને કાંટા તથા કાંકરા વગરનો છે,**

**ડાહીમાના મુખમાંથી પડતો બોલ હજારો ગુણવંત ગુરૂઓના ઉપદેશથી વધારે ઉપદેશનું અમૃત પાનારો અને દીર્ઘકાળના જીવનને નિભાવનારો છે.**

**ડાહી માની દેખરેખ હજારો રક્ષકોની દેખરેખથી વધારે આશીર્વાદ આપનારી અને નિર્ભય છે.**

* શિક્ષક પાનું ૧૪૦-૧૪૧.

માતાપિતાના વચનો સામે પ્રત્યુત્તર દેવું નહિ કે દલીલ પણ આપવી નહિ એ આર્ય ધર્મ છે. ભલે માબાપનું વચન મૂર્ખતા ભરેલું હોય તદપિ જનમંડળ જાણે તેમ તેઓને હલકાં પાડવા નહિ કે તરછોડી નાખવા નહિ કિન્તુ ખાનગીમાં તેઓને નમ્રતાપૂર્વક કહેવા લાયક વચનો કહેવાં. માબાપ શિખામણ આપે ત્યારે "એઓ શું જાણે! એઓને તો બકવાની ટેવ પડી છે" એવો ભાવ પણ મનમાં ન લાવવો; કારણ કે આપણાથી વયે, જ્ઞાને, અનુભવે અને વિચારે મોટા એવા ગુરૂ, માતા, પિતાદિના વચનો કે ઉપદેશો ઘણીવાર એવાં હોય છે કે જેનું તાત્પર્ય કે કારણ આપણે પ્રથમ જાણી શકતા નથી; કારણ કે આપણું વય નાનું, જ્ઞાન ઓછું, અનુભવ થોડો, અને વિચારશક્તિ ક્ષુદ્ર હોય છે; પણ અત્ર પરિણામદર્શી થઇને આજ્ઞાનુસાર વર્તન કરવું અને જ્યારે ફળ મળે ત્યારે જાણી લેવું કે તેઓની વાણીમાં કેવડું મોટું ગૂઢ માહાત્મ્ય સમાવિષ્ટ હતું! તેઓના હુકમને જરાપણ વિલંબ કે વિચાર વિના નિરંતર શ્રેયસ્કર જાણી, અધીન થવું.

**मातपिता गुरु प्रभुकी बानी, बिनहि बिचार करिय शुभ जानी।**

**તુલસીદાસકૃત રામાયણ.**

---

* શિક્ષક અથવા સંસાર સાગરનો રસ્તો દેખાડનારો દીવો. મૂલ્ય રૂ. બે. કર્તા વૈદ્યકવિ દુર્લભ શ્યા. ધ્રુવ. ઋષિવિદ્યા આશ્રમ ગિરગામ મુંબઇ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તુલસીદાસજી ઉપદેશે છે તેનો પણ ભાવાર્થ ઉક્ત કથનને મળતોજ છે. ઘણીવાર આપણામાં કહેવત ચાલે છે તેમ "સાઠે બુદ્ધિ નાઠી।" એ પ્રમાણે વયોવૃદ્ધ માબાપો પુત્રોને વિઘ્નરૂપ અને અસરલ થઇ પડે છે તેમાં પુત્રના પ્રારબ્ધની વાર્તા છે પરન્તુ પુત્રે તેથી પોતાની ફરજ ( Duty ) નો ત્યાગ કરવો જોઇતો નથી. ભલે માબાપ માબાપનું કર્મ ત્યાગ કરે પણ પુત્રોએ પુત્રત્વ બરાબર બજાવવું જોઇએ; કારણકે જે જેના ધર્મમાંથી ચ્યુત થાય છે તેને તે ભોગવવું પડે છે. દરેક પ્રાણીએ પોતાની કર્તવ્યતા સંપૂર્ણ રીતે બજાવી હોય તો તેને પછી શોક કે ભયનો હેતુ નથી. હરિશ્ચંદ્રે અતુલિત દુઃખ સહન કર્યાં પણ પોતાનું પ્રતિજ્ઞા-પાલન કયારે ત્યાગ્યું હતું! માટે માબાપ કષ્ટકર કે વિઘ્નકર હોય એ સુપુત્રોની એક પ્રકારની ઉચ્ચતમ કસોટી છે અને એ કસોટીમાં પાર પડનાર પુત્ર અમર કીર્તિ મેળવે છે. જો વિશ્વામિત્ર વડે હરિશ્ચંદ્રની કસોટી ન થઇ હોત તો હરિશ્ચન્દ્ર ગમે તેટલો સત્યવાદી હોવા છતાં, દુનિયા તેને તેના મરણ પછી તેવો જાણત, પણ ખરી કે? માટે કસોટી પર ચડવું એ પણ મનુષ્યનું મહા ભાગ્યદ્વાર ખુલ્લુ થયું સમજવું. ધર્મનું અનુષ્ઠાન કરતાં ભલે દીન થઇ જવાય, ભલે શત્રુઓ નિંદા કરે, ભલે આયુષ્ય કે દેહને હાનિ પહોંચે પરન્તુ તે એક મોટામાં મોટું પરાક્રમ ગણાશે; તેમજ સુપુત્રો માબાપની સેવા કરતાં ભલે શિથિલેંન્દ્રિય બને, કષ્ટ અનુભવે, ભયભીત થાય, આપદ્‌માં આવે તથાપિ તેઓ મહા કલ્યાણને અંતમાં પ્રાપ્ત કરવાના છે;. તેઓને ભગવાન શ્રીકૃષ્ણ આશ્વાસન આપે છે કેઃ—

**पार्थ, नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।**
**नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥**

હે અર્જુન, આ લોકમાં કે પરલોકમાં ધર્મ આચરવાવાળો પુરૂષ નાશ પામતો નથી; કારણ કે હે તાત, કલ્યાણના કરવાવાળાની દુર્ગતિ કેમ સંભવે? અર્થાત્ તે સદ્‌ગતિનેજ પામે છે.

માબાપનો ધિક્કાર કરવાથી કે તેને ત્યાગવાથી કુપુત્રો ભલે થોડો વખત પૂર્વ સંચિતના પ્રભાવ વડે સુખ અનુભવે; કિન્તુ અંતમાં તેઓ અનિવાર્ય સંકટ અને પરાભવને પામે છે અને તેઓનો નાશ થાય છે. પરમકૃપાળુ પરમેશ્વર તેઓને સદ્ધર્મમાં પ્રેરે અને તેઓ માબાપની સેવા કરી આ નશ્વર દેહ વડે અગાળ કીર્તિ સંપાદિત કરે એ ઇચ્છા, અપેક્ષા અને આકાંક્ષા છે.

**यदि नित्यमनित्येन निर्मलं मलवाहिना ।**
**यशः कायेन लभ्येत तन्न लब्धं भवेन्नु किम् ॥**

વિનાશી અને મળથી ભરેલા આ દેહવડે જો અવિનાશી અને નિર્મળ કીર્તિ પ્રાપ્ત થાય તોપછી અન્ય પ્રાપ્ત કરવાનું શું રહ્યું? તથાસ્તુ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પરિશિષ્ટ પ્રકરણ.

## ( માબાપોએ અવશ્ય વાચવા યોગ્ય ).

માતાપિતાનું ગૌરવ કેટલું ઉત્તાન છે એ વાચકથી સહેલ વિદિત થઇ ગયું હશે. કેટલાક પાઠકો આ પુસ્તકના અહીં લગીના ભાગનું વાચન કરીને એવા અનુમાનપર ન આવે કે "લેખક કેવલ એકજ બાજુએ દોરવાઇ ગયો છે અને તેણે અનુભવ દૃષ્ટિનો ઉપયોગ કર્યો નથી;" તેને માટે અત્ર અલ્પ ઉલ્લેખ અવસરાપેક્ષિત છે.

### એક કડવી ફરજ.

માતા પિતા પુત્રવડે પૂજનીય છે એ વાત અક્ષરશઃ સત્ય છે; પરંતુ એક માનવજાતિ તરીકે માતાપિતામાં કેટલાક દોષો હોય તો તે અસ્વાભાવિક નથી. આપણા આર્યસંસારમાં કેટલાક ગ્રામ્ય વિચારવાળા માતાપિતાઓની વર્તણુકથી પુત્રાદિકને બહુ સોસવું પડે છે એ થોડાકોથીજ અજાણ્યું હશે. અતિ ભક્તિવાળા અને સરલ હૃદયના પુત્રોનું પણ 'પણ' મુકાવનારા માતાપિતાઓ પોતાનાં અજ્ઞાનને વશ થઇ સજ્જન પુત્રને પણ કલેશ કરાવનારા થઇ પડે છે, એવું આર્યસંસારને બારીકીથી નિહાળનારા લોકો સારી જાણે છે. આ લેખ એકપક્ષી ન ગણાય અને સ્વચ્છંદે વર્તનારા માબાપોને પણ જરા જેટલો બોધક થઇ પડે તે માટે કુટિલ માતપિતાઓની કેટલીક નિંદનીય પ્રવૃત્તિ ઉઘાડી પાડવાની કડવી ફરજ અમે માથે લીધેલી છે. આ સંબંધી ગૌણ અંશમાં કેટલોક ઇસારો પૂર્વભાગમાં થઇ ગયેલો છે કિન્તુ આજકાલ અજ્ઞાનને લીધે સદય અને પરહિત તત્પર પુરૂષો અને સ્ત્રીઓ પણ ક્રૂરતાનાં કામો કરવાને અચકાતા નથી એ ધ્યાનમાં લઇ પુનઃ એ વિષે વિશેષ વિવેચન વાસ્તવિક ધાર્યું છે. સાસુ કે સસરાના અત્યંત ત્રાસ કે જુલમથી અનેક પુત્ર વધૂઓની માઠી સ્થિતિ આપણા સાંપ્રત સંસારમાં થાય છે એ કેટલું કલેશકર છે? 'માતાપિતાની ગમે તેવી દુષ્ટ ચાલ સહન કરવી' એવી શુદ્ધ વૃત્તિવાળા કેટલાક સુપુત્રોની ભક્તિનો ગેર વ્યાજબી લાભ લેનારા અજ્ઞાન માબાપો પણ પૂરા ઠપકાને પાત્ર છે અને "મારા માબાપો ન્યાયી છે; તેઓ ગેરવ્યાજબી પગલું બનતા સુધી ભરે નહિ" એવા દૃઢ વિશ્વાસવાળા પુત્રોની સ્ત્રીઓ સાસુ સસરાવડે બહુધા પીડાય છે અને તેમાંની કેટલીક નરક યાતના ઇહલોકમાં ભોગવીને પરલોક પ્રવાસ કરતી થઇ છે એવા પણ બનાવો આજકાલ નવા નથી. સાસુસસરાના જુલમને ભોગ પડેલી અનેક અબળાઓ, અસહ્ય સંકટોને સહન કરનારી અનેક સુશીલાઓ, પતિને માઠું લાગશે તેવા ભયથી દુઃખના ચક્ર નીચે કચડાવાનું પસંદ કરનારી સાધ્વી આર્યાઓ, માવડીયા અને મૂર્ખા ધણીને પનારે પડેલી નમ્ર કુલવધુઓ, ઉચ્છૃંખલ, વ્યસની અને પોતાનું કંઇપણ ન સાંભળનાર,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બેશરમ, કાળા કાગડાઓને કોટે બંધાયલી સલજ્જ શુભ્ર હંસીઓ અને અંતે કોઇ સહાયક ન જોઇ તથા અખિલ જગતને દુઃખમય અને ક્રૂર અનુભવી યમ-રાજને શરણુ જનારી સદ્‌ગુણી સુંદરિયોના છુપા અંતઃકરણના શાપોથી, એકાંતમાં પત્થરને પીગળાવે તેવા રૂદનથી, ઉષ્ણુ નિશ્વાસો અને આંતરડીની કકુવાથી આ ભારતવર્ષ આજે કલુષિત થયો છે. આહાહા! જે માબાપો પોતાના પુત્રને પરણાવી પોતાની પુત્રવધૂઓ પ્રત્યે માયાભરી વર્તણુક ચલાવવાને બંધાય છે તેજ માબાપો ગમે તેવા દુષ્ટ પ્રકારો યોજવામાં અચકાય નહિ એ કેવી નીચતા દર્શાવે છે? માતા પિતાનું મહત્વ બતાવનારા આ ગ્રંથમાં તેઓની વિરૂદ્ધ કંઇ પણ લખવું એ જો કે કેટલાક પદ્ધતિ પ્રવર્તક જનોને નવાઇ સરખું લાગશે પણ ન્યાય-બુદ્ધિની આજ્ઞા પાળનારા લોકની દૃષ્ટિમાં આ ગ્રંથ અપૂર્ણ ન ભાસે તેટલા સારૂ અમારે અત્ર કેટલાક કઠિણ શબ્દોનો પ્રયોગ કરવો પડયો છે.

## સારા માબાપોએ કેટલી અને કેવી ભૂલો કરતાં અટકવું જોઇએ?

"અમારા છોકરા મર્યાદશીલ નથી. બેશરમ છે. ઉદ્ધત છે"—ઇત્યાદિ શબ્દો આપણે ઘણા માબાપોને મોઢેથી શ્રવણ કરીએ છીએ. ઘણી વખતે પુત્ર દોષપાત્ર હોય છે તો ઘણી વાર માબાપો પણ ભૂલ કરે છે. કેટલાક ગૃહસ્થોના ઘરમાં સાસુ કે વહુ પુત્ર કે પિતા વચ્ચે સતત અભાવ અને અપ્રીતિ કાયમ રહે છે, કેટલાક સુપુત્રોનો એવો સિદ્ધાન્ત હોય છે કે 'માબાપોની સામું થવુંજ નહિ અને તેઓનું દિલ દુઃખાવવું નહિ" પણ માતાપિતાની અનેકશઃ આડી અને અન્યાયયુત્ ચાલથી તેવા સહનશીલ પુત્રોને પણ માબાપને કહેવાની કોઇ કોઇવાર ફરજ પડે છે. આવી ભૂલ ન થાય તે માટે દરેક શાણા અને સમજુ માબાપે સાવચેતી રાખવાની છે. ઘણી અજ્ઞાન શ્વશ્રૂઓ પોતાની પુત્રવધૂઓને જમાડવામાં વા તેને ઘટતી છૂટ આપવામાં બહુ સંકોચ ભાવ બતાવે છે અને તે મૂર્ખાયો તો વિચાર કર્યા વગર પોતાના ઘરના શણગારરૂપ એવી વહુઓના ભાઇ ભાંડુને નિર્જીવ બાબતમાં ભાંડે છે. આ કેવો ધિક્કારવા યોગ્ય આચાર છે? શું પોતાની પુત્રવધૂને નફ્ટ, નભાઇ, ઉલ્લેર, ગોધો એવા અઘટિત શબ્દો વડે સંબોધવાનું કાર્ય સાસુઓને સોપાયેલું છે? નહિ સાસુ એ પોતાની પુત્રવધૂનો એક મહાન્ અધ્યાપક છે. સાસુઓએ પુત્રવધૂઓમાં ઉચ્ચ વાસનાઓ તથા હિતમિત શિક્ષાઓ રેડીને તેઓને આ સંસારની આડકતરી જંજાળોમાંથી નિર્ભય પાર ઉતારવાનું જ્ઞાન આપવું જોઇએ. એક શાણી સાસુ એક સુશીલ વહુની પરમ માતા છે. જ્યારે બીજી ટુંકા મનવાળી અણસમજુ સાસુ ગમે તેવી વહુનો પણ સંસાર અધોગતિએ લઇ જાય છે. સ્ત્રીપુરૂષ દંપતીને લાયકનો આનંદ મેળવતા હોય કે તેઓ વાર્તાવિનોદમાં નિમગ્ન હોય ત્યારે જે માતા કે પિતા હૃદયમાં ઇર્ષ્યાને અવકાશ આપે છે તે કેવલ તેઓના વિચારની તુચ્છતા પ્રકટ કરે છે અને તેઓના સાંકડા દિલની સાક્ષી આપે છે. આશ્ચર્ય છે કે જે માબાપો પોતાના પુત્રના લગ્ન પ્રસંગે આ જોડું સુખી અને સંતોષી રહે એવી ભાવનાનું પોષણ કરે છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેજ માબાપો થોડા સમયને અંતરે તે જોડાનો દાંપત્ય પ્રેમ જોઇને દ્વેષદાહથી બળી જાય છે! આનું કારણ બીજું કંઇજ નહિ પણ અજ્ઞાન અને લઘુચિત્તતા છે. વ્યાવહારિક પ્રસંગાનુસાર સ્ત્રીપુરૂષોને અન્યોન્ય સંવાદ કરતા જોઇ જો માબાપો તેઓપર મર્યાદા ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકે તો તે હૃદયદૌર્બલ્ય અને અન્યાયનો એક પ્રકાર નહિ તો શું? પુત્રવધૂઓનું ગજું વિચાર્યા વગર તેમને શક્તિ ઉપરાંત કામ સોંપનાર માબાપો પક્ષપાતી નહિ તો શું?

કેટલાક ઘરોમાં તો વળી જંગલી રીત રિવાજો પ્રવર્તમાન હોય છે "તું આટલું કામ કરશે તો તને ખાવાનું મળશે" એવા સાસુના પોતાનીજ વહુ પ્રત્યેના શબ્દો આર્યસંસારની કેટલે દરજ્જે કથળી ગયેલી સ્થિતિનું ભાન કરાવે છે? 'હદ વગરનું કામ અને પેટ પૂરતા અન્નનો અભાવ' એ બે કારણો એકઠા થઇ ગરીબ વહુનો તો વગર મોતે પ્રાણાંત લાવે છે. જો કદાચ પુત્ર પોતાની સ્ત્રીના વ્યાજબી શબ્દોને માન આપીને ચાલે છે તો પણ માબાપો તરફથી પ્રસંગોપાત તીવ્ર આક્ષેપો તો તેનાપર ચાલુજ હોય છે. 'બાયડીને આધીન! ભડવો!' એવા ઉપનામોની વૃષ્ટિ પણ બહુજ ઉદારતાથી કરવામાં આવે છે!!! આવા વિસ્મયકારક વ્યતિકરો એક ન્યાયી અને સદાચરણી પુત્રના મનોધર્મોમાં પણ આવેગ અને ઉદાસીનતા ભરે છે અને તેના ચિત્તમાં પોતાના માબાપનું ગૌરવ ન્યૂનતાને પામે એ પણ સહજ છે. જો માબાપોનીજ હઠીલાઇ કે ગેરવ્યાજબી ચાલથી પુત્ર કે પુત્રવધૂઓ રીબાતા હોય અને તેમાંથી કલહ જન્મ લે તો ભાર મૂકીને કહેવું. જોઇએ કે એવા સંજોગોમાં પુત્ર કરતાં માબાપો વિશેષ દોષ અને ઠપકા પાત્ર છે.

---

## સાસુ સસરાઓની સામાન્ય અયોગ્યતા.

આ મુદ્દો બહુ ઉંડો છે. તેવું કિંચિત્ વર્ણન અત્ર ઉપપન્ન છે.

જેમ પુત્રે પોતાના માબાપ પ્રત્યે કેમ વર્તવું તે જાણવું જોઇએ તેમ માબાપોએ પણ પોતાના પુત્ર તથા તેની પત્ની સાથે કેવો વર્તનક્રમ ચલાવવો તેથી વાકેફ થવાની જરૂર ભૂલવી નહિ જોઇએ. જો કોઇ પણ પોતાની ફરજમાં સ્ખલિત કરે છે તો તેનું પરિણામ વખત વીતતાં સમગ્ર કુટુંબના નાશમાં આવે છે. આવી હાનિ ન ઉદ્ભવે તે અગાઉ પુત્રે, પિતાએ, માતાએ કે વધૂએ નીતિપથે વિચરવાનો યત્ન કરવો યુક્ત છે.

હવે સામાન્ય રીતે મા અને બાપની અનુક્રમે સાસુ અને સસરા તરીકે જે કેટલીક અયોગ્યતા છે તે આ.

( ૧ ) ગૃહની નિર્જીવ બાબતોને મોટું રૂપ આપવું.

( ૨ ) નણંદો કે દિયરને સ્વચ્છંદે વર્તવા દેવા.

( ૩ ) હેરણાં હેરવાં.

( ૪ ) ઉશ્કેરણી થવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧) કોઇ પણ બાબતોને મોટું રૂપ આપવું એ તો એક માનવ જાતની ચાલતી આવેલી ખામી છે. કોઇવાર દ્વેષને લીધે, કોઇવાર થોડા સમયને માટે દેખાતા લાભને લીધે તો કોઇવાર કેવળ લૂખી વૃત્તિને સંતોષ આપવા માટે પ્રાકૃત પુરૂષો નાની વાતને મોટી વા મોટીને નાની બનાવી એક પ્રકારનો અજ્ઞાનોદ્ભવ આનંદ મેળવે છે. આવી લાલસા નિરૂદ્યોગ જનોમાં ખાસ કરીને વ્યાપ્ત જણાય છે. પારકાઓનાં છિદ્ર શોધી કાઢી તે છિદ્રો બીજા પાસે વ્યક્ત કરવાનો રિવાજ આ દેશમાં નવો નથી. સાસુઓ કે જેઓ પોતાની પુત્રવધૂઓના પરિચયમાં દિવસનો લગભગ આખો ભાગ રહે છે તેઓ ઘણીવાર પોતાની વહુઓને નિર્જીવ જેવી બાબતોમાં ટોંકવા તથા વહુનાં લાગણી ઉશ્કેરવામાં પોતાની વડાઇ માને છે. જે વાતો કંઇ પણ નુકસાન વગર જતી મૂકવા જેવી હોય છે તેને એક વિવાદવસ્તુનું રૂપ આપી કલિના વિષમય બીજનું આરોપણ કરાય છે કે જેના કડવાં ફળ ઘરનાં બધાંને ન્યૂનાધિક ચાખવાં પડે છે.

(૨) કેટલાક ઘરોમાં દિયર કે નણંદનું જોર બહુ વર્તે છે. પોતાની મા જીવતી હોય છે અને તેથી તેઓ ભાભી પર સરદારી ચલાવવાની દરેક પેરવી કરે છે. તેમાંની કેટલીક બાળલગ્નના સપાટામાં આવેલી વિધવા નણંદો તો હદ બહાર સુધી પોતાની હકુમત એક નવા ઘરમાંથી છેક નવીસવી આવેલી બાળાપર બેસાડવાનો પેશો લઇ બેઠેલી હોય છે.* બહુ મોઢે ચઢાવેલા દિયરો પણ પોતાનો પોકળ રૂઆબ તેનાપર બેસાડવાની તજવીજ કરે છે અને બાપના વા માના કાન ભરી પોતાની ભ્રાતૃજાયાપર અસત્ય દોષારોપણ કરે છે. આવા દબાણ નીચે આવેલી સ્ત્રીઓના પતિયો જો સહસા કંઇ પગલું ભરે તો તેમાં વસ્તુતઃ કારણભૂત કોણ છે તે સહજ સમજાય તેવું છે.

$ (૩) માબાપોની ત્રીજી અયોગ્યતા હેરણાં હેરવાની છે. આવા માબાપો કાંતો ઘણાજ જૂના વિચારના હોય છે; વા સંશયી બનીને તેઓ પોતાના પુત્ર અને પુત્રવધૂનો એકાંત આનંદ ગુપ્ત રહીને જુએ છે. આ રીતિથી માબાપોની અધમતાનો અવધિ આવી રહે છે. આર્યસંસારને કલંકિત કરનારી આ કેવી મલિન પ્રણાલિકા?

(૪) અનેકના સંસાર આજકાલ ધૂળધાણી થાય છે. કેટલાક ભ્રષ્ટ ગૃહસ્થાશ્રમીઓ અકથનીય દુઃખના કાદવથી કલિલ થયા છે. વિષમ વયવાળા દંપતીઓમાં પ્રીતિના અભાવે અનાચાર પ્રવર્તે છે. કેટલાક લોકો સ્ત્રીઓના નામની પોક મૂકે છે. કેટલાક અબળાઓ પુરૂષને ધિક્કારે છે. લોકોના વિકારો ઉપશમ પામવાને બદલે ઉશ્કેરણીને અધીન થયા છે. સામાન્ય જનરૂચિ અનેક દોષમયી છે.

---

* રા. રા. રણછોડભાઇકૃત 'લલિતા દુઃખદર્શક'માં કજીયાબાઇનો પ્રવેશ, ઉક્ત વાત ન મનાય વા સમજાય તો, વાચી જોવો.

$ પતિ પત્નીની ખાનગી વાતો સાંભળવી કે છૂપાઇને તેઓનાં ચેષ્ટિત જોવાં એને 'હેરણાં હેરવાં' એમ કહે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કારણો ઘણાં છે. પ્રૌઢ વિવાહપ્રત્યે અણગમો હોવાથી દુસ્તર આપન્નદમાં ઉત્તરી પડાય છે તેનું ભાન રહેતું નથી. અપ્રસ્તુતમાં ન ખેંચાતાં એટલું જણાવવું ઉપયુક્ત થશે કે સામાન્ય અજ્ઞાન એ સાંપ્રત ભ્રાંતિનું મૂળ છે. સ્ત્રી-સમાજની અવિદ્યા આર્યસંસારના ગમે તેવા મજબૂત પાયાને ખસેડી પાડવામાં સમર્થ થઇ છે અને થાય છે. કેટલીક માતાઓની શીખવણીથી ભોળી પુત્રીઓના સંસાર સુખો લુપ્ત થયાં છે. કેટલીક સાસુઓએ પુત્રના ગૃહસ્થાશ્રમમાં કેર ફેલાવ્યો હોય છે. કેટલાક પિતાઓએ પુત્રની સહનશીલતાનો અઘટિત લાભ લઇ, પોતાના ઉત્પન્ન કરેલા બીજપર કુહાડાના ઘા કર્યા છે. કેટલીક નંનાદએ ગૃહમાં દ્વેષ અને ઇર્ષ્યાના પ્રવાહો વહેવડાવ્યા છે. આ રીતિયે આપણા આધુનિક સંસારમાં કેટલોક સડો છે કે જેનો દૂરીકાર સત્વર વિધેય છે.

---

## આજ્ઞાપાલક સંતતિ કેમ થતી નથી ?

આ એક નિમ્નપ્રશ્ન છે. ઇચ્છા પ્રમાણે સંતતિ ન ઉત્પન્ન થાય તો તેમાં ઘણો ખરો દોષ જનક અને જનની ઉપર મૂકી શકાય તેમ છે. વિષમ સ્વભાવના દંપતીઓ સારા સ્વભાવની સંતતિ ઉદ્દભૂત કરવાને લાયકના નથી. જો સમાગમ સમયે ઉચ્ચ તથા સદ્દગુણી પુરૂષોનાં સુચરિતો પતિ સ્મરતો નથી અને પત્ની પોતાના ચિત્તમાં કુળવતી નારીઓનાં પ્રભાવશીલ પ્રકટીકરણો ખડાં કરતી નથી તો તે દંપતીના એકાદની પણ ઉદાસીનતા ( indi fference ) સુયોગ્ય સંતાનની પ્રાપ્તિમાં અનેકશઃ વિઘ્નકર થઇ પડે છે. આટલા માટે ઓજસ્વી અને ગુણવાન્ પુત્ર વા સુલક્ષણા અને સાધુ પુત્રીની વાંચ્છના કરનાર દંપતીએ સંગોગ સમયે બહુ અવધાનપૂર્વક વર્તન કરવું અને તેવા આવેશના અવ-સરમાં ઉચ્છૃંખલ મનોવૃત્તિને નિયમમાં રાખી, કામધર્મને યોગ્ય બાલક કે બાલિકાને જન્મ આપવામાં, પરિણામરૂપ કરવો.

દંપતીએ પરસ્પર બહુજ પ્રેમપુરઃસર વર્તવું જોઇએ; કારણ કે પુરૂષ વા સ્ત્રી જો અનુક્રમે પરકીયા કે પરકીય પ્રત્યે અનુચિત અનુરાગ ધરાવનાર હોય તો તે દંપતીની અયોગ્યતા, સંતાનોની વર્ણસંકરતામાં પ્રકટિત થાય છે. આ વિષયે આજાનુબાહુ અર્જુને શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રતિ વક્તવ્ય કર્યું છે કેઃ—

**अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।**
**स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ।**

હે કૃષ્ણ, અધર્મના અભિભવથી સારા ઘરની વહુ દીકરીઓ બગડી જાય છે. હે ભગવન્, સ્ત્રીઓ દૂષિત થવાથી વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે.

**ગી० અ० ૧ શ્લોક ૪૧.**

ભલે એકલી સ્ત્રી દૂષિત હોય અને પુરૂષ પત્નીવ્રતવાળો હોય, તોપણ પ્રજા સંતોષપ્રદા થતી નથી; એવા અનેક દાખલા નજરે પડયા છે. વળી પુરૂષનું વર્તન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દોષવાળું હોય અને સ્ત્રી શુદ્ધ હોય તો પણ કેટલેક દરજ્જે સંતાનો ખરાબ નીકળે છે; અને માબાપની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા તથા તેમને દુઃખ દેનારા બને છે. કોઇ વખત જ્યારે બાલ્યાવસ્થામાં પ્રજા પોતાના ઘરમાં કલહ કે મારફાડના બનાવો જુએ છે; માબાપને અસત્ય ભાષણ કરતા, પ્રજ્ઞાપરાધ આચરતા, ચોરી કરતા કે અનીતિમય વર્તન કરતા નિરખે છે ત્યારે તેની અસર તે પ્રજાપર બહુ તીવ્ર અને શીઘ્ર થાય છે. આ સંતાનોની ભક્તિ ઓછી કરે છે એટલુંજ નહિ પણ તેથી સંતાનોના હૃદયમાં નીતિની ઊંચી છાપ પડતી નથી. આ આપણી સામે શો ભેદ ખુલ્લો કરે છે? એ આપણને સુનિયત બતાવી દે છે કે પુત્રો ખરાબ થાય કે સારા થાય તેનો કેટલોક આધાર માબાપોની વર્તણુકપર પણ રહે છે ખરો. જેમ એક બિલોરી કાચના પ્યાલામાં જે જે રંગો ભરીએ તે તે રંગો આપણને વ્યક્ત થાય છે તેમ બાળકના અંતઃકરણમાં પડેલી જૂદી જૂદી છાપો અને થયેલી સમય સમયની અસરો મોટપણે દૃશ્યતાનું રૂપ ધારે છે. આ પરથી સમીક્ષણ થઇ શકશે કે માબાપોએ પણ, જીતેંદ્રિય રહેવું, વ્યસનોની લતમાં ન પડવું, ક્રોધ ત્યાગવો, મનઃશાંતિ જાળવવી, સમતોલપણું ( Equilibrium ) ન ખોવું, સંસર્ગજન્ય રોગોમાં ન ફસાવું અને પ્રમાદી થવાની ટેવ ન પાડવી; કારણ કે માબાપના કેટલાક અવગુણો અને રોગો સંતતિમાં પણ અવતરણ કરે છે અને એથી નિર્દોષ પ્રજાને સદોષ માબાપોના અકર્તવ્યથી ઉપજતા દુઃખકર પરિણામને અનેકવાર ન્યૂનાધિક અંશમાં અધીન થવું પડે છે.

## ભારતવર્ષની પરતંત્રતા. તેનાં કેટલાંક ઉંડાં કારણોપર દૃષ્ટિપાત.

મથાળું વાચીને કોઇને લાગશે કે હિંદની પરતંત્રતા અને પુત્રધર્મ વચ્ચે શો સંબંધ? પણ અત્ર કથનીય છે કે આ દેશની અવનતિ સાથે પુત્ર ધર્મને જેટલું લાગતું વળગતું છે તેટલું બીજા કોઇ વસ્તુને નથી. વખત બહુ બારીક આવતો જાય છે અને જશે. મનુષ્ય એવી સ્થિતિએ પણ પહોંચવાનો છે કે જે સ્થિતિમાં "સવાશેર કાંસાવાળો શેઠ કહેવાશે!" અને ભૂમણ્ડલપર વ્હેંતીયા માણસો પેદા થશે. આ શું દર્શાવે છે અને કયા કારણને આભારી છે? એક તત્ત્વ-દર્શકે કલ્પના કરી છે કે માનવ મંડળ પુણ્યભૂમિકાથી દિવસોદિવસ સરતું જાય છે અને અનાચારની ભૂમિકામાં પ્રવેશ કરવાનું શીખે છે. જો એ વિચારકની આ કલ્પના ખરી હોય તો આપણને જરા પણ આશ્ચર્ય પામવાનું કારણ નથી કે માનવ વ્યક્તિ અન્તમાં અપરિહાર્ય દુઃખનો અનુભવ કરવાની.

આપણે જેમ નાની નાની ફરજોને ભૂલતા જઇએ છીએ; તેમ તેમ મોટી મોટી ફરજો પણ વિસારે પાડવાની આપણને ટેવ પડતી જાય છે. જન્મદાતા માતાપિતાની સેવા જ્યારે આપણે ભૂલી જઇએ ત્યારે આપણી જન્મભૂમિ કે જેને પણ વિદ્વજ્જનોએ માતામાં ગણાવી છે તેની સેવા કરવાને આપણે કેમ સામર્થ્ય-વંતા થઇએ? આ દેશ પરદેશવાસિયો વડે પરાજિત થયો તેનું મૂળ કારણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણામાં સ્વદેશસેવાનો અભાવ છે. આપણામાં આવા પ્રકારની પ્રીતિનો ઉદ્દભવ નથી થતો એનું કારણ એ છે કે આપણે આપણા પોતાના માતાપિતા પ્રત્યે પ્રીતિ રાખવાનું ભૂલી ગયા છીએ. જ્યાંસુધી મનુષ્યકોટિ એકબીજામાં પ્રીતિભાવ ન રાખી શકે ત્યાં સુધી તે કોઇકાળે પણ સમવિચારવાળું મંડળ બની નજ શકે. આ એક સૃષ્ટિનો સાધારણ નિયમ છે કે નાની વસ્તુઓ ઉપરથી મોટી વસ્તુઓપર જવાય છે. પ્રથમ માતા પિતા પ્રત્યે ભક્તિભાવ રાખ્યાથી સ્વદેશ ભક્તિ એની મેળેજ સ્ફુરાયમાન થવાની, આ વાતનો જીવતો દાખલો જૅપૅન પૂરો પાડે છે. તે દેશમાં એક બીજાને તાબે રહેવું એ એક દૈનિક ધર્મ મનાય છે. ત્યાંના પુરૂષો અને સ્ત્રીઓ ઘરના વડીલોને બહુ માન આપીને ચાલે છે. ચીનમાં પણ પૂજ્યભક્તિ ન્યૂન નથી. જૅપૅનીઝ લોકોમાં આવી પ્રશંસનીય રૂઢિએ સ્વદેશાભિમાનનો અને સ્વભોગનો જુસ્સો જાગૃત કર્યો છે એ પણ વિચારણીય છે.

## ગૃહસ્થાશ્રમી પુત્રોએ રાખવી જોઈતી સાવચેતી.

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનારા પુત્રોનું પ્રથમ કર્તવ્ય એ છે કે માબાપોને સંસાર ચલાવવાની ચિન્તાથી મુક્ત કરવા. તેઓને શાંતિ ( Rest ) આપવી. પોતાની બ્રહ્મચર્યાવસ્થામાં પુત્રે પોતાના શરીરથી માબાપની દરેક પ્રકારની શુશ્રૂષા કરેલી હોવી જોઇએ એ અનુસંગત સમજવું. વિદુષી બાઇ એની બિસંટ પોતાના "હિન્દુ આઇડિઅલ્સ" એ નામના પુસ્તકમાં બ્રહ્મચારી પુત્રને માટે જણાવે છે કે:-

Service to the Parents should also form part of the Brahmachari 's life; in the house he should be the help, the joy of Father and Mother and serve them with the body which they gave.

માબાપની શુશ્રૂષા એ બ્રહ્મચારીના જીવનનો એક ભાગ હોવો જોઇએ. ઘરમાં તે મા અને બાપના આનંદ અને સાહાય્યનું કારણ હોવો જોઇએ; અને તેણે તેઓએ આપેલા શરીરથકી તેમની સેવા કરવી જોઇએ.

ગૃહસ્થાશ્રમનો આરંભ કર્યા પછી પુત્રે વધુ ઉત્સાહ ધારણ કરવો ઉચિત છે; કારણ કે તેને ધર્માચરણ સહાયરૂપ એવી પોતાની પત્ની પ્રાપ્ત થઈ છે. પોતાની પત્નીને તેણે એવી રીતે સુશિક્ષિત કરવી જોઇએ કે જેથી તે સહ ધર્મચારિણીજ બને અને કદિપણ પોતાના કાર્યમાં વિઘ્નકરી ન નીવડે. તેણે જાણવું જોઇએ કે **। न स्त्री स्वातंत्र्यमर्हति ।** સ્ત્રી સ્વતંત્રતાને પાત્ર નથી. વળી તે સાવધાન હોવો જોઇએ કે પોતાની સ્ત્રીપર ગેરવ્યાજબી જુલમ ન ગુજરે. કારણ કે:—

**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥**

જ્યાં સ્ત્રીઓ પ્રસન્ન રહે છે ત્યાં સર્વ દેવતાઓ નિવાસ કરે છે. આ બધી દિશાઓ તરફ દૃષ્ટિ રાખી તેણે મધ્યમ રસ્તો કાપવો જોઇએ. કોઇ પણ વખતે માબાપને ન ગમતાં એવાં વર્તનો પુત્રે કે પુત્રવધૂએ આચરવાં નહિ; અથવા તો તેમને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાણી જોઇને ઉદ્વેગ કરાવવો નહિ; કારણકે 'આરા કેડે વારો અને સોય કેડે દોરો' એ પ્રમાણે તે પુત્ર અને પુત્રવધૂને પણ એકવાર પોતાનાજ દીકરા કે દીકરાની વહુ તરફથી એવી અશાન્તિ સહન કરવાનો સમય આવે છે. ઘણીવાર માબાપો અત્યંત સંતપ્ત થઇને અંતરશાપો આપી દે છે; કારણ કે મનુષ્યની સહનશક્તિ પર અઘટિત દબાણ થવાથી મગજનું સમતોલપણું શાંતિની, સીમા કૂદાવીને ક્રોધવશ થઇ જાય છે. એવા ક્રોધના ઉભરામાં મનુષ્ય આ વાણી જીભ્હા કે મનસ્વડે પ્રકટિત કરે છે કે "જેવાં બાવ્યાં તેવાં બળજો." પુત્રોએ બહુ સંભાળ રાખવાની છે. ગૃહસ્થાશ્રમ સુલભ થાય એમ કરવામાં ખરેખર ચાતુર્યની જરૂર છે.

ધન એક એવો પદાર્થ છે કે જે ગમે તેવા મનુષ્યના હૃદયમાં પણ થોડા કે ઘણા મદને ઉત્પન્ન કરે છે. વ્યાવહારિક પ્રસંગોમાં એની બહુ જરૂર પડે છે એ વાત ખરી; કિન્તુ એથી એવી કલ્પના કરી લેવી ઉચિત નથી કે ધનની પ્રાપ્તિમાંજ કર્તવ્યતાનો અવધિ આવી ગયો! તેજ ખરો ધની છે કે જે ધન મળવાથી જનસમાજનું હિત કરવામાં આરૂઢ રહે છે અને કર્તવ્યમૂઢતાનો એક લેશ પણ અંતરમાં સ્થાપિત કરતો નથી. પુત્રોએ કમાવાથી કે પૈસાદાર બની જવાથી, માબાપોની કિમ્મત કોઇપણ રીતે હલકી કરવી ઘટતી નથી. પૂજ્યનું મહત્ત્વ જેવું હોય છે તેવું ને તેવુંજ સર્વ સ્થાનમાં અને સર્વ સમયને વિષે રહેવું જોઇએ. પિતાએ કદાચ ગરીબ હાલતમાં દિવસો કાઢ્યા હોય અને પુત્ર પોતાના ભાગ્યયોગે એકાએક ધની થઇ બેસે એથી પુત્રે એમ કદિપણ વિચારવું નહિ કે 'મારા બાપ કરતાં મારામાં આવડત અને કામ કરવાની શકિત વધારે છે' સમયના ફેરફાર પ્રમાણે મનુષ્યોના વિચાર, કાર્યદક્ષતા અને નીતિતત્ત્વો ફરે છે. જમાના જમાનામાં બદલાતી જતી પ્રજાઓ સંભવે છે. કોઇ નવા જમાના વાળાએ જૂના જમાનાવાળા પ્રતિ તિરસ્કારની દૃષ્ટિથી જોવું કે જૂના જમાના-વાળાએ નવા જમાનાવાળાને પોતાથી અજ્ઞાન માનવો એ એક પ્રચલિત પ્રમાદ છે. સૌ સૌ પોતપોતાના જમાનામાં સારા અને યોગ્ય હોય છે. જે એકમાં નથી તે બીજામાં હોય અને જે એકમાં હોય છે તેનો બીજામાં અભાવ છે.

ગૃહસ્થાશ્રમી પુત્રોએ કમાવા માંડતા માબાપ માટે જરા પણ હલકું મત બાંધવું નહિ; પરંતુ સર્વથા તેમનો માનપુરઃસર ઘરમાં મોભો જાળવો કે જેથી સ્ત્રી, પુત્ર, નોકર ચાકર ઇત્યાદિ સર્વ તેમને ઘરના મુખ્ય માણસો તરીકે ગણે. પિતાની સ્વોપાર્જિત મિલ્કત હોય કે ન હોય તથાપિ પુત્રે સ્વકર્તવ્યમાં તત્પર રહેવું. માબાપના ધનની વાટ જોનારા કુપુત્રો અને ધન માટેજ તેઓનું બહારથી દાંભિક પૂજન કરનારા સ્વાર્થિયો ઉપકારઘાતકની સૌથી અધમ પંક્તિમાં મૂકવા યોગ્ય છે. કેટલાક ચાતુર્ય ચલાવનારા તરૂણો એમ પણ બોલતા દેખાય છે કે "અમારૂં અમારા માબાપે કર્યું શું? કંઇજ નહિ. અમારી મેળેજ અમે આગળ વધેલા છીએ. અમારા માબાપનો એમાં જરા પણ ફાળો નથી" આ શબ્દો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુપુત્રોની અધમતાના પરિદર્શક છે. દરેકે એમ અવશ્ય સમજવું જોઇએ કે પ્રત્યેક મા અગર તો બાપ યથાશકિત સ્વસંતતિમાટે કરે અને કરેજ છે. પ્રેરણાધીન પશુઓમાં, એટલુંજ નહિ પણ સૌથી પ્રાણઘાતક ગણાતી માંસાહારી તિર્યંગ્યોનિમાં પણ કુદરતે વાત્સલ્ય પ્રેમ મૂકેલો છે તો પછી માનવમંડળમાં એ પ્રેમની કેવી ગુહ્ય ગુરુતા હોવી જોઇએ એનું ઉત્તર આપવાનું કાર્ય સામાન્ય વિચારશકિતનું છે. 'સંબંધ' એ એક એવું સુંદર અને વિશિષ્ટ નિર્માણ છે કે જેની રચના જ્ઞાનસ્વરૂપ પરમેશ્વરે નિઃસીમ બુદ્ધિ પ્રયોજીને આ જગત્‌ને તેના અર્ધ ક્લેશસમુદાયથી મોકળું રાખેલું છે! જો 'સંબંધ' એના જેવી કોઇ પણ સંકલના આ સૃષ્ટિપર વિદ્યમાન ન હોત તો આ સૃષ્ટિનું અસ્તિત્વ કેટલા અલ્પકાળનું થાત? દંપતીનો, માબાપનો, સંતતિનો મિત્રભ્રાતૃાદિકનો જે સંબંધ વિશ્વકર્ત્તાએ વિવિધ રીતે માનવમંડળમાં ઉપસ્થિત કરેલો છે તેજ સંબંધના પ્રભાવથી સૃષ્ટિનો એક કનિષ્ઠ જીવ પણ એક અપૂર્વ આનંદનો અનુભવ કરવા, કરાવવા સમર્થ થાય છે. માતા પિતાનો સંબંધ સર્વ લૌકિક સંબંધોમાં સૌથી પવિત્ર અને અગ્રરૂપ છે. તેવા એક ગહન, અનાયાસ પ્રાપ્ત અને સુખાવહ સંબંધને પળ એકમાં ત્રોડી નાંખવો કે તેને છિન્નભિન્ન કરવો એ મનુષ્યની કેવડી મોટી અલ્પમતિ અને લઘુતા છે?

## કેટલીક અગત્યની ચેતવણીઓ.

કેટલાક માબાપો મરી જતાં તેઓ નાની નાની બાળકીઓ અને છોકરાઓને મૂકી જાય છે. આ શિશુઓનું લાલનપાલન કરવું એ સૌથી મોટા ભાઇનું કર્તવ્ય છે. જો તે તેમ નથી કરતો તો તે માબાપના મરતા વખતના વિશ્વાસનો ભંગ કરનારો ગણાય છે.

પુત્રે જ્યારે તે ગૃહસ્થાશ્રમ ચલાવે ત્યારે માતા કે બાપના નજીવા દોષો પ્રત્યે દુર્લક્ષ આપવું. વૃદ્ધ માતાપિતા પોતાના દીકરાના ઘરમાં બચાવ થાય એવા હેતુથી કે સાંકડી વૃત્તિથી પહેરવેશ હલકો પેહેરે, વા ઘરમાં ઝીણો ઝીણો બચાવ કરે તો તેથી પુત્રે એકદમ તપી જવું નહિ કારણ કે આખી જીંદગીના સંસ્કારોનો વિલય એમ તપી જવાથી કદિ થઇ શકતો નથી પણ સમજાવી પટાવીને કામ લેવાથી કાંઇક વાંછિત સધાય છે. આમેય વૃદ્ધત્વ એ એક પ્રકારનું બાળપણુ છે. Old age is second child hood. તેમાં કેટલાક બાલિશ આચાર વિચાર ગમે તેવા સમજુ માબાપોમાં પણ પ્રતીત થાય છે. તેઓ કોઇ કોઇ વાર સમજણ વગરનું બોલે છે. પક્ષપાત કરે છે. નાની નાની ચોરીયો કરે છે, અકારાં કરે છે ઇત્યાદિ દોષો વૃદ્ધતામાં ઉપસ્થિત થાય છે ખરા, કિન્તુ વિચારસંપન્ન પુત્રે એવા દોષોને ગણનામાં ન લેતા, અસરલ માબાપોને પણ જાળવી લેવા; અને સતત ઇશ્વર પાસે એ પ્રાર્થવું કેઃ—

**मा नो वधीः पितरं मोत मातरम् ।**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હેજગન્નિયંતા, અમારી મા તથા અમારા બાપને મારીશ નહિ. આ યજુર્વેદના સોળમાં અધ્યાયનો પંદરમો મંત્ર છે. એમાં માબાપનું દીર્ઘાયુ ઇચ્છવામાં આવેલું છે. માબાપના અસ્તિત્વથી પુત્રના સર્વે મંગળ કાર્યોને પરમ શોભા મળે છે. કાલિદાસે એ ભાવ રઘુવંશમાં દર્શાવેલ છે કે;—

मिथुनं परिकल्पितं त्वया सहकारः फलिनीच नन्विमौ ।
अविधाय विवाहसत्क्रियामनयोर्गम्यत इत्यसांप्रतम् ॥

હે પ્રિયે, આંબો અને પ્રિયંગુલતા એ બંનેને તેં એક જોડા તરીકે ગણેલા તેમના લગ્નની શુભક્રિયા કર્યા વગર તું ચાલી ગઇ તે ખોટું થયું ।

ઉક્ત શ્લોકમાં **मातृहीनानां न किंचित्सुखमस्ति ।** મા વગરનાને કંઇ પણ સુખ હોતું નથી; એ ભાવદર્શન છે.

હમેશાં માબાપની શારીર અને માનસ શાન્તિ જળવાય તેમ આચરવું. તેઓને માર મારવાથી મોટું પાતક લાગે છે. એ વિષે સત્યાર્થ પ્રકાશમાં લિખિત છે કેઃ-

**प्रथम माता मूर्तिमती पूजनीय देवता. अर्थात् संतानोंको तन मन धनसे सेवा करके माताको प्रसन्न रखना. हिंसा अर्थात् ताडना कभी नहि करना । दूसरा पिता सत्कर्तव्यदेव उसकी भी माताके समान सेवा करनी ।**

વળી એક શ્લોક આ પ્રમાણે આદેશે છે કેઃ—

आचार्यं च प्रवक्तारं मातरं पितरं गुरुम् ।
न हिंस्याद् ब्राह्मणान् गाश्च सर्वांश्चैवं तपस्विनः ॥

આચાર્ય, ઉપદેશક, માતા, પિતા, ગુરૂ, બ્રાહ્મણ, ગાય અને તપસ્વિ એટલાની હિંસા ન કરવી.

'હિંસા' એ શબ્દનો અર્થ માત્ર મારવું એટલોજ થવો ન જોઇએ. શાસ્ત્રકારોએ વાક્ કર્મ અને મનની એમ ત્રણ હિંસા ગણાવી છે. કઠોર વાણીથી માબાપોને અપ્રિય થઇ પડવું, તેઓનું મન દુઃખાવવું અને તેમને તાડન કરવું એ પ્રત્યેકમાં હિંસાનો સમાવેશ થઇ શકે છે. એથી કોઇ પણ કાળે તાડનાદિ ક્રિયાઓમાં પુત્રે પોતાના અવયવો યોજવા નહિ. કઠોર અક્ષર ઉચ્ચારવામાં પોતાની જીભ વાપરવી નહિ અને માબાપની ઇચ્છાથી વિરૂદ્ધ વર્તવામાં કોઇપણ ઇન્દ્રિયને ઉદ્ધત કરવી નહિ.

**મરતાં સુધી પણ માબાપોની સંતતિ હિત કરવાની ઉત્કટ ઇચ્છા.**

પુત્ર જન્મે છે ત્યારથી તે ભણી ગણીને કમાતા થાય છે ત્યાંસુધીજ માત્ર નહીં પણ તેઓ ગમે તેટલા ધનવાન્ વિદ્યાવાન્ અને સુખસંપત્તિવાન્ હોય તોપણ તેઓનો વિશેષ ઉદય માબાપો અહર્નિશ ઇચ્છે છે. આ જગત્‌માં માતાપિતામાંજ એક એવો વાત્સલ્ય પ્રેમ વિશ્વસ્રષ્ટાએ મૂકેલો છે કે જેનું ઝાંખું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેવું પણ દર્શન આપણને કોઇ પણ સ્થળે મળી શકતું નથી. હાય તો આખા જગત્‌ને એક સર્વોપરિ સત્તાધીશનો દ્વેષ આવે પરંતુ તે સત્તાધીશના માતાપિતા તો તેની હજી વધારે મોટી ચડતી થાય તેવોજ ભાવ હૃદયમાં રાખે છે. આ પણ વિશ્વનિયમોની અનેક ચમત્કૃતિઓની એક ચમત્કૃતિજ છે.

એક વૃદ્ધ ખેડુત અખરોટનું ઝાડ ઉગાડતો હતો અને તેના વપન વ્યવહારમાં બહુ પરિશ્રમ લેતો હતો તેવામાં એક જુવાન તેની પાસેથી પસાર થયો. બહુ લાંબે કાળે ફળ દેનારૂં એક ઝાડ, એક વૃદ્ધ મનુષ્યને હાથે ઉગાડવામાં આવતું જોઇ તે માણસ અત્યંત ચમત્કૃત થયો. તેણે તે ઝાડ ઉગાડનાર વૃદ્ધ આદમીને સવાલ કર્યો કે "હે વૃદ્ધ મનુષ્ય, આ ઝાડ તને બહુ મોડાં ફળ આપનાર છે. તું પણ હવે કેવળ વૃદ્ધ થયો છે. આ ઝાડના ફળનો તું લાભ લે એ કદિ પણ માનવા જેવું નથી; તો પછી તું આવા નિરર્થક વ્યવહારમાં કેમ મ્હેનત ઉઠાવે છે ?" આ સાંભળી તે ગરીબ ખેડુત વાંકો વળી બોલ્યો "જુવાન, હું આ ઝાડ મારે પોતાને માટે ઉગાડતો નથી; પરંતુ મારા છોકરાની જુવાનીમાં આ ઝાડ તેમને કામ આવે તેવા વિચારથી મેં આ કામ માથે લીધું છે." આ સાંભળી પેલો મનુષ્ય સાનંદ બોલ્યો, "ધન્ય છે માબાપના પ્રેમને ! છેવટ સુધી તેઓની કાળજી પોતાની પ્રજાના હિતમાંજ છે !"

પુત્ર પોતે ગમે તેવી મોટી પદવીનો ધારક હોય કે મહાન્ ધનપતિ હોય તોપણ માતા પિતાના પૂજ્ય ચરણ કમલ આગળ પોતે માત્ર રજ સમાન છે એમ સમજવું. માતપિતા કે પૂજ્ય નરો પાસેથી હમેશ મિષ્ટ અને કર્ણપ્રિય વચનો સાંભળવાની ઇચ્છા ન સેવવી કિન્તુ તેઓના તિરસ્કાર કે કડવા શબ્દોથી પણ પોતાનું મહાભાગ્ય માનવું. કારણ કેઃ—

गीर्भिर्गुरूणां परुषाक्षराभिः ।
तिरस्कृता यान्ति नरा महत्त्वम् ।
अलब्धशाणोत्कषणा नृपाणाम् ।
न जातु मौलौ मणयो वसन्ति ॥

પૂજ્ય અને વડીલ પુરૂષની કઠોર વાણી વડે તિરસ્કૃત થયેલા માણસો મહત્ત્વને પામે છે. સરાણપર ઘર્ષણ થયા વગરનાં રત્નો કદાપિ રાજાઓના મુકુટપર બેસવાને લાયક થતાં નથી.

પુત્રધર્મા પુરૂષે પ્રતિદિન સ્મરણમાં રાખવું કે आज्ञा गुरूणां ह्यविचारणीया । પૂજ્ય વડીલોની આજ્ઞાનું સત્ય તપાસવા વિચાર કરવોજ નહિ, તેઓની આજ્ઞા સત્વર અનુષ્ઠાતવ્ય છે. સત્યાસત્ય વિચારવાની મતિ અજ્ઞાન આજ્ઞાંકિતને હોતી નથી. પૂજ્યની આજ્ઞાના સંબંધમાં તેમને તેમ કરવાનો અધિકાર પણ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## કલિયુગનું કૌતુક.

કલિયુગના અનેક કૌતુકોમાં આ પણ એક ચમકાવનારો વિકાર છે કે પિતૃદ્વેષિ પુરૂષો જેટલી સાસુ સસરાની સેવા ઉઠાવે છે અને તેની મહેરબાની મેળવવા જેટલા યત્નો કરે છે તેનો એક લેશ પણ તેઓ માતાપિતાની પ્રસન્નતા લબ્ધ કરવા યોજિત કરતા નથી. પોતાની પત્નીને રાજી રાખવા, પોતાના સાસુ, સસરા, સાળા સાળીની બહુ શુશ્રૂષા કરે છે; જ્યારે માબાપ ક્યાં વસે છે, શું કરે છે, શું ખાય છે, એનું એઓને જરાપણ ભાન હોતું નથી. જો એક પાઇ માબાપ માટે ખર્ચાય તો તે તેમને કંટકની પેઠે સાલે છે અને અતુલ્ય દ્રવ્ય અનુપયોગમાં જાય તો તેને માટે જરા પણ ખેદ થતો નથી ! લોકોના સમૂહો બુમ પાડે છે કે આ દુષ્કાળ શા ? આ વ્યાધિ શા ? આ કવખતનાં મરણો શાં ? આ સંકટ શાં ? પણ વિચાર કરવો આવશ્યક છે. કારણ પરીક્ષા જરૂરની છે. એક **નાથજી** નામના કવિવરની મધ્યકાળમાં વદેલી વાણી સત્ય છે કેઃ—

**ક્યાંહાથો આવે મેહુલો, વેળા સીરે ભાઇ,**
**દુષ્ટપણું માંહે ઘણું, એણી લોકાઈ.**
**માતાપિતા માનો નહિ, સસરાશું સ્નેહ,**
**સાળા સરશી ગોઠડી, ભાઇ આંધ્યો છેહ.**
**બ્હેન અને ભાણેજરૂ, કહાં દ્રષ્ટ દીસે,**
**સાળી કેરાં છોકરાં, દીઠે મન હીસે.**
**પિતા ભુખ્યો બેશી રહે, તેહની શુધ નવ લેવી,**
**સાસુ આવે પરોહણે, તેહેને પીરસો સેવી.**
**માતા પિતા શા કામનાં, તેહેને ધાન્ય ન દીજે.**
**અન્ન વસ્ત્ર તે લોકને, આપી યશ લીજે.**
**પિતાને સાધ તે શાકની, તેહે કાંઈ ન લ્હાવો,**
**મિત્ર થઈ કો આવીઆ, મેવો ખવરાવો.**
**હુલાવો છો બેટડા, મનમાંહે હરખો,**
**એ તમશું કેહ ઢગ હસે, પોતાથી પરખો.**
**સ્ત્રીજનના આધીન થયા, વીસારી માયા,**
**તે દહાડા ક્યાં વીસર્યા, ધવરાવતી આયા.**
**ભીનાથી કોરે લઈ, પોતે ટાઢંતી,**
**મળમુત્તર તે ક્ષણ ક્ષણે, ધોઈ કાઢંતી.**
**માતા દુઃખ વેઠી ઘણું, પોષંતી તંન,**
**તુહને ગતી ન હોતી, કશી તું ખરો અચન.**
**તે તો સર્વે વીસર્યું લોકોને વળગા,**
**માતા પિતાને મુકીઆ, થયા તેથી અળગા.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લગભગ સંવત્સર ૧૬૯૨ પર થઇ ગયેલા કહેવાતા ઉક્ત કવિના વખતમાં હાલના જેવીજ વસ્તુસ્થિતિ હશે એમ યત્કિંચિત્ આભાસદર્શન ઉક્ત કાવ્ય આપણને કરાવે છે. જ્યારે પાળેલા ઢોરપર પણ આપણને દયા છુટે છે ત્યારે આપણી ઉત્પત્તિના કારણભૂત માતાપિતાઓ માટે આપણા હૃદયમાં કેવા સન્માનનો આવિર્ભાવ સ્ફુરિત થવો જોઇએ? શું તેઓની કિમ્મત પશુઓથી પણ અલ્પતર? જેમ કોઈ જ્ઞાતિના બંધારણથી વિરૂદ્ધ વર્તન કરનારને તે જ્ઞાતિ બહિષ્કૃત કરે છે તેમ માબાપનો વાત્સલ્ય પ્રેમ વિસ્મરનાર પુરૂષ પણ જ્ઞાતિનો એક સામાજિક ( Member ) થવાને અગર રહેવાને લાયકનો નથી. તે માનુષ પોતાના જનસમાજને લાંછન લગાડે છે અને તેવા નીચ નરપશુનો સમાગમ તથા સંપર્ક ઉચ્ચ આચાર વિચારના જનોએ સર્વથૈવ ત્યક્ત કરવો જોઇએ. કારણ કેઃ—

स्पर्शः स्याद्यदि कस्यापि मातापितृविद्रोहिणः ।
सचैलं विहितं स्नानं चांडालात्सोऽधमो नरः ॥

જો કોઇ માતાપિતાનો દ્રોહ કરનાર પુરૂષ અડી જાય તો વસ્ત્રસહિત ન્હાઇ લેવું કારણકે તે પુરૂષ ચાંડાળ કરતાં પણ અધમ છે.

વિચાર કરતાં જણાશે કે પિતૃદ્વિટ્ પુરૂષને કેવા અધમ મનુષ્યની કોટિમાં મૂકવામાં આવ્યો છે. આ ગ્રંથના આરંભમાં વદાયું તેમ આ સર્વ દોષ આપણી પ્રચલિત શિક્ષણ પદ્ધતિનોજ છે. જો પૂર્વકાલની પરિપાટીપર આર્યગુરૂકુલો આપણે સ્થાપીશું, જો તે ગુરૂકુલોમાં આપણી સંતતિ ધાર્મિક અધ્યયન કરશે તો સત્વર આપણી ઉચ્ચ પરિભાવનાઓ સિદ્ધ થતાં શ્રી રામચન્દ્રજી જેવા આજ્ઞા પાલક પુત્રો આ દિવ્ય ભૂમિમાં પ્રકટિત થશે અને ભગવત્પ્રસાદની પ્રાપ્તિ સાથે આ દીર્ઘકાળથી સંતપ્ત ભરતવાટિકા વિવિધ ગુણપ્રસૂનયુક્ત દેવવૃક્ષથી દીપી નીકળશે. સાંપ્રતસમયમાં આપણા બાલક બાલિકાઓને અપાતું વિદ્યાદાન સામાજીક ઉન્નતિ કરવાને બદલે અપકૃષ્ટ દશા દેખાડતું રહ્યું છે તેનું વાસ્તવિક કારણ ધાર્મિક પઠનનો અભાવ છે. પૂર્વકાલીન સદ્ગુરૂઓ અને વિશિષ્ટ ધર્મપ્રચારકો જે જે રીતે જનસમૂહનું અજ્ઞાનછેદન કરતા હતા તે તે રીતોમાં તેઓએ સારભૂત ધાર્મિક શિક્ષણને પ્રથમ મહત્તા આપેલી હતી. તેઓનો એ દૃઢ નિશ્ચય હતો કે ધાર્મિક વિદ્યા પામેલા આર્ય બાળકો સંસારમાં સુલભ સફળતા પ્રાપ્ત કરશે અને તેઓએ સિદ્ધ પણ કરી આપ્યું હતું કે એજ ઉત્તમ વિદ્યાની પ્રણાલીના પ્રભાવે તેઓ આ દેશમાં પરમપુરૂષાર્થ સાધક મહાત્માઓ ઉત્પન્ન કરવાને સમર્થ થયા હતા. તેઓ આ રહસ્યના યથાર્થ જ્ઞાતા હતા કેઃ—

सुजीर्णमन्नं सुविचक्षणः सुतः ।
सुशासिता स्त्री नृपतिः सुसेवितः ।
सुचिन्त्यचोक्तं सुविचार्य यत्कृतम् ।
सुदीर्घकालेऽपि न याति विक्रियाम् ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૂનું અન્ન, વિદ્વાન પુત્ર, સારી રીતે કેળવાયેલી સ્ત્રી, સમ્યક્ સેવા કરાયલો રાજા, ' ચિંતન" કરીને બોલાયલું વચન અને સુષ્ઠુ વિચાર કરી આરંભેલું કાર્ય એ ગમે તેટલા લાંબા કાળે પણ વિકારને પામતા નથી.

જે પુત્રમાં વિચક્ષણતા છે તે 'પુત્ર' નામને અક્ષરશઃ યોગ્ય છે. એ શોભન વિચક્ષણતાની પરિપક્વ સ્થિતિ સુપુત્રને ભૂષણરૂપ છે. એ શોભન વિચક્ષણતા આર્ય સંતતિની ઉદ્ધાર નિઃસરણિનું પહેલું ઉદય દર્શક અને ઉત્સાહ પ્રેરક પગથીઉં છે. એ પગથિયા પર પગ ઠેરવીને પાદપ્રસાર કરવાથી આર્યપુત્રના ધર્મતત્ત્વનું સ્થૈર્ય બંધાશે કે જે અનેક ગહન અર્થોની ઉપલબ્ધિમાં સદૈવ અગ્રસ્થાયી છે.

વાચક! મને ખબર છે કે તું કોઇક માબાપનો પુત્ર છો! આટલા પૃષ્ઠ વાચ્યા પછી સ્મૃતિપથમાં જો એક પણ શબ્દે વાસ કર્યો ન હોય તો અંતમાં એટલીજ વિજ્ઞપ્તિ છે કે નીચેના શબ્દો અહરહઃ ઉચ્ચારતો રહેજે:—

**" हे कल्याणनी इच्छा करनार पुत्र ! मातापिताना दोष जोवानी उत्कण्ठा कदि धरावतोज नहि—कारणके एमणे तारी बाल्यावस्थाना दोष जोया हत तो तुं उछरीने मोटो पण थयो न हत. हुं तने फरीथी कहुं छुं के तारा मातपिताना दोष जोवामां तुं आंधळो थजे अने तेना गुण जोवामां तारी बेय आंखो निरंतर उघाडी राखजे "**

અને સાથે સાથે આ ગાજે કે:—

**" थोडा दिननो ल्हावो जीवन, लइ ले कष्ट सहीने ।**
**पूर्ववृत्तने पुनः स्मरणमां, लाव तुं घृणा ग्रहीने;**
**तारो श्रेयोनिधि उघड्यो—हीरलो अमूल्य हाथ चड्यो. "**

**इति.**



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## मातापितृस्तोत्रम् * ।

मा तात पातकशतप्रतिघातहेतोः ।
शातातपाद्यभिमतं व्रतमातनिष्ठाः ॥
भक्त्या निधेहि सकृदेव निजोत्तमांगे ।
मातुःपितुश्च पदरेणुमणुप्रमाणम् ॥

હે બાપુ! સેંકડો પાપના નિવારણાર્થે શાતાતપ આદિએ કહેલું તું વ્રત આચરીશ મા. માત્ર એકજ વખત ભક્તિભાવથી તારા મસ્તકપર માતા અને પિતાના પગ મૂક.

### પુત્રના ઉદ્‌ગાર.

धिक्कारितस्य विबुधैर्हसितस्य लोकैः ।
जुष्टस्य पातकशतैः कितवैः स्तुतस्य ।
त्यक्तस्य तीर्थनिवहैर्ग्लपितस्य दुःखैः ।
कौटुम्बिकैः सखिजनैश्च बहिष्कृतस्य ॥
क्लिष्टस्य दुःखनिवहैः क्षपितस्य रोगैः ।
तापैस्त्रिभिः प्रतिदिनं कवलीकृतस्य ।
दुश्चेष्टितस्य मम निःशरणस्य माता ।
पित्रोर्निसर्गकरुणाशरणं नचान्यत् ॥

મને વિબુધ લોકોએ ધિક્કારી કાઢયો છે. લોકોએ હસી કાઢયો છે. સેંકડો પાતક વળગાવેલાં છે. ખલ લોકોએ મારી સ્તુતિ કરી છે. પવિત્ર વડે ત્યજાયો છું. દુઃખમાં ઘેરાઇ ગયો છું. સગાં અને મિત્રોએ દૂર કર્યો છે. રોગોથી ક્ષીણ થઇ ગયો છું. ત્રિવિધ તાપથી અહર્નિશ દગ્ધ છું. ખરાબ આચરણવાળો છું. આવા મારા જેવા અશરણને માતાપિતાની સ્વાભાવિક કરુણા વિના બીજું કોઇ શરણ નથી.

### કુપુત્રનો પશ્ચાત્તાપ.

आकैशोरमतीवचापलवशाद्वैयात्यतो यौवने ।
वृद्धत्वे सुतदारसक्तिवशतः सर्वत्र दुःसंगतः ।
हे मातापितरौ मया न विहितं शुश्रूषणं क्वापि वां ।
तद् बद्धांजलिरर्थये सविनयं क्षम्यो ममागोगणः ॥

---

* 'સંસ્કૃત ચન્દ્રિકા' નામના એક પત્રના એકાદશ ખંડની નવમસંખ્યામાંથી કંઇક અલ્પ ફેરફાર સાથે ઉદ્ધૃત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હે માતાપિતા! બાલ્યાવસ્થામાં ચંચળતાને લીધે, યૌવનમાં નિર્લજ્જતાને લીધે, વૃદ્ધત્વમાં બાઇડી છોકરાની અનુરક્તિને લીધે અને બધે દુષ્ટ સંગને લીધે મેં તમારી સેવા કીધી નથી; તેથી બે હાથ જોડી હું સવિનય યાચું છું કે મારા પાપસમુદાયમાટે, મને ક્ષમા કરો.

**ગ્રન્થકર્તાનું માતાપિતાને વન્દન.**

**येषां पदाम्बुज रजः प्रणतेन मूर्ध्ना ।**
**धृत्वैव बोधलवमर्हति मादृशोऽपि ।**
**वात्सल्यविस्मृतमदीयमहागसस्तान् ।**
**वन्देऽ हमद्य मम दुर्लभमूतातपादान् ।**
**याऽग्रेसरत्वमयते स्म दयावतीनाम् ।**
**सीमां च याश्नुति परां स्म पतिव्रतानाम् ।**
**मद्बाल्य एव परलोकमुपेयुषीं तां ।**
**कुशलिनीमहं स्वजननीं प्रणतोस्मि मूर्ध्ना ।**

જે ચરણકમળમાં શિરસા પ્રણામ કરવાથી મારા જેવો પણ બોધને યોગ્ય થાય છે, જેણે પુત્ર પ્રેમથી મારાં મહાપાપને પણ વિસ્મરી મૂક્યાં છે તે મારા '**દુર્લભ**' તાતપાદને હું આજે વંદું છું.

જે દયાળુ સ્ત્રીયોમાં અગ્રેસરરૂપ હતી, જે પાતિવ્રત્ય આત્યંતિક સ્વરૂપને પામી હતી અને જે મારા કૌમારમાં સ્વર્ગત થઇ હતી તે મારા '**કુશલિની**' માતાને હું શિરસા પ્રણામ કરૂં છું.

**ॐ शान्तिः शान्तिः शान्तिः**



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## આધુનિક યુવકનોકર્તવ્યોદ્દેશ.

[ પઠિતવ્ય-સ્મર્તવ્ય ]

૧. બોલવામાં નમ્ર થાઓ.

૨. પારકી સ્રીયોના દર્શન કરવામાં અંધ બનો. રસ્તે અધ્યાપક, ગુરૂ, પૂજ્ય કે પાલકને મળો તો નમસ્કાર કરજો.

૩. રસ્તે ચાલતાં બાળક, સ્રી, પૂજ્ય અને વૃદ્ધને માર્ગ આપજો.

૪. વસ્ત્ર સ્વચ્છ રાખજો. જો તે શુદ્ધ માત્ર હોય તો બસ છે, સુંદર કે સુશોભિત હોવાની જરૂર નથી. સ્વદેશીય વસ્ત્ર અવશ્ય વાપરજો.

૫. શરીર સ્વચ્છ રાખજો. હાથ, મુખ અને પગને ભોજન સમયે પ્રક્ષાલિત કરવાં. મનસ્‌ની વિશુદ્ધતા પણ સાથે જાળવવી.

૬. તાબે થવા લાયકને એકદમ તાબે થજો. બીજી વખત એકજ ભૂલ ન થાય તેવું વર્તન આરંભજો.

૭. અન્ય પાસેથી જેવું વર્તન ઇચ્છો તેવું વર્તન તમે તેઓ પ્રત્યે પ્રથમ આચરો.

૮. કોઇની લાગણી ન દુઃખવતા. હાસ્ય નજ કરવું. હાસ્ય વશ ન થઇ શકે તો સ્મિતની ટેવ પાડવી.

૯. દયા અને નમ્રતા ધારણ કરો. અવિનયથી ભાષણ કયાંય ન કરતા. અવિનય વર્તન વિશેષ હાનિકર થશે.

૧૦. સોગન ખાવાજ નહિ. એ જંગલી અને ગ્રામ્ય વર્તન છે. જે મિથ્યા ભાષણ કરે તેના ભાષણમાં ભેળાતા નહિ. અર્થ વગરનું કે અનુપયુક્ત વચન ઉચ્ચારવું એ એક પ્રકારનું વાક્‌પાપ છે. નિંદા કરતાં નિદ્રા સુખતર છે. અપશબ્દો ત્યાગજો.

૧૧. દરેક વસ્તુને માટે એલાયદી જગા રાખવી અને તે તે સ્થાનમાં તે વસ્તુ ગોઠવવું.

૧૨. ખરાબ સંગતમાં હોવા કરતાં એકલા રહેજો.

૧૩. જે સત્ય છે તે સત્ય ધારીનેજ કરવું. ફરજ બજાવવામાં બદલાની આશા કરવી એ અપરાધ સમજજો.

૧૪. બધે સ્થળે મદદગાર થાઓ; પ્રથમ ઘરનાં કાર્યો કરી, પછી.

૧૫. નિયત સમયે અમુક કાર્ય કરજો. તમારૂં જે કામ હોય તેમાં શ્રેષ્ઠ બનો. તમારૂં કામ તમારાપર રાજ્ય કરે એમ થવા ન દેતા. તમે તેનાપર રાજ્ય કરો એવી શક્તિ ધરાવો. સૌથી ક્ષુદ્ર કર્તવ્ય પણ સારા રૂપમાં અને સમ્પૂર્ણતામાં બતાવજો. જે કંઇ પણ કરવું તે સારૂંજ કરવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૬. સત્ય બોલો; સર્વ વખતે, સર્વ સ્થળે અને સર્વ પ્રત્યે. સત્ય એ ધૈર્ય છે. અસત્ય એ હીચકારાપણું કે નપુંસકતા છે. તમારૂં ભાષણ શંકોત્પાદક ન હોવું જોઇએ. અસત્ય બોલનાર વખતે સાચું બોલે તોપણ તેનું કથન માનવામાં આવતું નથી.

૧૭. સંપત્તિ કરતાં સંતોષ સારો છે. ઝુંપડામાં સંતોષ રાખવો એ મહેલમાં સચિંત વસવું એના કરતાં હજાર દરજ્જે શ્રેયસ્કર છે.

૧૮. લોભ એ પાપનું મૂળ છે. તમારા પોતાના માટે જેટલા તત્પર છો તેટલાજ સ્વદેશ બંધુને માટે તત્પર બનો.

૧૯. માતાપિતાને માન આપજો. સર્વદા, સોત્સાહ અને ત્વરિત તેઓની આજ્ઞા પાળો.

૨૦. સહૃદય થઇ ઇશ્વર ભકિત રાખો; સમચિત્ત થાઓ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com